# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
બોલિવૂડ એક્ટ્રેસ માધુરી દીક્ષિતએક રિવિલિંગ બ્લેક ડ્રેસમાં જોવા મળી ....

પેજ-09
IPLમાં નવો રેકોર્ડ સ્થાપ્યો 96 રન બનાવી વૈભવ રડ્યો ફાઈનલનું સપનું રોળાયું



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 30.00 |
| વડોદરા | 39.00 | 30.00 |
| સુરત | 35.00 | 29.00 |

પેજ 5



SHM ગ્રુપે મુંબઈ યાર્ડમાં 29 મીટરનું એલ્યુમિનિયમ પેસેન્જર ક્રાફ્ટ....


31 MAY-2026 SUNDAY


યુએન સન્માનિત અભિલાષા બરાક સહિત બે શહીદો....



પેજ 10

.....સુવિચાર.....
સ્માઈલ કર્યા વગર તો સેલ્ફી પણ બગડી જાય છે, આતો જિંદગી છે, સાહેબ બસ હસતાં રહો


વર્ષ-15 । અંક-199 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# પંજાબ સરકારનો ઐતિહાસિક નિર્ણય: પંજાબમાં 65,048 આઉટસોર્સ્ડ કર્મચારીઓના નસીબ ખુલ્યા

## કરાર પ્રણાલી નાબૂદ, હજારોને મળશે નિયમિત નોકરીની આશા

(એજન્સી) પંજાબ । તા. 30

પંજાબ સરકારે એક નિર્ણય લીધો છે જે તેના કર્મચારીઓને નોંધપાત્ર રાહત આપે છે. મુખ્યમંત્રી ભગવંત માનની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક દરમિયાન, ગ્રુપ સી અને ગ્રુપ ડી શ્રેણીની નોકરીઓ માટે કરાર પ્રણાલી નાબૂદ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. સરકાર ભારપૂર્વક જણાવે છે કે આ નિર્ણયથી હજારો આઉટસોર્સ્ડ અને કામચલાઉ કર્મચારીઓને સીધો ફાયદો થશે, અને ભવિષ્યમાં આ શ્રેણીઓમાં નિયમિત ભરતીને પ્રાથમિકતા આપવામાં આવશે.કેબિનેટ બેઠક બાદ, મુખ્યમંત્રી ભગવંત માનએ જાહેરાત કરી કે સરકાર 'પંજાબ આઉટસોર્સ્ડ પર્સનલ બિલ-2026' રજૂ કરવાનો ઈરાદો ધરાવે છે. આ કાયદા દ્વારા, લાંબા સમયથી સેવાઓ આપી રહેલા આઉટસોર્સ્ડ કર્મચારીઓને સરકારના વહીવટી માળખાના દાયરામાં લાવવામાં આવશે.



### 65,000 કર્મચારીઓને લાભ

નવી જોગવાઈઓથી 51 સરકારી વિભાગોમાં કાર્યરત 65,048 આઉટસોર્સ્ડ કર્મચારીઓને લાભ થશે. આમાં ફાયર ફાઈટર, લાઈનમેન, ફરિયાદ નિવારણ સ્ટાફ અને ગટર કામદારો જેવા જોખમી કાર્યોમાં રોકાયેલા કર્મચારીઓનો સમાવેશ થાય છે. જો આવા કર્મચારીઓએ ત્રણ વર્ષની સેવા પૂર્ણ કરી હોય, તો તેમને સીધા જ સરકારની કરાર પ્રણાલીમાં સામેલ કરવામાં આવશે.

## ત્રણેય સેનાઓ ભવિષ્યનાં યુદ્ધ માટે 24 કલાક તૈયારી કરી રહી છે, હાલ માત્ર યુદ્ધવિરામ

# આર્મી ચીફે કહ્યું- ભારત ઓપરેશન સિંદૂર 2.0ની તૈયારીમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂર હજી સમાપ્ત થયું નથી. હાલમાં ફક્ત યુદ્ધવિરામ જેવી સ્થિતિ છે. જો જરૂર પડશે તો ત્રણેય સેનાઓ 'ઓપરેશન સિંદૂર 2.0' માટે સંપૂર્ણપણે તૈયાર છે.

આર્મી ચીફે કહ્યું કે ઓપરેશન સિંદૂરે એક બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે કે ભારત ઉશ્કેરણી પર કેવી રીતે જવાબ આપે છે. કેડેટ્સે પોતાની સૈન્ય કારકિર્દીની શરૂઆતથી જ તેને જાળવી રાખવું જોઈએ.

આર્મી ચીફ શનિવારે પુણેના ખડકવાસલામાં રાષ્ટ્રીય રક્ષા અકાદમી (NDA)ની 150મી પાસિંગ આઉટ પરેડમાં સામેલ થયા. રિવ્યુઈંગ ઓફિસર તરીકે તેમણે 355 કેડેટ અધિકારીઓની પરેડની સલામી લીધી.

આ દરમિયાન કેડેટ્સે માર્ચ પાસ્ટ કર્યું. ફ્લાયપાસ્ટમાં Su-30 MKI લડાકુ વિમાન, ચેતક હેલિકોપ્ટર, સારંગ હેલિકોપ્ટર એરોબેટિક્સ ટીમ અને આકાશગંગા સ્કાયડાઈવિંગ ટીમે ભાગ લીધો.



### સેના પ્રમુખના નવા અધિકારીઓને સંદેશ

- આધુનિક યુદ્ધ સંપૂર્ણપણે પારદર્શક બની ગયું છે. 24 કલાક દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવે છે. આવી સ્થિતિમાં સૈનિકોની તૈનાતી, ઓપરેશન અને સરહદી વિસ્તારમાં નાગરિકોની સુરક્ષાને લઈને ખૂબ જ સતર્ક રહેવાની જરૂર છે.
- માહિતી યુદ્ધ ત્યારે જ જીતી શકાય છે જ્યારે દેશના લોકો માહિતી આપતી સંસ્થાઓ પર ભરોસો કરે. જે દેશના નાગરિકો અને સંસ્થાઓ એકબીજા પર વિશ્વાસ કરે છે, તે દેશ હંમેશા મજબૂત સ્થિતિમાં રહે છે.

### દ્વિવેદી બોલ્યા- ભવિષ્યમાં યુદ્ધ આધુનિક તકનીકી ક્ષેત્રોમાં પણ લડાશે

જનરલ દ્વિવેદીએ કહ્યું કે ભવિષ્યના યુદ્ધો ફક્ત જમીન, હવા અને સમુદ્ર સુધી સીમિત નહીં રહે, પરંતુ સાયબર, અંતરિક્ષ અને અન્ય આધુનિક તકનીકી ક્ષેત્રોમાં પણ લડાશે. સેના પ્રમુખે જણાવ્યું કે ભારતીય સેના 'ડિકેડ ઓફ ટ્રાન્સફોર્મેશન' પહેલ હેઠળ પોતાને ભવિષ્યના પડકારો માટે તૈયાર કરી રહી છે. આ અંતર્ગત નવી તકનીકો અને આધુનિક સૈન્ય માળખાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.



# વિનેશ ફોગટનો એશિયન ગેમ્સ ટ્રાયલ

(એજન્સી) પાણીપત । તા. 30

ઓલિમ્પિયન રેસલર વિનેશ ફોગટ એશિયન ગેમ્સ ટ્રાયલ માટે દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ પહોંચી ગઈ છે. વિનેશ 53 કિલો વેટ કેટેગરીમાં હરિયાણાની જ જ્યોતિ સિહાગ સામે ફાઈટ કરશે. સ્ટેડિયમમાં એન્ટ્રી બાબતે સવારે વિનેશ અને તેના પતિ સોમવીર રાઠીની સુરક્ષાકર્મીઓ સાથે બોલાચાલી થઈ. જોકે, બાદમાં તેમને એન્ટ્રી આપવામાં આવી.

ટ્રાયલ પહેલાં વજન કરવા દરમિયાન તેને 50 કિલો વેટ કેટેગરીમાં સામેલ કરવામાં આવી, વિનેશે જ્યારે તેનો વિરોધ કરતા કહ્યું કે- તેમને પોતાની પસંદના વેટ કેટેગરીમાં ભાગ લેવો છે. આ પછી WFI (રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા) અધ્યક્ષ સંજય સિંહના હસ્તક્ષેપ બાદ 53 કિલોમાં તેમનું વજન થયું.

મેટ પર વોર્મઅપ કરતા પણ તેની કેટલીક તસવીરો સામે આવી છે. પોતાના કોચ અને સપોર્ટ સ્ટાફ સાથે પણ તેમણે રણનીતિ બનાવી. વિનેશે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે હવે કોઈના પર વિશ્વાસ નથી. પોતાનું ખાવાનું પણ સાથે લઈને આવી છું.

## એરપોર્ટથી સીધા પહોંચ્યા, ડાયના બેન્ચ પર ફોટો પડાવ્યો; ગાઈડને સવાલો કર્યા

# ટ્રમ્પની દીકરી ટિફનીએ પતિ સાથે તાજમહેલ જોયો

(એજન્સી) આગરા । તા. 30

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ટિફની તેમના પતિ માઈકલ બાઉલોસ સાથે શનિવારે આગ્રા પહોંચ્યા. તેમનું ચાર્ટર્ડ વિમાન સવારે 11.30 વાગ્યે ખેરીયા એરપોર્ટ પર ઉતર્યું. અહીંથી તેમનો કાફલો સીધો તાજમહેલ પહોંચ્યો. ગોલ્ફ કાર્ટમાં બેસીને ટિફની અને માઈકલ તાજમહેલ પરિસરમાં દાખલ થયા. તેમની સાથે ભારતમાં અમેરિકી રાજદૂત સર્જિયો ગોર



અને ગાઈડ રમેશ ધવન હાજર હતા. ટિફનીએ તાજમહેલ જોઈને ગાઈડ રમેશને ઘણા સવાલો કર્યા. રમેશે તેમને તાજમહેલના ઈતિહાસ વિશે વિગતવાર જણાવ્યું. ત્યારબાદ ટિફની અને માઈકલ ડાયના બેન્ચ પાસે પહોંચ્યા. એકબીજાનો હાથ પકડીને તસવીરો ખેંચાવી. બંનેએ અલગ-અલગ પોઝમાં ફોટા ક્લિક કરાવ્યા. બંનેએ લગભગ દોઢ કલાક સુધી તાજમહેલ જોયો. ત્યારબાદ ટિફની અને માઈકલ હોટેલ અમર વિલાસ પેલેસ જવા રવાના થયા. અહીં ટિફની જે રૂમમાં રોકાયા છે, ત્યાંથી તાજમહેલ એકદમ સ્પષ્ટ દેખાય છે. લંચ પછી ટિફની થોડીવાર આરામ કરશે. સાંજે ચાર્ટર્ડ પ્લેનથી રાજસ્થાનના જેસલમેર માટે રવાના થશે.

## દિલ્હીના મહરોલીમાં મોટી દુર્ઘટના, પાંચ માળની બિલ્ડિંગ ધરાશાયી, અનેક લોકો દટાયા હોવાની આશંકા

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

સાઉથ દિલ્હીના મહરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક મોટી દુર્ઘટના સર્જાઇ છે. અહીં સૈદુલાજાબમાં એક પાંચ માળની બિલ્ડિંગ અચાનક ધરાશાયી થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. આ દુર્ઘટનામાં ઘણા લોકો કાટમાળ નીચે દબાયેલા હોવાની આશંકા છે. ઘટના સ્થળ પર તાત્કાલિક બચાવ દળોની ટીમો પહોંચી છે. અને લોકોને સુરક્ષિત બહાર કાઢવા મોટાપાયે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું છે. મહરોલીના સાકેત વિસ્તારમાં અચાનક આ દુર્ઘટના સર્જાઇ હતી. સ્થાનિક લોકોના દાવા મુજબ કાટમાળમાં અનેક લોકો દબાયા હોવાની આશંકા છે. અત્યાર સુધીમાં કુલ પાંચ લોકોને રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યા છે, અને તેમણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણકારી પ્રશાસનને સાંજે 7:45 મળી હતી જે બાદ યુદ્ધના ધોરણે રેસ્ક્યૂનું કામ ઉપાડવામાં આવ્યું છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર એક કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ ચાલી રહ્યું હતું. ઉપરના માળ પર બાંધકામનું કામ ચાલુ હતું, એટલે કે બિલ્ડિંગ હજુ સંપૂર્ણ રીતે બનીને તૈયાર થઈ ન હતી. એવી આશંકા છે કે અકસ્માત સમયે કોચિંગમાં કેટલાક વિદ્યાર્થીઓ હાજર હતા.

## મહિલાઓમાં સ્થૂળતા 7% વધી; 96.5% ઘર સુધી સ્વચ્છ પાણી પહોંચ્યું

# દેશમાં ઘરેલું હિંસાનો દર 29.2% થી ઘટીને 22.3% થયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે 2023-24 (NFHS-6) નો રિપોર્ટ શુક્રવારે જાહેર કરવામાં આવ્યો. રિપોર્ટ અનુસાર, મહિલાઓમાં સ્થૂળતા વર્ષ 2019-21 ની સરખામણીમાં 7% વધી ગઈ.

દેશમાં ઘરેલું હિંસાનો દર 29.2% થી ઘટીને 22.3% પર આવી ગયો છે. જ્યારે, બાળ લગ્નનો કુલ આંકડો 23.3% થી ઘટીને 20.1% રહ્યો છે. કામ કરતી મહિલાઓ 30.8% સુધી પહોંચી ગઈ, જે પહેલા 25.4% હતી. જ્યારે, ખાનગી હોસ્પિટલોમાં થતી સિઝેરિયન ડિલિવરી 54.1% ના રેકોર્ડ સ્તરે છે. શરૂઆતના 6 મહિના સુધી શિશુઓને 'માત્ર સ્તનપાન' કરાવવાનો દર 63.7% થી ઘટીને 55.8% પર આવી ગયો છે.

98.3% ઘરોમાં વીજળી અને 96.5% ઘરોમાં સ્વચ્છ પાણી પહોંચી ગયું છે. મહિલાઓમાં ઈન્ટરનેટનો ઉપયોગ બમણો થઈને 64.3% પર પહોંચી ગયો છે.

### 18.8% મહિલાઓ પાસે જમીનનો માલિકી હક

દેશમાં હવે કુલ 18.8% પરિવારોમાં મહિલાઓ પાસે મકાન કે જમીનનો માલિકી હક છે. શહેરોમાં 18.2% અને ગ્રામીણ વિસ્તારોમાં 19.1%. જ્યારે અગાઉના (2021) સર્વેમાં આ ફક્ત 14.0% હતું. પરંતુ પરિવાર નિયોજનની આધુનિક પદ્ધતિઓ (જેમ કે ગોળી, કોન્ડોમ, નસબંધી) અપનાવતી મહિલાઓની સંખ્યામાં ઘટાડો થયો છે અને તે અગાઉના સર્વેના 56.4% થી ઘટીને હવે કુલ 52.7% થઈ ગઈ છે.

### કુપોષિત બાળકોમાં ઠીંગણાપણું ઘટ્યું

2021ના સર્વેમાં કુપોષિત બાળકોમાં ઠીંગણાપણાનો આંકડો 35.5% હતો, જે હવે ઘટીને 29.3% પર આવી ગયો છે. બાળકોની લંબાઈમાં આવેલો આ 6.2 ટકા પોઈન્ટનો સુધારો એક ખૂબ મોટી અને સકારાત્મક રાહત છે. 6 મહિનાથી 2 વર્ષ સુધીના ફક્ત 15.3% બાળકોને જ યોગ્ય અને સંતુલિત આહાર મળી રહ્યો છે. એટલે કે 85% બાળકોને જરૂરી પોષણ મળી રહ્યું નથી.

### બિહારમાં વૈવાહિક હિંસા સૌથી વધુ

બાળ લગ્નમાં કેરળ 2.9% કેસો સાથે સૌથી સુરક્ષિત રાજ્ય છે, જ્યારે પશ્ચિમ બંગાળ (36.4%) અને બિહાર (34.6%)માં તેના સૌથી વધુ કેસ છે. વૈવાહિક હિંસાના કિસ્સામાં હિમાચલ પ્રદેશ 4.3% સાથે સૌથી સુરક્ષિત છે, જ્યારે બિહારમાં સ્થિતિ સૌથી ખરાબ છે જ્યાં 36.1% મહિલાઓને તેનો સામનો કરવો પડે છે. જ્યારે સ્થૂળતાની સમસ્યા આંધ્ર પ્રદેશ (48%), સિક્કિમ (48%) અને કેરળ (46.7%)ની મહિલાઓમાં સૌથી વધુ છે, જ્યારે મેઘાલય (13.8%) અને ઝારખંડ (16.9%)માં આ સમસ્યા સૌથી ઓછી જોવા મળી છે.

# શિવકુમારને નેતા તરીકે પસંદ કરી શકાય છે

## 1 જૂને શપથ શક્ય; CM સિદ્ધારમૈયાએ રાજીનામું આપી દીધું

(એજન્સી) કર્ણાટક । તા. 30

કર્ણાટકમાં આજે સાંજે 4 વાગ્યે ધારાસભ્ય દળની બેઠક યોજાશે. ડેપ્યુટી CM ડીકે શિવકુમારને નેતા તરીકે પસંદ કરવામાં આવી શકે છે. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, ડીકે 1 જૂને નવા મંત્રીઓ સાથે CM પદના શપથ લઈ શકે છે. 4 ડેપ્યુટી CM પણ બનાવવામાં આવી શકે છે.

CM સિદ્ધારમૈયાએ 28 મેના રોજ રાજીનામું આપ્યું હતું. રાજીનામું આપ્યાના એક દિવસ પછી જ સિદ્ધારમૈયા શુક્રવારે દિલ્હી પહોંચ્યા. અહીં તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે મુલાકાત કરી. સૂત્રો મુજબ 4 કે 5 જૂને નવી સરકારના શપથ ગ્રહણ થઈ શકે છે. મુખ્યમંત્રીની સાથે કેબિનેટ પણ બદલાશે. વર્તમાન કેબિનેટમાંથી 10 મંત્રીઓને હટાવી શકાય છે. શિવકુમાર કેબિનેટમાં સિદ્ધારમૈયા અને મલ્લિકાર્જુન ખડગેના પુત્રો પણ સામેલ થશે.

આ પહેલો પ્રસંગ નથી કે કોઈ રાજ્યમાં એકસાથે આટલા ડેપ્યુટી સીએમ બનાવવામાં આવશે. આ પહેલા 2019માં આંધ્ર પ્રદેશના પૂર્વ CM જગન મોહને 5 ડેપ્યુટી સીએમ સાથે શપથ લીધા હતા.

ડેપ્યુટી સીએમ શિવકુમારના જ્યોતિષી દ્વારકાનાથ ગુરુજીએ ભવિષ્યવાણી કરી છે કે શિવકુમાર લાંબા સમય સુધી સીએમ રહેશે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું- મેં શિવકુમારને શપથ માટે 31 મે, 5 જૂન અને 6 જૂનની તારીખો આપી છે. તેમણે એમ પણ કહ્યું કે શિવકુમાર 2028ની વિધાનસભા ચૂંટણીઓ પછી સત્તામાં પાછા ફરશે.

જ્યોતિષીએ કહ્યું કે, તેઓ કોઈ એક દિવસના મુખ્યમંત્રી કે એક વખતના CM નથી. તેઓ લાંબા સમય સુધી આ પદ પર રહેશે. તેમની કુંડળી ખૂબ સારી છે. તેઓ કર્ણાટક માટે લાંબા સમય સુધી કામ કરશે.

# ટ્વિશા કેસ-ધરપકડ કરાયેલા નિવૃત્ત જજનો છેલ્લો ચુકાદો ચર્ચામાં

## ફૈઝ કુરેશી હત્યા કેસમાં આરોપી નિર્દોષ છૂટ્યા; કોર્ટે કહ્યું- FSL રિપોર્ટથી સંડોવણી સાબિત થઈ નથી

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

એક્ટ્રેસ અને મોડેલ ટ્વિશા શર્માના મૃત્યુ કેસમાં સીબીઆઈની કાર્યવાહી બાદ નિવૃત્ત જજ ગિરિબાલા સિંહ ફરી એકવાર ચર્ચામાં છે. શુક્રવારે સીબીઆઈએ ગિરિબાલા સિંહ અને તેમના પુત્ર સમર્થ સિંહને સ્પેશિયલ કોર્ટમાં રજૂ કર્યા. તપાસ એજન્સીએ બંનેના પાંચ-પાંચ દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરી, જેને કોર્ટે મંજૂર કર્યા હતા.

ધરપકડ બાદ હવે ગિરિબાલા સિંહની ન્યાયિક કારકિર્દીના છેલ્લા ચુકાદાની પણ ચર્ચા તેજ બની છે. આ નિર્ણય ભોપાલના તલૈયા પોલીસ સ્ટેશન વિસ્તારના ચર્ચિત ફૈઝ કુરેશી હત્યાકાંડ સાથે સંકળાયેલો હતો, જેમાં કોર્ટે આરોપી શફીક કુરેશીને શંકાનો લાભ આપતા નિર્દોષ છોડી મૂક્યા હતા.

ગિરિબાલા સિંહે 13 ફેબ્રુઆરી 2023ના રોજ આ ચુકાદો સંભળાવ્યો હતો. પોતાના



પુરાવા અને FSL રિપોર્ટ આરોપીની સંડોવણીને સ્પષ્ટપણે પ્રમાણિત કરી શક્યા નથી.

કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષને મોટો ઝટકો ત્યારે લાગ્યો, જ્યારે મુખ્ય પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ અમાન કુરેશી, અફસાન કુરેશી, ઝીશાન અને સમીર કોર્ટમાં

### 2021માં ફૈઝ કુરેશી હત્યાકાંડ થયો હતો

પ્રોસિક્યુશન અનુસાર, 25 જુલાઈ 2021ની રાત્રે લગભગ 9 વાગ્યે તલૈયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઈદગાહ સ્કૂલ ગ્રાઉન્ડ પાસે ફૈઝ કુરેશી પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘાયલ ફૈઝને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં છાતી પર ઊંડા ઘા અને વધુ પડતા રક્તસાવને કારણે મૃત્યુની પુષ્ટિ થઈ હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી શફીક કુરેશીની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન આરોપી પાસેથી કથિત રીતે છરી, કપડાં અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. આ કેસમાં FSL તપાસ પણ કરવામાં આવી હતી.

આદેશમાં કોર્ટે કહ્યું હતું કે પ્રોસિક્યુશન હત્યાનો આરોપ સાબિત કરી શક્યું નથી. કોર્ટ મુજબ, કેસમાં રજૂ કરાયેલા પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ, વૈજ્ઞાનિક તેમના જૂના નિવેદનોથી ફરી ગયા. કોઈ પણ સાક્ષીએ કોર્ટમાં એ સ્વીકાર્યું ન હતું કે તેમણે આરોપીને ફૈઝ કુરેશી પર હુમલો કરતા જોયો હતો.

# સુપ્રીમ કોર્ટ-જેમની પાસેથી પૈસા લો છો તેમને ભિખારી કહો છો

## દહેજ કેસમાં કહ્યું- વહુ અને તેના પરિવારનું અપમાન કરવાનું બંધ કરો

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

દહેજ ઉત્પીડન સાથે જોડાયેલા એક મામલાની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે શુક્રવારે કડક ટિપ્પણી કરી. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની બેન્ચે કહ્યું કે છોકરા અને તેના પરિવાર તરફથી વહુ અને તેના પરિવારનું અપમાન અટકવું જોઈએ. કોર્ટે કહ્યું કે એવો સંદેશ જવો જોઈએ કે વહુ અને તેના પરિવારનું અપમાન સહન કરવામાં આવશે નહીં.

મામલો છત્તીસગઢમાં 2010માં થયેલી એક મહિલાના મોત સાથે જોડાયેલો છે. મહિલાના લગ્નના ત્રણ વર્ષની અંદર સાસરીમાં ફાંસી લાગવાથી મોત થયું હતું. પ્રોસિક્યુશન મુજબ, પતિ અને તેના પરિવાર તરફથી સતત દહેજની માંગણી કરવામાં આવી રહી હતી અને તેને ત્રાસ આપવામાં આવી રહ્યો હતો. સુનાવણી દરમિયાન જસ્ટિસ નાગરત્નાએ કહ્યું, "પ્રયાસ એ જ હોય છે કે વહુ અને તેના પરિવાર પાસેથી વધુ પૈસા કઢાવવામાં આવે." રેકોર્ડ પરના આરોપોનો ઉલ્લેખ કરતા જસ્ટિસ નાગરત્નાએ કહ્યું, "આખરે છોકરાવાળાઓએ શું કહ્યું હતું? તમે લોકો ભિખારી છો, પૈસા આપી શકતા નથી. છોકરીનો પરિવાર પોતાની દીકરીને બચાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને તેમને ભિખારી કહેવામાં આવી રહ્યો હતો."

## સહારનપુરમાં 10 ગાડી તણાઈ; બિહારમાં 4 ફ્લાઈટ ડાયવર્ટ-18 મોડી, ટ્રેનો ફસાઈ; પંજાબમાં કરા પડ્યા

# યુપી-બિહારમાં વાવાઝોડા-વરસાદથી 48નાં મોત

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

દેશમાં ગરમી વચ્ચે 15 થી વધુ રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બિહારમાં છેલ્લા 24 કલાકમાં વાવાઝોડા-વરસાદ અને વીજળી પડવાથી 17 લોકોના મોત થયા છે. પટનામાં વરસાદને કારણે 4 વિમાનો ડાયવર્ટ કરવામાં આવ્યા હતા, જ્યારે 18 ફ્લાઈટ્સ મોડી પડી હતી. જેના કારણે લગભગ 500 થી વધુ મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આજે રાજ્યના 25 જિલ્લામાં વરસાદની સંભાવના છે.

ઉત્તર પ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં વાવાઝોડાને કારણે 31 લોકોના મોત થયા છે. સહારનપુરમાં



ભારે વરસાદ બાદ પહાડી પરથી તેજ પ્રવાહ સાથે પાણી નીચે આવ્યું હતું. જેના કારણે ઈનોવા-ટ્રેક્ટર સહિત 10 વાહનો તણાઈ ગયા હતા. આજે પણ તમામ 75 જિલ્લામાં વરસાદનું એલર્ટ છે.

રાજસ્થાનમાં શનિવારે 30 જિલ્લામાં વાવાઝોડા સાથે કરા પડી શકે છે. એક દિવસ પહેલા ચુરુ, હનુમાનગઢ, બિકાનેર, સીકર સહિત 9 જિલ્લામાં તાપમાન 10 ડિગ્રી સુધી ઘટ્યું હતું. પંજાબના પઠાણકોટમાં શનિવારે સવારે કરા પડ્યા હતા. જ્યારે, મોહાલીમાં ભારે વરસાદ થયો હતો.

દેશના ઘણા શહેરોમાં આ દિવસોમાં તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસથી ઉપર છે. આ હવામાનમાં થોડી બેદરકારી બાળકના સ્વાસ્થ્ય પર ભારે પડી શકે છે. તેમની દિનચર્યા અને ખાનપાનમાં કેટલાક ફેરફારો કરીને તેમને હીટ સ્ટ્રોક એટલે કે લૂથી બચાવી શકાય છે.

હવામાન વિભાગે જણાવ્યું કે મોન્સૂન આગામી 7 દિવસમાં કેરળ પહોંચી શકે છે. જોકે, વિભાગે આ વર્ષે મોન્સૂન સામાન્ય કરતાં નબળું રહેવાનો અંદાજ પણ વ્યક્ત કર્યો છે. IMD મુજબ જૂનથી સપ્ટેમ્બર સુધી દેશમાં સરેરાશ સામાન્ય કરતાં ઓછો વરસાદ થઈ શકે છે. આ વખતે મોન્સૂનનો વરસાદ લોંગ પિરિયડ એવરેજ (LPA)ના લગભગ 90% રહી શકે છે. દેશમાં સામાન્ય મોન્સૂન વરસાદની સરેરાશ 87 સેન્ટિમીટર માનવામાં આવે છે.

# CBSEએ 12મા ધોરણની રી-ઈવેલ્યુએશન પ્રક્રિયાની તારીખ લંબાવી

## હવે 1 જૂનથી પોર્ટલ ખુલશે, ટેકનિકલ ખામીઓ પછી લેવાયો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ ધોરણ 12 ના વિદ્યાર્થીઓ માટે રી-ઈવેલ્યુએશન અને માર્ક્સ વેરિફિકેશન પ્રક્રિયાની તારીખ લંબાવી છે. પહેલાં આ પોર્ટલ 29 મે થી શરૂ થવાનું હતું, પરંતુ હવે બોર્ડે તેને 1 જૂનથી ખોલવાનો નિર્ણય કર્યો છે.

CBSE અનુસાર, મોટી સંખ્યામાં આવતી અરજીઓ અને કેટલીક ટેકનિકલ મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. બોર્ડ પોર્ટલને વધુ સારું બનાવવા પર કામ કરી રહ્યું છે, જેથી વિદ્યાર્થીઓને અરજી કરતી વખતે મુશ્કેલીનો સામનો ન કરવો પડે.

બોર્ડે જણાવ્યું કે વિદ્યાર્થીઓ 1 જૂનથી ઓફિશિયલ વેબસાઈટ પર જઈને માર્ક્સ વેરિફિકેશન અને રી-ઈવેલ્યુએશન માટે અરજી કરી શકશે. આખી પ્રક્રિયા ઓનલાઈન થશે.

CBSE એ આ વર્ષે પહેલીવાર ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમ લાગુ કરી છે. આ પછી ઘણા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ OSM પર સવાલ ઉઠાવતા ફરિયાદ કરી હતી કે તેનાથી ઓછા માર્ક્સ આવ્યા છે.

# પંજાબમાં AAPની ઐતિહાસિક જીતની નર્મદામાં ઉજવણી, કાર્યકરોમાં આનંદનો માહોલ



અમદાવાદ : પંજાબમાં આમ આદમી પાર્ટીની ભવ્ય જીતની ઉજવણી ગુજરાતમાં પણ કરવામાં આવી રહી છે. આ અંતર્ગત નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ તકે આમ આદમી પાર્ટી નર્મદા જિલ્લા પ્રમુખ અને પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવાની અધ્યક્ષતામાં નર્મદા જિલ્લાના કાર્યાલયનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જીતેલા સભ્યોને સન્માન પત્ર અર્પણ કરી તેમને સન્માનિત કરાયા. આ તકે AAP નેતા નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે પંજાબમાં મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વમાં સરકાર બન્યા બાદ શિક્ષણ, આરોગ્ય, રોજગારી સહિતના વિવિધ ક્ષેત્રોમાં થયેલા વિકાસલક્ષી કામોને જનતાએ સ્વીકાર્યા છે અને તેનું પરિણામ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જોવા મળ્યું છે. તેમણે જણાવ્યું હતું કે તાલુકા અને જિલ્લા પંચાયતથી લઈને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં આમ આદમી પાર્ટીએ જંગી સફળતા મેળવી છે અને જનતાએ ભાજપ તથા કોંગ્રેસના વર્ષોથી ચાલતા શાસનને નકારી કાઢીને કામની રાજનીતિ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.આપ નેતા નિરંજન વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે પંજાબમાં ભગવંત માન સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસકાર્યોના કારણે લોકોનો વિશ્વાસ આમ આદમી પાર્ટી તરફ વધ્યો છે. તેમણે કહ્યું હતું કે ગુજરાત હોય, પંજાબ હોય કે દેશના અન્ય વિસ્તારો, જનતા હવે જાગૃત બની રહી છે અને ભાજપની લાલચ તથા જૂની રાજનીતિથી કંટાળી વિકલ્પ તરીકે આમ આદમી પાર્ટીને પસંદ કરી રહી છે. પંજાબની ચૂંટણીમાં મળેલી જંગી જીતની ખુશીમાં નર્મદા જિલ્લા કાર્યાલય ખાતે કાર્યકરો, પદાધિકારીઓ અને આગેવાનોની હાજરીમાં ફટાકડા ફોડી અને આતશબાજી કરીને ઉજવણી કરવામાં આવી હતી.

## પંજાબની સ્થાનિક ચૂંટણીઓમાં AAPને મળેલી ભવ્ય જીતની ખુશીમાં સુરત ખાતે AAPએ કરી શાનદાર ઉજવણી

સુરત : પંજાબમાં આમ આદમી પાર્ટીની ભવ્ય જીત થતાં સુરતમાં તેની ઉજવણી કરવામાં આવી હતી. પ્રદેશના પદાધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ તેમજ કાર્યકરોએ એકબીજાને મીઠાઈ ખવડાવી અને ફટાકડા ફોડીને આ જીતને વધાવી લીધી હતી. આ સાથે આમ આદમી પાર્ટી પ્રદેશ ઉપપ્રમુખ રામ ધડુક, પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, કોર્પોરેટરો પંકજ ચાવડા, અસ્મિતા ધોરાજીયા સહિત મોટી સંખ્યામાં સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આમ આદમી પાર્ટી પ્રદેશ ઉપપ્રમુખ રામ ધડુકે આ પ્રસંગે જણાવ્યું હતું કે, પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બન્યાને લગભગ ચાર વર્ષ અને બે મહિના થયા છે અને વિધાનસભા ચૂંટણીના આશરે આઠ મહિના પહેલાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં પંજાબના લોકોએ કામની રાજનીતિ પર મહોર મારી છે. પંજાબમાં કુલ 1975 શહેરી સ્થાનિક સ્વરાજ્યની બેઠકો માટે



ચૂંટણી યોજાઈ હતી, જેમાં 8 મ્યુનિસિપલ કોર્પોરેશન, 75 મ્યુનિસિપલ કાઉન્સિલ અને 20 નગરપંચાયતોનો સમાવેશ થતો હતો. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ 50 ટકાથી વધુ બેઠકો પર જીત મેળવી છે અને પહેલી વખત 5થી વધુ મેયર પણ આમ આદમી પાર્ટીના બનશે. તેમણે જણાવ્યું હતું કે ગામ પંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં પહેલાથી જ મજબૂત રહેલી આમ આદમી પાર્ટીને હવે શહેરી વિસ્તારોમાં પણ જંગી સમર્થન મળ્યું છે.

## પંજાબની સ્થાનિક ચૂંટણીઓમાં AAPને મળેલી ભવ્ય જીતની ખુશીમાં ભરૂચ ખાતે AAPએ કરી શાનદાર ઉજવણી

ભરૂચ : પંજાબમાં આમ આદમી પાર્ટીની ભવ્ય જીત થતાં ભરૂચમાં તેની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યકરોએ એકબીજાને મીઠાઈ ખવડાવી અને ફટાકડા ફોડીને આ જીતને વધાવી લીધી હતી. આ સાથે આમ આદમી પાર્ટી ભરૂચ જિલ્લા પ્રમુખ પિયુષ પટેલ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આમ આદમી પાર્ટી ભરૂચ જિલ્લા પ્રમુખ પિયુષ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બન્યાને લગભગ ચાર વર્ષ અને બે મહિના થયા છે અને વિધાનસભા ચૂંટણીના આશરે આઠ મહિના પહેલાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં પંજાબના લોકોએ કામની રાજનીતિ પર મહોર મારી છે. પંજાબમાં કુલ 1975 શહેરી સ્થાનિક સ્વરાજ્યની બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં 8 મ્યુનિસિપલ કોર્પોરેશન, 75 મ્યુનિસિપલ કાઉન્સિલ અને 20 નગરપંચાયતોનો સમાવેશ થતો હતો. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ 50 ટકાથી વધુ બેઠકો પર જીત મેળવી છે અને પહેલી વખત 5થી વધુ મેયર પણ આમ આદમી પાર્ટીના બનશે. તેમણે જણાવ્યું હતું કે ગામ પંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં પહેલાથી જ મજબૂત રહેલી આમ આદમી પાર્ટીને હવે શહેરી વિસ્તારોમાં પણ જંગી સમર્થન મળ્યું છે. બેલેટ પેપરથી યોજાયેલી શહેરી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને 5 કોર્પોરેશનમાં પૂર્ણ બહુમત મળ્યું છે, જ્યારે ઈડી પાર્ટી સહિતના અનેક પક્ષોની મોટાભાગની બેઠકો પર જમાનત જપ્ત થઈ છે. પંજાબમાં 251 જેટલા અપક્ષ ઉમેદવારો જીત્યા હોવા છતાં કોંગ્રેસ, અકાલી દળ અને અન્ય પક્ષોની સરખામણીએ આમ આદમી પાર્ટીએ એકલેએ જ સૌથી મોટી સફળતા મેળવી છે.પિયુષ પટેલે વધુમાં જણાવ્યું હતું કે કાયદો વ્યવસ્થા, સુરક્ષા, વિકાસ અને પ્રવાસન સહિતના ક્ષેત્રોમાં પંજાબમાં આમ આદમી પાર્ટીએ છેલ્લા ચાર વર્ષમાં જે કામ કર્યું છે તે અગાઉની સરકારો 80 વર્ષમાં પણ કરી શકી નથી.

### 1180 કરોડના કોકેઈન કેસમાં NIAની એન્ટ્રી

# ઈન્ટરનેશનલ નાર્કો નેટવર્ક અને દેશવ્યાપી સપ્લાય ચેઈનની તપાસ થશે, દરિયામાં કૂદેલા આરોપી પાસે મહત્વની માહિતીની શક્યતા

અમદાવાદ | ગુજરાતના દરિયામાંથી ઝડપાયેલા 118 કિલો કોકેઈનના કેસમાં હવે તપાસનો વ્યાપ વધુ મોટો બન્યો છે. ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશનમાં 1180 કરોડ રૂપિયાના કોકેઈનનો જથ્થો ઝડપી પાડ્યા બાદ હવે આ સમગ્ર કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) પણ તપાસમાં જોડાઈ છે. NIAની એન્ટ્રી સાથે હવે આ કેસ માત્ર ડ્રગ્સ સ્મગલિંગનો નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય નાર્કો સિન્ડિકેટ, વિદેશી કનેક્શન અને દેશવ્યાપી સપ્લાય ચેઈનની તપાસ સુધી પહોંચે તેવી શક્યતા વધી ગઈ છે.

તપાસ દરમિયાન એક આરોપી દરિયામાં કૂદી ફરાર થઈ ગયો હોવાને કારણે પણ અનેક સવાલો ઊભા થયા છે. કારણ કે તેની પાસે ડ્રગ્સ નેટવર્કની મહત્વની માહિતી હોવાની શક્યતા છે. એટલું જ નહીં, ATSને મળેલા પેકટમાંથી એક પેકેટ હજુ સુધી મળ્યું નથી, જેના કારણે એ પેકેટ દરિયામાં ફેંકી દેવાયું હોવાની પણ આશંકા વ્યક્ત થઈ રહી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, બ્રાઝીલમાં લોડ કરાયેલો કોકેઈનનો જથ્થો અનેક દેશોના જળમાર્ગો પાર કરીને મુંદ્રા નજીક પહોંચ્યો હતો. આરોપીઓએ કાર્ગોશીપમાંથી નાની બોટ મારફતે જથ્થો બહાર કાઢી તેને દિલ્હી સુધી પહોંચાડવાનો પ્લાન બનાવ્યો હતો.

ગુજરાત ATSએ દરિયામાંથી એક આરોપીને ઝડપી પાડ્યો હતો, જ્યારે દિલ્હીના દ્વારકામાં રહેતા બે વિદેશી નાગરિકોને પણ ઝડપી લેવામાં આવ્યા છે. અન્ય એક આરોપી દરિયામાં કૂદી ફરાર થઈ ગયો છે. આ સમગ્ર ઓપરેશનમાં વિદેશી નાગરિકોની સંડોવણી સામે આવતા કેસની ગંભીરતા વધી છે.



NIAએ હવે તપાસ કરી રહી છે કે, આ જથ્થો માત્ર દિલ્હી સુધી પહોંચાડવાનો હતો કે પછી ભારતના અન્ય શહેરોમાં પણ તેનું નેટવર્ક ફેલાયેલું છે. સાથે સાથે આ કોકેઈન પાછળ કઈ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ કાર્ટેલ કામ કરી રહી છે, તેનું ફંડિંગ ક્યાંથી થયું અને ભારતમાં તેનો રિસીવિંગ નેટવર્ક કોણ સંભાળી રહ્યું હતું તેની પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

તપાસ એજન્સીઓ માટે સૌથી મોટો સવાલ એ છે કે, 118 કિલો કોકેઈન જેવી વિશાળ ખેપ પાછળ માત્ર ત્રણ-ચાર લોકોનું નેટવર્ક હોઈ શકે નહીં. ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય વેપારમાં સામાન્ય રીતે અનેક દેશોમાં ફેલાયેલું સુવ્યવસ્થિત નેટવર્ક કાર્યરત હોય છે. બ્રાઝીલથી શરૂ થયેલી આ ખેપ લેટિન અમેરિકા, મેક્સિકો, અમેરિકા અને કરાંચી થઈને ગુજરાત સુધી પહોંચી હતી, જે દર્શાવે છે કે સમગ્ર ઓપરેશન લાંબા સમયથી આયોજનબદ્ધ રીતે ચલાવવામાં આવી રહ્યું હતું.

NIAની એન્ટ્રી બાદ હવે તપાસ માત્ર 118 કિલો કોકેઈન સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ તેની પાછળ રહેલા સમગ્ર આંતરરાષ્ટ્રીય નેટવર્ક, ફંડિંગ ચેનલ અને ભારતમાં કાર્યરત રિસીવિંગ મોડ્યુલ સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવશે. તેથી આગામી દિવસોમાં આ કેસમાં વધુ મોટા ખુલાસા અને વધુ ધરપકડો થાય તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. ATSનું દરિયામાં રાતથી સવાર સુધી ચાલ્યું ઓપરેશન કોકેઈન25 મે ના રોજ ગુજરાત ATSને સવારના સમયે એક બાતમી મળી કે બ્રાઝિલથી ડ્રગ્સ ભરીને એક કાર્ગો બોટ મુંદ્રા પોર્ટ પાસે આવી રહ્યું છે.

# બેલેટથી થયેલ શહેરી ચૂંટણીમાં AAP ને પાંચ કોર્પોરેશનમાં પૂર્ણ બહુમત: ઈસુદાન ગઢવી

### પંજાબની સ્થાનિક ચૂંટણીઓમાં AAPને મળેલી ભવ્ય જીત મુદ્દે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની પ્રેસ કોન્ફરન્સ



અમદાવાદ/ગુજરાત પંજાબમાં આમ આદમી પાર્ટીની ભવ્ય જીત થતા અમદાવાદમાં તેની ઉજવણી કરવામાં આવી હતી.આ સાથે આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટ અને પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે પત્રકાર પરિષદ યોજી હતી. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બન્યાને લગભગ ચાર વર્ષ અને બે મહિના થયા છે અને વિધાનસભા ચૂંટણીના આશરે આઠ મહિના પહેલાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં પંજાબના લોકોએ કામની રાજનીતિ પર મહોર મારી છે. તેમણે પંજાબના લોકો, તમામ કાર્યકર્તાઓ, મુખ્યમંત્રી ભાગવંત માન અને રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પંજાબમાં કુલ 1975 શહેરી સ્થાનિક સ્વરાજ્યની બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં 8 મ્યુનિસિપલ કોર્પોરેશન, 75 મ્યુનિસિપલ કાઉન્સિલ અને 20 નગરપંચાયતોનો સમાવેશ થતો હતો. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ 50 ટકાથી વધુ બેઠકો પર જીત મેળવી છે અને પહેલી વખત 5થી વધુ મેયર પણ આમ આદમી પાર્ટીના બનશે. તેમણે જણાવ્યું હતું કે ગામ પંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં પહેલાથી જ મજબૂત રહેલી આમ આદમી પાર્ટીને હવે શહેરી વિસ્તારોમાં પણ જંગી સમર્થન મળ્યું છે. બેલેટ પેપરથી યોજાયેલી શહેરી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને 5 કોર્પોરેશનમાં પૂર્ણ બહુમત મળ્યું છે, જ્યારે ઈડી પાર્ટી સહિતના અનેક પક્ષોની મોટાભાગની બેઠકો પર જમાનત જપ્ત થઈ છે.

# News Brief

## ગાંધીનગરમાં બાળકી પર દુષ્કર્મ કરનારને છેલ્લા શ્વાસ સુધીની સજા



ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર-24ના ઈન્દિરા નગર છાપરા વિસ્તારમાં ચાર વર્ષની માસૂમ બાળકી સાથે થયેલા દુષ્કર્મના કેસમાં કોર્ટે માત્ર સાડા પાંચ મહિનામાં જ ચૂકાદો સંભળાવ્યો છે. આ કેસમાં આરોપી રામનીત દેવનંદન રામરૂપ યાદવને દોષિત ઠેરવીને તેને તેના જીવનના છેલ્લા શ્વાસ સુધીની સજા એટલે કે આજીવન કારાવાસ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત, કોર્ટે ભોગ બનનાર બાળકીને 10 લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, 15 ડિસેમ્બર 2025ના રોજ આરોપીએ ગાંધીનગરમાં 4 વર્ષની બાળકીના ઘરની રેકી કર્યા બાદ રાત્રિના સમયે ઘરમાં ઘૂસીને સૂતેલી બાળકીનું અપહરણ કર્યું હતું. આરોપી બાળકીને નજીકની ઝાડીઓમાં લઈ ગયો હતો અને ત્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ આરોપી બાળકીને મૃત સમજીને ત્યાં છોડીને ભાગી ગયો હતો. પરંતુ થોડીવાર બાદ તે ફરીથી એ ચેક કરવા પાછો આવ્યો હતો કે બાળકી જીવતી છે કે મરી ગઈ છે. જોકે બાળકીની હિંમત અને કુદરતી કરામતને કારણે હોશમાં આવતા જ તે લથડતા પગે પરિવાર પાસે પહોંચી ગઈ અને સમગ્ર પાપનો પર્દાફાશ થયો હતો.

આ ગુનાની તપાસમાં બહાર આવ્યું હતું કે, આરોપી કરિયાણાની દુકાને ખરીદી કરવા આવતો ત્યારે તેની નજર આ બાળકી પર પડી હતી. તેણે આ કૃત્ય આચરવા માટે 10 દિવસ અગાઉથી જ પ્લાન તૈયાર કર્યો હતો અને તે સતત બાળકીની રેકી કરતો હતો. ગુનો આચરીને તે પોતાના વતન બિહાર ભાગી જવાની ફિરાકમાં હતો.

## RTEમાં 5814 બાળકોને એડમિશન, હજુ 5300થી વધુ બેઠકો ખાલી, ત્રીજો રાઉન્ડ હાથ ધરાશે

અમદાવાદ | રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં ધોરણ 1માં પ્રવેશ માટેની રાજ્ય સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી કરી દેવામાં આવી છે. જેમાં અગાઉની ખાલી પડેલી 11155 જગ્યાઓમાંથી 5814 જગ્યાઓમાં પ્રવેશ ફાળવાયો છે. આમ બીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ પણ 5341 જગ્યાઓ હજુ ખાલી રહી છે. 45815 વાલીઓએ સ્કૂલની પુનઃ પસંદગી ન કરતા મોટી સંખ્યા જગ્યા ખાલી રહી છે.

આઈટીઈ હેઠળ ધોરણ 1માં ખાનગી સ્કૂલોમાં 25 ટકા બેઠકોમાં વિનામૂલ્યે પ્રવેશ અપાય છે. જે માટે દર વર્ષે રાજ્ય સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાય છે. આ વર્ષે 9770 ખાનગી સ્કૂલોની 83678 બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ બેઠકો સામે આ વર્ષે 185887 વાલીઓની અરજી માન્ય થઈ હતી. પહેલા રાઉન્ડમાં 77925 બાળકોને પ્રવેશ ફાળવાયા હતા. પ્રવેશ મેળવેલા બાળકોમાંથી અનેક બાળકોના વાલીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો ન હતો. જેને પગલે બેઠકો ખાલી રહી હતી. અગાઉ પહેલા રાઉન્ડના પ્રવેશ ફાળવણીમાં બેઠકો ખાલી રહ્યા બાદ વાલીએ પ્રવેશ કન્ફર્મ ન કરાવતા ખાલી રહેલી બેઠકો સાથે કુલ 11155 બેઠકો ખાલી રહી હતી. અનેક વાલીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા બાદ રદ કરાવતા ખાલી બેઠકો હતી.

## ઈંધણની અછત વચ્ચે હાઈવે પર ગેરકાયદે બાયો ડીઝલનું ધૂમ વેચાણ, તંત્રએ આંખો મીચી લીધી!

ગુજરાત | મિડલ ઈસ્ટમાં યુદ્ધને પગલે ઈંધણની અછત સર્જાતા ડીઝલ-પેટ્રોલના ભાવ વધવાની સાથે ડીઝલનો પુરવઠો અપુરતો મળી રહ્યો છે. ત્યારે ગેરકાયદે બાયો ડીઝલનું વેચાણ કરતા તત્વો વધુ પ્રમાણમાં સક્રિય થયા છે. અમદાવાદ અને સુરતથી સૌરાષ્ટ્ર-કચ્છ તરફ જતી ખાનગી લક્ઝરી બસ અને ટ્રક ચાલકોએ પણ ડીઝલનો ભાવ વધતા હવે બાયો ડીઝલનો ઉપયોગ વધારી દીધો છે. સૌથી નવાઈની વાત એ છે કે હાઈવે પર સ્થાનિક પોલીસ અને પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા બાયો ડીઝલના ગેરકાયદે વેચાણની ખુલ્લી છુટ આપવામાં આવી છે.

ઈરાન-અમેરિકાના યુદ્ધને ભારતમાં ઈંધણના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે અને પેટ્રોલ પંપ પર ડીઝલનો જથ્થો મર્યાદિત આવી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં ટ્રાન્સપોર્ટના સંચાલકોએ તેમના ટ્રકમાં ડીઝલના બદલે બાયો ડીઝલનો વપરાશ શરૂ કરી દીધો છે. વાત માત્ર ટ્રાન્સપોર્ટ સંચાલકોની સાથે સૌરાષ્ટ્ર અને કચ્છમાં જતી મોટાભઆગની ટ્રાવેલ્સ બસના સંચાલકોએ પણ હવે બાયો ડીઝલ તરફ વળ્યા છે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં એક સમયે ખુબ મોટાપ્રમાણમાં બાયો ડીઝલના ગેરકાયદે પંપ શરૂ થયા હતા. ત્યારબાદ દરોડાની કાર્યવાહી થતા બાયો ડીઝલના માફિયાઓનું નેટવર્ક કાબુમાં આવ્યું હતું. પરંતુ ડીઝલમાં ભાવ વધારો અને અછતનો ફાયદો લઈને જુના તત્વો ફરીથી સક્રિય થઈ ગયા છે. જેમાં હવે હાઈવે પર હોટલ પર નહીં પણ કોઈ ખેતરમાં પ્લોટ રાખીને બાયો ડીઝલનો કારોબાર કરવામાં આવી રહ્યો છે. અમદાવાદથી પોરબંદર મોટાભાગની ટ્રાવેલ્સ ગોંડલ, જેતપુર વચ્ચે આવેલા બાર્યો ડીઝલના પંપ પર જઈને ટાંકી ફુલ કરાવે છે.



પંજાબની સ્થાનિક ચૂંટણીઓમાં AAPને મળેલી ભવ્ય જીતની ખુશીમાં AAPએ કરી શાનદાર ઉજવણી, AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની આગેવાનીમાં અમદાવાદ ખાતે ભવ્ય ઉજવણી, ઈસુદાન ગઢવીએ આ જીતને કામની રાજનીતિની જીત ગણાવી, પ્રદેશના પદાધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી, મોં મીઠું કરાવી ઉજવણી કરી, પંજાબની શહેરી લોકલ બોડી ચૂંટણીમાં AAPની 1000થી વધુ સીટો પર જીત.

## અમદાવાદ-રાજકોટ-સુરતની TPને રાજ્ય સરકારની મંજૂરી : પાલડી અને આંબાવાડી સહિત અનેક ટાઉન પ્લાનિંગ સ્કીમને લીલીઝંડી...

ગાંધીનગર | રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે અમદાવાદ, રાજકોટ અને સુરતની અનેક ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમોને મંજૂરી આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. વિભાગ દ્વારા જાહેર કરાયેલી નોટિફિકેશન મુજબ અમદાવાદના પાલડી એક્સ્ટેન્શન અને આંબાવાડી વિસ્તારની TP સ્કીમોને અંતિમ મંજૂરી આપવામાં આવી છે. જ્યારે અમદાવાદની વિરોચનનગર-ખોરજ વિસ્તારને લગતી TP સ્કીમને નામંજૂર કરવામાં આવી છે.સરકારે સ્પષ્ટ કર્યું છે કે મંજૂર કરાયેલી તમામ TP સ્કીમોના દસ્તાવેજો, નકશા અને પુનર્વિતરણ (Redistribution) સ્ટેટમેન્ટ જાહેર જનતા માટે નિરીક્ષણ અર્થે ખુલ્લા રાખવામાં આવશે. નાગરિકો કચેરીના કાર્યકારી દિવસો દરમિયાન સંબંધિત સત્તામંડળની કચેરીએ જઈને આ દસ્તાવેજો જોઈ શકશે.અમદાવાદના પાલડી એક્સ્ટેન્શન (ચોથી ફેરફારિત) TP સ્કીમને મંજૂરી આપતા કેટલાક ફેરફારો પણ સૂચવાયા છે. સ્કીમમાં અંતિમ પ્લોટોના હેતુ અને વિસ્તાર અંગે સુધારા કરવામાં આવ્યા છે. સરકારના આદેશ મુજબ સંબંધિત દસ્તાવેજો અને નકશાઓમાં પણ જરૂરી ફેરફારો કરવામાં આવશે.આ ઉપરાંત અમદાવાદની આંબાવાડી TP સ્કીમમાં સામાજિક સુવિધાઓ માટે જમીન અનામત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરી વિસ્તારોમાં વધતી વસતિને ધ્યાનમાં રાખીને જાહેર ઉપયોગની સુવિધાઓ માટે જમીન ઉપલબ્ધ રહે તે માટે આ પગલું મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.શહેરી વિકાસ વિભાગના આ નિર્ણય બાદ સંબંધિત વિસ્તારોમાં વિકાસની નવી તકો ઉભી થશે, જ્યારે વિરોચનનગર-ખોરજ TP સ્કીમ નામંજૂર થતાં તે વિસ્તાર અંગે નવી દરખાસ્ત અથવા સુધારેલી યોજના રજૂ કરવાની જરૂરિયાત ઊભી થઈ શકે છે.રાજકોટ અને સુરતની પણ કેટલીક TP સ્કીમોને મંજૂરી મળતા વિકાસકાર્યોને ગતિ મળશે. રસ્તા, જાહેર સુવિધાઓ, ખુલ્લી જગ્યાઓ અને આધુનિક શહેરી માળખાના વિકાસ માટે આ TP સ્કીમો મહત્વની સાબિત થશે.રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (RUDA) દ્વારા રજૂ કરાયેલી પ્રાથમિક ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. 36/3 (ઘંટેશ્વર-પરાપીપળિયા) ને રાજ્ય સરકારે મંજૂરી આપી છે. સ્કીમમાં વિવિધ ફાઈનલ પ્લોટના વિસ્તાર, હેતુ અને નંબરિંગમાં ફેરફારો મંજૂર કરવામાં આવ્યા છે.

## જામનગરમાં કોમલનગરમાં બેફામ કારચાલકે રાહદારીને હડફેટે લીધો

જામનગર | જામનગર શહેરના કોમલનગર વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. વાયુસેના ગેટ સામે એક બેફામ કારચાલકે રાહદારીને હડફેટે લેતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક કોઈ મદદ કર્યા વગર સ્થળ પરથી ફરાર થઈ જતાં સીટી-સી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.પ્રાપ્ત વિગતો મુજબ કોમલનગર ઢાળીયા વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા રામકલ્યાણભાઈ કનૈયાભાઈ કોળી ગત તા. 28 મેના રોજ બપોરના સમયે આંબેડકર પુલ નીચે વાયુસેના ગેટ સામે બેઠા હતા. તે દરમિયાન એક બ્રેઝા કારનો ચાલક પુરઝડપે અને બેફિકરાઈપૂર્વક વાહન હંકારી ત્યાંથી પસાર થયો હતો. આરોપીએ કાર પરનો કાબૂ ગુમાવતા રાહદારી રામકલ્યાણભાઈને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ઈજાગ્રસ્ત કારની નીચે ઘસડાયા હતા. બનાવમાં તેમની ડાબી આંખની બાજુએ ગંભીર ઈજા પહોંચી હતી અને ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. ઉપરાંત છાતીના ભાગમાં આંતરિક ઈજા થતાં લોહી જામી ગયું હોવાનું તેમજ શરીરના અન્ય ભાગોમાં પણ ઈજાઓ પહોંચી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# જેલમાંથી ભણતા કેદીઓ માટે ગુજરાત યુનિ.એ ઈન્ટર્નશિપનો નિયમ બદલ્યો હવે જેલની અંદર સોંપાતી કામગીરીના આધારે જ ક્રેડિટ માર્ક્સ અપાશે

અમદાવાદ | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ના અમલીકરણ વચ્ચે ગુજરાત યુનિવર્સિટી દ્વારા જેલના કેદીઓ માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને વ્યવહારુ નિર્ણય લેવામાં આવ્યો છે. નવી શિક્ષણ નીતિ અંતર્ગત અંડર ગ્રેજ્યુએટ (UG) કોર્સીસના વિદ્યાર્થીઓ માટે છઠ્ઠા સેમેસ્ટરમાં ઈન્ટર્નશિપ કરવી ફરજિયાત છે. જોકે, જેલમાંથી એક્સ્ટર્નલ તરીકે અભ્યાસ કરતા કેદીઓ માટે યુનિવર્સિટીએ આ નિયમમાં મોટો ફેરફાર કર્યો છે. હવેથી જેલના કેદી વિદ્યાર્થીઓએ ઈન્ટર્નશિપ કરવા માટે જેલની બહાર જવાની જરૂર નહીં પડે, પરંતુ તેઓ જેલની અંદર જે પણ શારીરિક કે બૌદ્ધિક કામગીરી કરે છે, તેને જ યુનિવર્સિટી દ્વારા સત્તાવાર ઈન્ટર્નશિપ તરીકે ગણવામાં આવશે.

સાયન્સ, આર્ટસ અને કોમર્સ સહિતના તમામ ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક ભણતરની સાથે પ્રેક્ટિકલ નોલેજ મળે તે હેતુથી 2023થી ગુજરાતમાં નવી શિક્ષણ નીતિ લાગુ કરાઈ છે. આ



નિયમ એક્સ્ટર્નલ તરીકે જેલમાંથી ભણતા કેદીઓને પણ લાગુ પડતો હોવાથી, તાજેતરમાં 4થી 5 કેદીઓએ ઈન્ટર્નશિપ પૂરી કરવાના બહાને જેલમાંથી બહાર આવવા માટે કોર્ટમાં જામીન અથવા વિશેષ પરવાનગી મેળવવા અરજી કરી હતી. કાયદો અને વ્યવસ્થા તેમજ સુરક્ષાની સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત યુનિવર્સિટી પ્રશાસનને આ નિયમમાં તાત્કાલિક સુધારો કરવાની ફરજ પડી હતી.

નવા સુધારા મુજબ, જેલ સત્તાવાળાઓ દ્વારા કેદીઓને જેલની અંદર જે પણ કામગીરી જેમ કે, રસોઈ, કમ્પ્યુટર વર્ક, લાઈબ્રેરી વ્યવસ્થાપન કે અન્ય ઉદ્યોગ સોંપવામાં આવે છે, તે જ કામગીરીના મૂલ્યાંકનના આધારે યુનિવર્સિટી દ્વારા ઈન્ટર્નશિપના જરૂરી 'ક્રેડિટ માર્ક્સ' આપવામાં આવશે.

આ અંગે વિગતવાર માહિતી આપતાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નીરજા ગુપ્તાએ જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિના છઠ્ઠા સેમેસ્ટરમાં તમામ વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ કરવાનું અનિવાર્ય પ્રાવધાન છે. સામાન્ય રીતે એક્સ્ટર્નલ કોર્સ કરતા અન્ય વિદ્યાર્થીઓ ક્યાંક નોકરી કે વ્યવસાય કરતા હોય છે, પરંતુ જેલના કેદીઓ માટે આ સ્થિતિ અલગ છે. કેદીઓએ કોર્ટમાં અપીલ કરી હતી કે, ઈન્ટર્નશિપ ફરજિયાત હોવાથી તેમને બહાર આવવાની છૂટ આપવામાં આવે. આથી, અમે નિયમ બદલીને તેમની જેલની અંદરની કામગીરીને જ ઈન્ટર્નશિપ તરીકે માન્ય રાખવાનો નિર્ણય કર્યો છે.\

## મહારાષ્ટ્રની મહિલા ગેંગ ઝડપાઈ, બાળકોની આડમાં આચરતી ચોરીની ઘટનાઓ

# વડોદરામાં સક્રિય મહારાષ્ટ્રની મહિલા ચોર ગેંગ ઝડપાઈ

(એજન્સી) વડોદરા । તા. 30

વડોદરા શહેરમાં વહેલી સવારે બનતી ઘરફોડ ચોરીની ઘટનાઓએ પોલીસ તંત્રને સતર્ક કર્યું હતું. આખરે પોલીસને મોટી સફળતા મળી છે અને મહારાષ્ટ્રથી આવીને શહેરના વિવિધ વિસ્તારોમાં તરખાટ મચાવતી એક મહિલા ગેંગના બે મુખ્ય સાગરિતોને પોલીસે ઝડપી પાડ્યા છે. આ મહિલાઓ ચોરી કરવા માટે ખૂબ જ ચતુરાઈભરી પદ્ધતિનો ઉપયોગ કરતી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

### ગોલ્ડન બ્રિજ નીચેથી ધરપકડ

પોલીસને મળેલી બાતમીના આધારે, વડોદરાના ગોલ્ડન બ્રિજ નીચેથી અકિલા જયદીપક પવાર અને લીલી છોટુ દીપક પવાર (બંને રહેવાસી પાલઘર, મહારાષ્ટ્ર) ની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી પાંચ મોબાઈલ, ચાંદીના નવ સિક્કા અને રોકડા ૩૦૦૦ રૂપિયા મળી આવ્યા છે. આ મહિલાઓની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. તેઓ પોતાના પતિ અને બાળકો સાથે વડોદરાના હાઈવે વિસ્તારમાં રોકાઈને દિવસ દરમિયાન અલગ-અલગ ટુકડીઓમાં વહેંચાઈ જતી હતી અને ત્યારબાદ ખુલ્લા મકાનોને નિશાન બનાવતી હતી.




### બાળકોનો ઢાલ તરીકે ઉપયોગ

આ ગેંગની સૌથી મોટી ચતુરાઈ એ હતી કે તેઓ પોતાની સાથે નાના બાળકોને રાખતી હતી. પોલીસ અને સ્થાનિક લોકોનું માનવું છે કે, જો તેઓ ચોરી કરતા પકડાઈ જાય, તો બાળકોની માસૂમિયત અને તેમની દયા ખાઈને લોકો તેમને છોડી દેશે, આ હેતુથી તેઓ બાળકોને સાથે રાખતી હતી. વડોદરાના ગીચ વિસ્તારોમાં જ્યાં લોકોની અવરજવર વધુ હોય છે, ત્યાં તક મળતા જ આ મહિલાઓ ખુલ્લા મકાનોમાં ઘૂસી જતી હતી અને કિંમતી મોબાઈલ, લેપટોપ, સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ ચોરીને પળવારમાં ફરાર થઈ જતી હતી.

### ધારાસભ્યના ભત્રીજાના ઘરે પણ હાથફેરો


પોલીસ તપાસમાં એવી વિગતો પણ ખુલી છે કે, લીલી અને તેની ટોળકીએ માંજલપુરના ધારાસભ્યના મકાન પાસે રહેતા તેમના ભત્રીજાના ઘરેથી સવારના સમયે ૫.૮૦ લાખ રૂપિયાની મતાની ચોરી કરી હતી. આ ઉપરાંત, અકિલા અને તેની ટોળકીએ રાવપુરા પટણી મોહલ્લામાં એક મકાનમાંથી મોબાઈલ અને દાગીના ચોર્યા હતા, તેમજ ડભોઈ રોડ પર આવેલા નંદ વિહાર ફ્લેટમાંથી પણ મોબાઈલ અને રોકડ રકમની ચોરી કરી હોવાનું કબૂલ્યું છે.

### પોલીસની સતર્કતા અને કાર્યવાહી

વડોદરા પોલીસ આ ગેંગના અન્ય સાગરિતો અને તેમના પતિઓ વિશે પણ તપાસ કરી રહી છે. આંતરરાજ્ય ગેંગ હોવાને કારણે પોલીસ હવે તેમની ગુનાહિત પૃષ્ઠભૂમિની પણ તપાસ કરી રહી છે. મહારાષ્ટ્રથી આવતી આ ગેંગે જે રીતે આયોજનબદ્ધ રીતે ચોરીઓ આચરી છે, તે જોતા સ્પષ્ટ થાય છે કે તેઓ આ કામમાં માહેર છે. હાલ તો પોલીસે આ મહિલાઓની ધરપકડ કરીને તેમની પાસેની ચોરીનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટના બાદ વડોદરા પોલીસ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના મકાન અને ફ્લેટના દરવાજા, ખાસ કરીને વહેલી સવારે કે સાંજના સમયે, ખુલ્લા ન રાખે. આ મહિલા ગેંગની પકડથી શહેરીજનોએ ચોક્કસપણે રાહતનો શ્વાસ લીધો છે.

## MSયુનિ.ની કોમર્સ ફેકલ્ટીમાં વહીવટી અંધાધૂંધી: પ્રવેશ પ્રક્રિયા માટે અધ્યાપકો બન્યા 'કોલ સેન્ટર' કર્મચારી



વડોદરા | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સૌથી મોટી ગણાતી કોમર્સ ફેકલ્ટીમાં હાલ પ્રવેશ પ્રક્રિયાને લઈને ભારે અંધાધૂંધી સર્જાઈ છે. એફ.વાય.બી.કોમ.માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના મેરિટ લિસ્ટ તૈયાર કરવાની પ્રક્રિયામાં ટેકનિકલ ખામીઓ અને માહિતીના અભાવે સત્તાધીશો માટે માથાનો દુખાવો ઊભો થયો છે. પરિસ્થિતિ એવી છે કે, પ્રવેશ ફોર્મની વિગતો સુધારવા માટે હવે ફેકલ્ટીના અધ્યાપકોએ પોતે જ કોલ સેન્ટરના કર્મચારીઓની જેમ વિદ્યાર્થીઓને ફોન કરી સાચી વિગતો મેળવવાની ફરજ પડી છે. સમસ્યા ત્યારે ઊભી થઈ જ્યારે વિદ્યાર્થીઓએ જીકાસ અને યુનિવર્સિટીના એમ.એસ.યુનિવર્સિટી પોર્ટલ એમ બંને જગ્યાએ અલગ-અલગ વિગતો ભરી હતી. આશરે ૩,૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જીકાસ નંબર દર્શાવ્યા નથી અથવા જન્મતારીખ જેવી પ્રાથમિક વિગતોમાં બંને પોર્ટલ પર વિરોધાભાસ જોવા મળ્યો છે. આ અધૂરી અને ખોટી વિગતોને સુધારવા માટે ફેકલ્ટીના ૧૦૦ જેટલા અધ્યાપકોને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે, જેઓ દિવસભર વિદ્યાર્થીઓને ફોન કરીને સાચી માહિતી એકત્રિત કરવામાં વ્યસ્ત જોવા મળ્યા હતા.



## પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાની અસર: આગામી સમયમાં ઈલેક્ટ્રિક વાહનો પણ થશે મોંઘા

(એજન્સી) અમદાવાદ । તા. 30

પેટ્રોલ અને ડીઝલના આસમાને પહોંચેલા ભાવ અને વૈશ્વિક અસ્થિરતાને પગલે ગ્રાહકો ઈલેક્ટ્રિક વાહનો (EV) તરફ વળ્યા છે. જોકે, હવે ઈલેક્ટ્રિક વાહન ખરીદનારા ગ્રાહકો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. આગામી સમયમાં વિવિધ કંપનીઓ દ્વારા ઈલેક્ટ્રિક વાહનોના ભાવમાં ધરખમ વધારો કરવામાં આવનાર હોવાથી વાહન પ્રેમીઓ માટે ખરીદી મોંઘી સાબિત થઈ શકે છે.

ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભાવ વધારા પાછળ અનેક કારણો જવાબદાર છે. જેમાં મુખ્યત્વે બેટરી, લિથિયમ સેલ અને ઈલેક્ટ્રોનિક ઘટકો જેવા કાચા માલના ભાવમાં થયેલો વધારો છે. આ ઉપરાંત પરિવહન અને ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો સપ્લાય ચેઈન પર દબાણ લાવી રહ્યો છે. બીજી તરફ, કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા અગાઉ આપવામાં આવતી સબસિડી અને પ્રોત્સાહક યોજનાઓમાં થયેલા ફેરફાર કે તેમાં થયેલો ઘટાડો પણ વાહનોની અંતિમ કિંમત વધારવા માટેનું એક મોટું કારણ છે.

ગુજરાત સહિત દેશભરમાં યુવાનો અને સામાન્ય નાગરિકો રોજિંદા વપરાશ માટે ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરને વધુ પસંદ કરી રહ્યા છે. ઈંધણના ખર્ચમાં થતી બચતને કારણે આ સેક્ટરનો વિકાસ ઝડપથી થયો હતો.

## રાજકોટ: અનૈતિક સંબંધોના વહેમમાં પત્નીની હથોડાના ઘા ઝીંકી ક્રૂર હત્યા

(એજન્સી) રાજકોટ । તા. 30

શહેરના રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે આવેલા શિવાલિક એપાર્ટમેન્ટમાં આજે સવારે એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં અનૈતિક સંબંધોના વહેમમાં ઉશ્કેરાયેલા પતિએ પોતાની ૪૦ વર્ષીય પત્નીની હથોડાના ઘા ઝીંકી ઘાતકી હત્યા કરી નાખી હતી. હત્યા બાદ ફરાર થયેલા આરોપી પતિને ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી પાડી ગાંધીગ્રામ-૨ પોલીસના હવાલે કર્યો છે.

મળતી વિગતો મુજબ, આરોપી અલ્તાફ ઉર્ફે બટુક જાફરભાઈ લાલાણી અને તેની પત્ની શિલ્પાબેન છેલ્લા કેટલાક સમયથી શિવાલિક એપાર્ટમેન્ટમાં રહેતા હતા. શિલ્પાબેનની ભાણેજ નાયબબેન જીવાણી, જેઓ છેલ્લા ત્રણ વર્ષથી તેમની સાથે રહેતી હતી, તેણે પોલીસને જણાવ્યું હતું કે, ૧૩ મે ના રોજ આરોપીએ પત્નીને અન્ય એક વ્યક્તિ 'જીતુ' સાથેના સંબંધો વિશે પૂછપરછ કરી હતી, જેનો શિલ્પાબેને સ્વીકાર કર્યો હતો. ત્યારથી ઘરમાં વારંવાર ઝઘડા થતા હતા.

આજે સવારે નવ વાગ્યાની આસપાસ અલ્તાફ ઘરે પરત ફર્યો હતો અને આડાસંબંધો બાબતે ફરીથી ઝઘડો શરૂ કર્યો હતો. ભાણેજ નાયબબેને સમજાવટના પ્રયાસો કર્યા હતા, પરંતુ આરોપીએ ગેરમાર્ગે દોરવા માટે બંનેના મોબાઈલ ફોન ઝૂંટવી લીધા હતા. ત્યારબાદ આરોપી થેલામાંથી હથોડો કાઢીને આવ્યો હતો. તેણે ભાણેજ પર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નાયબબેન જીવ બચાવીને પોલીસને જાણ કરવા માટે બહાર ભાગી ગઈ હતી. આ તકનો લાભ લઈને હત્યારા પતિએ પત્ની શિલ્પાબેન પર હથોડાના આડેધડ ઘા મારી તેમની હત્યા કરી નાખી હતી.

ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચની ટીમે હત્યા કરીને ભાગી છૂટેલા આરોપી અલ્તાફને ગણતરીના કલાકોમાં જ ઝડપી લીધો હતો. હાલમાં ગાંધીગ્રામ-૨ પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીની સઘન પૂછપરછ શરૂ કરી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.



## સુરત: ૪ જૂને લિંબાયત-ગોડાદરા વિસ્તારમાં પાણી પુરવઠો ખોરવાશે

(એજન્સી) સુરત । । તા. 30

સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા શહેરની પાણી પુરવઠા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે સમયાંતરે મેઈન્ટેનન્સની કામગીરી કરવામાં આવે છે. આ અંતર્ગત, આગામી ૪ જૂન, ગુરુવારના રોજ લિંબાયત ઝોનના ગોડાદરા જળ વિતરણ મથક ખાતે DGVCL દ્વારા મહત્વની ટેકનિકલ કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આ વિસ્તારમાં પાણી સપ્લાય પર અસર પડશે. ગોડાદરા જળ વિતરણ મથકના ૨૨ કે.વી. વીજ સપ્લાય પર 'રીંગ મેઈન્સ યુનિટ' (RMU) ઈન્સ્ટોલેશનની કામગીરી કરવામાં આવશે. આ તાકીદની કામગીરી દરમિયાન સવારે ૯:૩૦ થી સાંજે ૪:૩૦ વાગ્યા સુધી વીજ પુરવઠો પ્રભાવિત રહેશે, જેને કારણે પાણીનું વિતરણ પણ બંધ રહેશે અથવા ઓછા પ્રેશરથી મળશે.

અન્ય સોસાયટીઓ: પ્રિયંકા-૩ અને ૪, પ્રિયંકા મેગા સિટી, પ્રિયંકા સીટી પ્લસ, શિવપાર્ક, માનસરોવર સોસાયટી, વૃંદાવન, ઈન્દ્રલોક, સ્વામીનારાયણ નગર, ક્રિષ્ના પાર્ક, શામળા ધામ, રઘુવીર રો-હાઉસ અને લક્ષ્મીનારાયણ સોસાયટી.

બહુમાળી પ્રોજેક્ટ્સ: ગુરૂ નગર સોસાયટી, વીર દર્શન, હરે ક્રિષ્ના, નંદનવન, જે.બી.નગર, લક્ષ્મી પાર્ક તેમજ સ્કાય વ્યૂ હાઈટ્સ, સ્કાયલોન હાઈટ્સ અને સેફાયર-૮ જેવા પ્રોજેક્ટોમાં પણ પાણીનો સપ્લાય પ્રભાવિત રહેશે.

## વડોદરા: રાવપુરા-ઘી કાંટા રોડ પર આવેલું જર્જરિત હરેશ્વર મહાદેવ મંદિર ધરાશાયી



વડોદરા | શહેરના ટ્રાફિકથી ધમધમતા રાવપુરા-ઘી કાંટા રોડ પર આવેલું વર્ષો જૂનું અને અતિ જર્જરિત હરેશ્વર મહાદેવ મંદિરનો આગળનો ભાગ ગઈકાલે ધડાકાભેર તૂટી પડ્યો હતો. સદનસીબે, આ અકસ્માત સમયે આસપાસ કોઈની અવરજવર ન હોવાથી મોટી જાનહાની ટળી હતી. ઘટનાને પગલે ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ મંદિર છેલ્લા ઘણા સમયથી જોખમી સ્થિતિમાં હતું. અગાઉ પણ મંદિરના મકાનમાંથી સિમેન્ટના પોપડા ખરવાની ઘટનાઓ બની હતી, જેના પગલે સ્થાનિકો દ્વારા વોર્ડ કચેરીમાં ૪ થી ૫ વાર લેખિત રજૂઆતો કરવામાં આવી હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે, પાલિકાના કર્મચારીઓ માત્ર સ્થળ તપાસ કરીને અને નોટિસ ચોંટાડીને પોતાની ફરજ પૂરી કરી લે છે, પરંતુ નક્કર પગલાં લેવા માટે કોઈ તૈયાર નથી. બીજી તરફ, ટ્રસ્ટીઓ દ્વારા પણ આ મામલે ઉદાસીનતા દાખવવામાં આવતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મંદિરનો ભાગ તૂટી પડ્યાનો અવાજ સાંભળીને આસપાસના લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

## 64 લાખનો વિદેશી દારૂ જપ્ત

# વડોદરામાં સ્ટેટ મોનિટરિંગ સેલનો દારૂ પર દરોડો



(એજન્સી) વડોદરા । । તા. 30

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે પણ બુટલેગરો સતત નવી તરકીબો અજમાવી રહ્યા છે. ત્યારે સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) ની ટીમે વડોદરા-કરજણ રોડ પર કરેલી એક મોટી કાર્યવાહીમાં કન્ટેનરના ચોરખાનામાંથી રૂ. ૬૪.૬૫ લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. આ દરોડામાં કુલ ૮૯ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે અને એક ડ્રાઈવરની અટકાયત કરવામાં આવી છે.

### ગોલ્ડન ચોકડી પાસે ફિલ્મી દ્રશ્યો

બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વડોદરા-કરજણ રોડ પર સઘન વોચ ગોઠવી હતી. દરમિયાન, રાત્રે અંદાજે સાડા ત્રણ વાગ્યાના સુમારે શંકાસ્પદ જણાયેલા એક કન્ટેનરનો પોલીસે પીછો કર્યો હતો. વડોદરાની ગોલ્ડન ચોકડી પાસે ફિલ્મી સ્ટાઈલમાં પોલીસે આ કન્ટેનરને આંતરીને તેની તપાસ શરૂ કરી હતી. કન્ટેનરની અંદર બનાવેલા ખાસ ચોરખાનામાંથી દારૂ અને બિયરની કુલ ૯૩૬ પેટીઓ મળી આવી હતી, જે જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

### ડ્રાઈવરની કબૂલાત અને નેટવર્ક

પોલીસે કન્ટેનરના ડ્રાઈવર રેખારામ ઉર્ફે રાકેશ મોથારામ જાટ (રહે. નિમ્બજ, ઝાલોર, રાજસ્થાન) ની ધરપકડ કરી છે. પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું હતું કે તે આબુરોડ ખાતેથી દારૂ ભરીને નીકળ્યો હતો અને વડોદરાની ગોલ્ડન ચોકડીના પાર્કિંગમાં કોઈ વ્યક્તિ આ માલની ડિલિવરી લેવા આવનાર હતી. પોલીસે સપ્લાયર અને આ દારૂ મંગાવનાર ઈસમોને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

ડ્રાઈવરની પૂછપરછમાં સામે આવ્યું છે કે, રાજસ્થાનથી ગુજરાતમાં દારૂની એક ટ્રિપ પહોંચાડવા બદલ તેને રૂ. ૪૦,૦૦૦ જેવી આકર્ષક રકમ પગાર પેટે આપવામાં આવતી હતી. આ ડ્રાઈવરે એવી પણ કબૂલાત કરી હતી કે તેણે માત્ર દસ દિવસ પહેલા જ આ જ રીતે દારૂની એક ટ્રિપ અમદાવાદ બાયપાસ પાસે સફળતાપૂર્વક પહોંચાડી હતી. આ વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે આંતરરાજ્ય બુટલેગરોનું નેટવર્ક અત્યંત સક્રિય છે.

### મુદ્દામાલ અને તપાસની દિશા

કુલ રૂ. ૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને પોલીસે ડ્રાઈવરને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે, જેથી આ દારૂના નેટવર્ક સાથે જોડાયેલા મુખ્ય સૂત્રધારો સુધી પહોંચી શકાય. આ દરોડાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે કન્ટેનર જેવા મોટા વાહનોમાં ચોરખાના બનાવીને કરાતી દારૂની હેરાફેરી હવે પોલીસ માટે મુખ્ય પડકાર બની છે. સ્ટેટ મોનિટરિંગ સેલની આ કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## વડોદરા આપ પ્રમુખની અટકાયત, નકલી આઈબી બની ધમકાવ્યા હતા

# નકલી આઈબી અધિકારી બની કાર્યકરોને ધમકાવનાર ઝડપાયા

(એજન્સી) આણંદ । તા. 30

ગુજરાતના રાજકીય માહોલમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં આમ આદમી પાર્ટીના જ એક વરિષ્ઠ હોદ્દેદાર પોતાના જ પક્ષના કાર્યકરોને ડરાવવા માટે નકલી ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી) અધિકારી બન્યા હોવાનું બહાર આવ્યું છે. આણંદ સાયબર ક્રાઈમ પોલીસે વડોદરા 'આપ'ના પ્રમુખ અશોક ઓઝા અને તેમના સાથી નીતિન પટેલની અટકાયત કરીને આ સમગ્ર કાવતરાનો પર્દાફાશ કર્યો છે.

થોડા સમય પહેલાં આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પર આક્ષેપ કર્યો હતો કે, એક અજ્ઞાત મોબાઈલ નંબર પરથી 'આપ'ના કાર્યકરોને આઈબીના નામે ધમકી આપવામાં આવી રહી છે. ત્યારબાદ, આણંદના કાર્યકર કેશવ ચૌહાણને પણ તે જ નંબર પરથી ધમકી મળતા તેમણે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ભાજપ કે વિરોધીઓ પર નિશાન સાધવાની તૈયારીમાં રહેલી આમ આદમી પાર્ટી માટે આ આખો કિસ્સો હવે શરમજનક સાબિત થયો છે.

### ટેકનિકલ તપાસમાં ખુલાસો

સાયબર પોલીસે જ્યારે કેજરીવાલ દ્વારા ઉલ્લેખ કરાયેલા મોબાઈલ નંબરની તપાસ કરી, ત્યારે તે આણંદના નીતિન પટેલના નામે સક્રિય હોવાનું જણાયું હતું. પોલીસે નીતિનની અટકાયત કરીને કડક પૂછપરછ કરી ત્યારે તેણે સ્વીકાર્યું કે વડોદરા 'આપ' પ્રમુખ અશોક ઓઝાએ આ નંબરનો ઉપયોગ કર્યો હતો અને તેણે પોતે જ નકલી આઈબી અધિકારી બનીને કાર્યકરોને ફોન કર્યા હતા.

### વર્ચસ્વ જાળવવાની લાલસામાં ફસાયા

પોલીસે અશોક ઓઝાની પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, ફરિયાદી કેશવ ચૌહાણ તેમના રાજકીય હરીફ હતા. પક્ષમાં પોતાનું વર્ચસ્વ અકબંધ રાખવા અને હરીફ કાર્યકરને ડરાવીને બેકફૂટ પર લાવવા માટે જ આ નકલી આઈબી અધિકારી બનવાનું નાટક રચવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, અશોક ઓઝાએ સોશિયલ મીડિયા પર રાજકીય લાભ મેળવવાના આશયથી આ આખા કાવતરાનું આયોજન કર્યું હતું.

### પોલીસ તપાસનો દોર

આ ઘટનાક્રમ બાદ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. જે નેતાઓ આ મામલાને રાજકીય રંગ આપવા માંગતા હતા, તેઓ હવે પોતાના જ પક્ષના પ્રમુખની આવી હરકતને કારણે ભીંસમાં મુકાયા છે. આણંદ સાયબર ક્રાઈમ પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ નેટવર્કમાં અન્ય કોઈ વ્યક્તિઓ કે નેતાઓ સામેલ છે કે કેમ. આ કિસ્સો સાબિત કરે છે કે સત્તા અને વર્ચસ્વની આંધળી દોડમાં ક્યારેક નેતાઓ કાયદાના કુંડાળામાં ખુદ કેવી રીતે ફસાઈ જાય છે.




હાલ અશોક ઓઝા અને નીતિન પટેલ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આણંદ પોલીસે સ્પષ્ટ કર્યું છે કે સાયબર ગુનાઓમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં, પછી તે ગમે તે પક્ષનો હોદ્દેદાર કેમ ન હોય.

**હરણી પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી**

## ન્યુ વીઆઈપી રોડ પર અકસ્માત, કારની ટક્કરથી રિક્ષા પલટતા દંપતી ઈજાગ્રસ્ત

(એજન્સી) વડોદરા । તા. 30

શહેરના ન્યુ વીઆઈપી રોડ પર ચાલતી ખોદકામની કામગીરી અને તેને પગલે સર્જાતી અડચણોને કારણે અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. ગઈરાત્રે પાંજરાપોળ પાસે આવેલી ગ્રામીણ બેન્ક નજીક એક કાર ચાલકે રિક્ષાને ટક્કર મારતા રિક્ષા પલટી ગઈ હતી, જેમાં સવાર દંપતીને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

### અકસ્માતનો ઘટનાક્રમ

મળતી માહિતી મુજબ, વ્હાઈટ વુડાના મકાનમાં રહેતા વિજયભાઈ ઓડે પોતાની પત્ની સાથે રિક્ષામાં ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન પાંજરાપોળ પાસે સામેથી પુરપાટ ઝડપે આવી રહેલી એક કારે રિક્ષાને ટક્કર મારી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે રિક્ષા રસ્તા પર પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં દંપતીને નાની-મોટી ઈજાઓ થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. કાર ચાલકની ઓળખ અચલ જિગ્નેશ પટેલ (રહે. પાવન ધામ સોસાયટી, ગોરવા) તરીકે થઈ છે.

સ્થાનિક રહીશોના મતે, ન્યુ વીઆઈપી રોડ પર છેલ્લા ઘણા સમયથી વિવિધ કામગીરી માટે ખોદકામ કરવામાં આવ્યું છે. રોડ પર ઠેર-ઠેર પડેલા ખાડા અને અધૂરી કામગીરીને કારણે વાહનોની અવરજવર માટે જગ્યા ઓછી પડી રહી છે. ટ્રાફિકની આ સમસ્યાને કારણે વાહનચાલકોને અકસ્માતોનો ભય સતાવી રહ્યો છે. વારંવારની રજૂઆતો છતાં રોડની સ્થિતિ સુધરતી ન હોવાથી સ્થાનિકોમાં પણ રોષની લાગણી જોવા મળી રહી છે.

હરણી પોલીસે વિજયભાઈ ઓડેની ફરિયાદના આધારે કાર ચાલક અચલ જિગ્નેશ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે અકસ્માતની આ ઘટનામાં વધુ તપાસ શરૂ કરી છે. અકસ્માતો ઘટાડવા માટે ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક ધોરણે રસ્તા પરના ખોદકામ અને અવરોધો દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

**લે-વેચના વિવાદમાં કોન્ટ્રાક્ટરને હરણીના ફાર્મ પર લઈ જઈ કરાઈ મારપીટ**

## કલરકામના કોન્ટ્રાક્ટરનું અપહરણ કરી માર મારનાર 6 આરોપીઓ જેલમાં

(એજન્સી) વડોદરા । તા. 30

શહેરમાં કલરકામના કોન્ટ્રાક્ટને લઈને થયેલા વિવાદમાં અપહરણ અને મારપીટની એક ગંભીર ઘટના સામે આવી છે. અટલાદરા પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને અપહરણ કરનાર મુખ્ય આરોપીઓ સહિત કુલ છ લોકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ખિસકોલી સર્કલ પાસે શ્રીજીનગરમાં રહેતા લવકુશ સંજયભાઈ તિવારી કલરકામનો વ્યવસાય કરે છે. તેમણે હરણી ગામમાં રહેતા અને જમીન લે-વેચનું કામ કરતા હાર્દિક પટેલના મકાનનું તથા એક રૂમનું કલરકામ ૨૫ હજારના કોન્ટ્રાક્ટમાં રાખ્યું હતું. મકાનનું કામ ૧૫ દિવસમાં પૂર્ણ થયા બાદ રૂમનું પ્લાસ્ટર બાકી હોવાથી કલરકામનું કામ બાકી રહ્યું હતું.

આ બાબતે ક્રિષ્ણકુમાર ઉર્ફે લાલો અગ્રવાલ, અજય અનિરુદ્ધ વિશ્વકર્મા, સંજય સરોજ અને ઈમરાન ખાન સહિતના શખ્સો લવકુશના ઘરે આવ્યા હતા. તેઓએ લવકુશને બળજબરીથી કારમાં બેસાડીને હાર્દિક પટેલ સાથે વાત કરાવી હતી. ત્યારબાદ, ફરી એકવાર આ શખ્સો લવકુશના ઘરે પહોંચ્યા હતા અને તેને માર મારી કારમાં બેસાડી હરણી રોડ પર આવેલા હાર્દિક પટેલના ફાર્મ હાઉસ પર લઈ ગયા હતા.

### પોલીસની કાર્યવાહી

ભોગ બનનાર લવકુશ તિવારીએ આ મામલે અટલાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગંભીરતા દાખવી હતી. પોલીસે અપહરણ અને મારપીટમાં સંડોવાયેલા છ જેટલા આરોપીઓને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પોલીસની આ ત્વરિત કામગીરીને પગલે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બની છે. હાલ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે કે, શું આ મામલે અન્ય કોઈ વ્યક્તિઓ પણ સંડોવાયેલા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વકરી શકે છે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.

**મિથુન : ક. છ. ઘ.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો.

**કર્ક : ડ. હ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અ ભ ા વ , લ ા લ ચ , જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**સિંહ : મ. ટ.**

આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે.

**તુલા : ર. ત.**

સ્વાસ્થ્ય સારૂ રહેશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂ હશે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રોલ મૉડેલ બનાવવા માટે સખત મહેનત કરો.

**વૃશ્ચિક : ન. ય.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**મકર : ખ. જ.**

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**મીન : દ. ચ. ઝ. થ.**

કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે.

**શાળા વિજ્ઞાન પ્રવાહ માટે શ્રી સરકાર જમીન ફાળવી**

# કોઠંબા તાલુકાના ખારોલ પંચાયતના પાણીયા ગામે નવી ઉચ્ચતર માધ્યમિક શાળા માટે જમીન ફાળવતા ખેડૂતોમાં ઉગ્ર રોષ

## 589 સર્વે નંબરની જમીન પર 100 વર્ષથી ખેતી કરતા ખેડૂતોને 22 હેક્ટર સરકાર અનામત જંગલ જમીનથી અજાણ

જગદીશ ત્રિવેદી | મહીસાગર | તા.30

કોઠંબા તાલુકાના ખારોલ ગ્રામ પંચાયત ના પાણીયા ગામે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા વિજ્ઞાન પ્રવાહના બાંધકામ માટે ખેડૂતોની વર્ષો જૂની ખેતીલાયક જમીન ફાળવી દેવાતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. સર્વે નંબર 589 વાળી જમીન પર 100 વર્ષથી ખેતી કરતા 46 ખેડૂત પરિવારોની ગુજરાન છીનવાઈ જતા ગામમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પાણીયા ગામના સર્વે નંબર 589 વાળી આશરે 22 હેક્ટર કે જે જમીન સરકાર અનામત જંગલના નામે ફળવાયેલી છે તે જમીન પર ગામના 46 ખેડૂત પરિવારો છેલ્લા 100 વર્ષથી ખેતી કરી ગુજરાન ચલાવે છે. કોઈની પાસે પાકા દસ્તાવેજ નથી, પરંતુ પેઢી દર પેઢીથી આ જમીન જ તેમની રોજીરોટીનું સાધન છે. તંત્ર દ્વારા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા વિજ્ઞાન પ્રવાહ માટે આ જમીનની માપણી કલેકટરના હુકમથી 589/પૈકી-1થી નંબર જમન/વ. હુકમ-3/વશી/ 6062-6071/20 થી તારીખ 16/9/2020 ના રોજ હુકમ કરવામાં આવેલ છે. જેને લઈ ખેડૂતોના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. અગાઉ પૂર્વ સાંસદ રતનસિંહ રાઠોડ દ્વારા જેલ બાંધકામ માટે અને મહેસૂલ વિભાગ તેમજ શિક્ષણ વિભાગની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે જમીનની માપણી કરવા પહોંચી હતી. જેની જાણ થતા મોટી સંખ્યામાં ખેડૂતો,મહિલાઓ અને બાળકો સાથે ખેતરે દોડી આવ્યા હતા. "અમારા બાપદાદાની જમીન લઈ લેશો તો અમે ખાશું શું?" શિક્ષણના મંદિર માટે ખેડૂતોને નિરાધાર બનાવવાનો તંત્રનો નિર્ણય હાલ તો મોટા આંદોલનના એંધાણ આપી રહ્યો છે.

**ખેડૂતોનો ઉગ્ર વિરોધ |** ખારોલ ગામના સવાભાઈ વણકર અને પાણીયા ગામના ભેમાભાઈ નાનાભાઈ બારીયાએ આક્રોશ સાથે જણાવ્યું કે, "મારા બાપે આ જમીનમાં ખેડ કરી, મેં કરી અને હવે મારા છોકરા કરે છે. અમારી પાસે બીજી એક વીઘું જમીન નથી. શાળા બનાવો તેનો વાંધો નથી, પણ ગામમાં સરકારી પડતર જમીન પુષ્કળ છે. અમારી રોટલી છીનવીને શાળા બનાવશો તો અમારા છોકરા ભણશે કેવી રીતે?"

**46 પરિવારો રસ્તા પર આવશે |** આ જમીન પર કપાસ, મકાઈ અને ડાંગર નું વાવેતર કરી 46 પરિવારોનું ગુજરાન ચાલે છે. શાળા માટે જમીન સંપાદન થશે તો આ તમામ પરિવારો જમીનવિહોણા અને બેરોજગાર બની જશે. આ જમીન પાણીયાના ગ્રામજનો દ્વારા જણાવ્યા પ્રમાણે ખારોલ સ્ટેટના રાજાએ જે તે સમયે ઈનામમાં આપેલી જમીન છે. પરંતુ તેના પુરાવા હાલમાં ઉપલબ્ધ નથી.

**ગ્રામસભામાં ઠરાવ |** ગ્રામજનોએ કલેક્ટર મહિસાગર અને એસડીએમ લુણાવાડાને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી છે. આ ઉપરાંત ખારોલ ગામથી છ કિલોમીટર દૂર રામ બારીયાના મુવાડા અને પાણીયા ગામને આગવી પંચાયત ફાળવવામાં આવે તેવી 2018મા માગણી કરાઈ છે. તે માટે તમામ ઠરાવ ગાંધીનગર સુધી મોકલાવવામાં આવેલ છે.

## શ્રી મારું કંસારા મહિલા મંડળ અને યુવક મંડળ, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે પુરુષોત્તમ માસ નિમિત્તે ભવ્ય પંચાવ જમણવાર અને શ્રીનાથજીની ઝાંખીનું સફળ આયોજન

| મહેશ એલ. સોની | નખત્રાણા

જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે તા. 24/05/2026 ના રોજ ધાર્મિક ફાર્મ A/C હોલ ખાતે પંચાવ જમણવાર અને "શ્રીનાથજીની ઝાંખી" નું અત્યંત ભક્તિભર્યું અને સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની વિશેષ આકર્ષણ બની મહિલા મંડળ દ્વારા આયોજિત બહારગામથી બોલાવેલ મંડળીની શ્રીનાથજીની ઝાંખી. મહિલા મંડળની બહેનોએ સ્ટેજ પર શ્રીનાથજીની પિછવાઈ અને ભવ્ય ડેકોરેશન સજાવીને, શ્રીગોવર્ધન નાથજીનો સુંદર શૃંગાર કરી શ્રીજીને પલનામાં ઝુલાવ્યા હતા. જ્ઞાતિની બહેનોએ પોતપોતાના ઘરેથી શ્રીજી માટે વિવિધ સામગ્રી બનાવી ધરાવી હતી તેમજ આંબા મનોરથના ભાવરૂપે કેરી પણ ધરાવવામાં આવી હતી. ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોએ શ્રીનાથજીના અલૌકિક દર્શનનો લાભ લીધો હતો. ગાયકવૃંદના સથવારે રાસની રમઝટ, હોરી-રસિયા ખેલ અને નંદભયાનો ઉત્સાહપૂર્વક પ્રત્યેક જ્ઞાતિજન ભક્તિરસમાં તરબોળ બન્યા હતા. "આજ ગિરાજ પધાર્યા મારે ઘેર રે"ના સૂરે હોલ ગુંજી ઊઠ્યો હતો. આ સમગ્ર આયોજનને મહિલા મંડળના પ્રમુખ સોનલબેન છત્રાળા સાથે ક્રિષ્નાબેન બારમેડા, હર્ષીતાબેન પરમાર, રંજનબેન પોમલ, રક્ષાબેન પરમાર, પારુલબેન બુદ્ધ, મીનાબેન સોલંકી, પૂર્ણાબેન હેડાવ અને અર્ચનાબેન બુદ્ધના સહિયારા પ્રયાસોએ ચાર ચાંદ લગાવી દીધા હતા. જ્ઞાતિજનો માટે બપોરે ચા અને સાંજે અજીતભાઈ એમ. બુદ્ધભટ્ટી દ્વારા પાઈનેપલ શરબતની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર ગુજરાતમાંથી બહોળી સંખ્યામાં પધારેલા આમંત્રિત જ્ઞાતિજનોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી ત્યારબાદ વિવિધ વ્યંજનો સાથે ભોજન સમારંભનો આનંદ માણ્યો હતો.

## અરજન્ટ જરૂરિયાત વચ્ચે હાસ્ય કલાકાર પ્રભુભાઈ આહીરે કર્યું રક્તદાન

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)




કચ્છના જાણીતા હાસ્ય કલાકાર પ્રભુભાઈ આહીરે માનવતા અને સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા આજે ભુજ સ્થિત જીવન જ્યોત બ્લડ બેંક ખાતે એક અજાણ્યા પેશન્ટ માટે અરજન્ટ જરૂરિયાત ઉભી થતાં રક્તદાન કર્યું હતું.જ્યારે દર્દી માટે તાત્કાલિક રક્તની જરૂરિયાત હોવાનું જાણવા મળ્યું ત્યારે પ્રભુભાઈ આહીર તરત જ બ્લડ બેંક પહોંચ્યા હતા અને નિઃસ્વાર્થ ભાવથી રક્તદાન કરી માનવસેવાનું પ્રેરણાદાયી કાર્ય કર્યું હતું.પ્રભુભાઈ આહીરના આ સેવાકાર્યને લોકો દ્વારા ખૂબ બિરદાવવામાં આવી રહ્યું છે. સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાય અને વધુ લોકો આગળ આવે તેવો સંદેશ પણ તેમના આ કાર્ય દ્વારા પ્રસરી રહ્યો છે.

**'અધિક જેઠ માસ' એટલે કે 'પુરુષોત્તમ માસ'**

## સાળંગપુરધામમાં પુરુષોત્તમ માસ નિમિત્તે કષ્ટભંજનદેવ દાદાને નાળિયેરની થીમનો દિવ્ય શણગાર

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.30.



વિશ્વપ્રસિદ્ધ તીર્થધામ સાળંગપુર ખાતે આવેલ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં પવિત્ર 'અધિક જેઠ માસ' એટલે કે 'પુરુષોત્તમ માસ' નિમિત્તે ભક્તિસભર આયોજનો કરવામાં આવ્યા છે. અધિક માસમાં "મારા દાદાને અધિક શણગાર"ની વિશેષ સેવા અંતર્ગત પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી આજે તા. ૩૦-૦૫-૨૬, શનિવારના રોજ દાદાને ચાંદીનો મુકુટ સાથે મોર અને નાળિયેરની થીમ પર મોતી-જરદોશી વર્ક કરાયેલા અત્યંત આકર્ષક અને દિવ્ય વાઘા ધરાવી, મંદિર ગર્ભગૃહમાં નાળિયેરની અનોખી થીમ પર ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. દાદાના ચરણોમાં ૧૦૮ કિલો શુદ્ધ સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. શનિવારના દિવસે વહેલી સવારે ૦૫:૩૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા દાદાની મંગળા આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ સવારે ૦૭:૦૦ કલાકે કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના હસ્તે શણગાર આરતી ઉતારવામાં આવી હતી. અનેક શ્રદ્ધાળુઓએ દાદાના શિખરે ધજા ચઢાવી ધન્યતા અનુભવી હતી. ભક્તોએ દાદાના દિવ્ય શણગાર, આરતી દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ લઈ કૃતાર્થતા અનુભવી હતી. મંદિર પ્રશાસન દ્વારા જણાવ્યા અનુસાર, આ પવિત્ર અધિકમાસ નિમિત્તે સર્વે ભક્તોના જીવનમાં પારિવારિક શાંતિ, સુખ અને સમૃદ્ધિ જળવાઈ રહે તે અર્થે મંદિરના વિશાળ પટાંગણમાં એક વિશેષ 'શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞ આગામી તા. ૧૭ મે થી શરૂ છે જે તા.૧૫ જૂન ૨૦૨૬ સુધી સતત ચાલશે. યજ્ઞનો દરરોજ સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોર પછી ૦૩:૦૦ થી સાંજના ૦૬:૩૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે, જેમાં મોટી સંખ્યામાં ભૂદેવો આહુતિ આપી રહ્યા છે.મંદિર પરિસર માં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

**સરકારશ્રીના રેકોર્ડ, ગેજેટ તથા જમીનના દસ્તાવેજોની યોગ્ય તપાસ કરીને કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી ગામજનોએ માંગ**

## નિરોણા ગામમાં વિવાદિત જમીન મુદ્દે બેઠક યોજાઈ ફોરેસ્ટ વિભાગ અને ગ્રામ પંચાયત વચ્ચે માલિકી હક મુદ્દે ચર્ચા

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)



નિરોણા ગ્રામ પંચાયત હોલ ખાતે નખત્રાણા ફોરેસ્ટ વિભાગ અને ગ્રામજનો વચ્ચે વિવાદિત જમીન મુદ્દે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જમીનના માલિકી હક સંબંધિત મુદ્દાઓ અંગે બંને પક્ષો દ્વારા દાવા અને રજૂઆતો કરવામાં આવી હતી.ગ્રામજનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે અમુક ટાવર વિસ્તારમાં આવેલા ખેડૂતોના સર્વે નંબરો ફોરેસ્ટ વિભાગની હદમાં દર્શાવવામાં આવતા હોવાથી ખેડૂતોમાં મૂંઝવણ સર્જાઈ છે. તે સમયે ગામનું જમીન પ્રમોલ્ગેશન પૂર્ણ ન થતાં મૂળ સર્વે નંબરો નકશામાં દર્શાવવામાં આવ્યા નહોતા, જેના કારણે વિસંગતતા ઉભી થઈ હોવાનું જણાવાયું હતું. ગ્રામ પંચાયત દ્વારા જણાવાયું હતું કે સરકારશ્રીના રેકોર્ડ મુજબ 1963માં આ જમીન ગૌચર તરીકે નોંધાયેલી હતી, જ્યારે 1973માં સરકારશ્રી દ્વારા ગેજેટ આધારે આ જ જમીન ફોરેસ્ટ વિભાગને ફાળવવામાં આવી હોવાનું ફોરેસ્ટ વિભાગે જણાવ્યું હતું.ફોરેસ્ટ વિભાગ પાસે જમીન સંબંધિત ગેજેટ અને નકશા હોવાનું જણાવાયું હતું, જ્યારે ગ્રામ પંચાયત પાસે ૭/૧૨ અને ૮-અના ઉતારા ઉપલબ્ધ છે. બંને પક્ષો દ્વારા એક જ જમીન પર માલિકી હકનો દાવો થતાં અવારનવાર ઘર્ષણ સર્જાતું હોવાનું બેઠકમાં ચર્ચાયું હતું.ગ્રામ પંચાયત દ્વારા માંગ કરવામાં આવી હતી કે જમીન અંગેની નોંધ અને માલિકી હકનો મુદ્દો સ્પષ્ટ થયા બાદ જ કોઈપણ પ્રકારની કામગીરી શરૂ કરવામાં આવે.માહીતી આપતા સરપંચ શ્રી એન.ટી. આહીરે જણાવ્યું હતું કે ગામજનો અને ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખી પારદર્શક તપાસ થવી જરૂરી છે. સરકારશ્રીના રેકોર્ડ, ગેજેટ તથા જમીનના દસ્તાવેજોની યોગ્ય તપાસ કરીને કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી ગામજનોએ માંગ કરી છે.બેઠકમાં ગામના આગેવાનો તથા પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. ફોરેસ્ટ વિભાગ તરફથી સરવૈયા સાહેબ, રામભાઈ ગઢવી સાહેબ તથા અન્ય સ્ટાફ હાજર રહ્યો હતો.

## બજરંગ દળના કાર્યકરોએ ધાર્મિક વિધિ પ્રમાણે ખાડો ખોદીને મૃત વાનરની દફનવિધિ કરી

કમલેશ પટેલ. સંખેડા | તા.30



સંખેડા તાલુકાના કછાટા ગામે વીજ કરંટ લાગવાથી એક વાનરનું મૃત્યુ થયું હતું. આ ઘટનાની જાણ થતાં વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળના કાર્યકરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કાર્યકરોએ મૃત વાનરની તપાસ કરી અને તેના મૃત્યુની પુષ્ટિ કરી હતી. ત્યારબાદ, તેમણે જરૂરી સાધનસામગ્રી એકઠી કરીને વાનરના મૃતદેહને દફનાવવાની વ્યવસ્થા કરી. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ ધાર્મિક વિધિ પ્રમાણે ખાડો ખોદીને મૃત વાનરની દફનવિધિ કરી હતી.

**ગૌસેવા બની જીવનરક્ષા: નંદી મહારાજને બચાવવા ગૌપ્રેમીઓ દોડી આવ્યા**

## નખત્રાણા મધ્યે પાણીના મોટા ટાંકામાં બે દિવસથી ફસાયેલા નંદી મહારાજનો ગૌપ્રેમીઓએ કર્યો જીવદયા ભર્યો બચાવ

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા ખાતે ગઈકાલે હિન્દુ યુવા સંગઠન ગૌ રક્ષક દળની ટીમને જાણ મળી હતી કે વાડી વિસ્તારના મોટા ટાંકામાં એક બિનવારસી નંદી મહારાજ છેલ્લા બે દિવસથી ફસાયેલા હાલતમાં છે. માહિતી મળતા જ સંગઠનના કાર્યકરો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.ગૌપ્રેમીઓના સહયોગથી ભારે જહેમત બાદ નંદી મહારાજને સલામત રીતે ટાંકામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. બચાવ કામગીરી દરમિયાન મોટી સંખ્યામાં ગૌસેવા અને જીવદયા પ્રેમી ભાઈઓ જોડાયા હતા અને સેવાકાર્યમાં સહભાગી બન્યા હતા.આ અંગે નખત્રાણા-કચ્છના જીવદયા પ્રેમી મમુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે મૂંગા પશુઓની સેવા અને રક્ષા કરવી એ દરેકની નૈતિક જવાબદારી છે. સમયસર માહિતી મળતા ગૌ રક્ષક દળ અને સ્થાનિક ગૌપ્રેમીઓના સહકારથી નંદી મહારાજનો જીવ બચાવી શકાયો હતો. તેમણે લોકોને પણ અપીલ કરી હતી કે આવા સંજોગોમાં તાત્કાલિક જાણ કરી જીવદયા કાર્યોમાં સહયોગ આપે.આ સેવાકાર્ય બદલ સ્થાનિક લોકો દ્વારા હિન્દુ યુવા સંગઠન ગૌ રક્ષક દળ અને તમામ ગૌપ્રેમીઓની પ્રશંસા કરવામાં આવી હતી.

**મદારી માત્ર મનોરંજન પૂરતો નહોતો**

## મદારીના ખેલ : હવે ઓક્સિજન પર જીવતી લોકકળા

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

એક સમય હતો જ્યારે ગામડાની ગલીઓમાં ડુગડુગીનો અવાજ સંભળાતાં જ બાળકો થી લઈને વડીલો સુધી સૌ દોડી આવતા. "મદારી આવ્યો... મદારી આવ્યો..." ના અવાજ સાથે ચોરાહે ભીડ જામતી અને શરૂ થતો લોકમનોરંજનનો અદ્ભુત ખેલ. વાંદરો, રીંછ, સાપ, જાદુના ખેલ અને રમૂજી વાતો દ્વારા લોકોનું મનોરંજન કરનાર મદારી આજે પોતાનું અસ્તિત્વ બચાવવા સંઘર્ષ કરી રહ્યો છે.આધુનિક યુગમાં મોબાઈલ, ટીવી અને સોશિયલ મીડિયા ના વધતા પ્રભાવ વચ્ચે મદારીની આ પ્રાચીન કળા ધીમે ધીમે લુપ્ત થવાની કગાર પર પહોંચી ગઈ છે. અગાઉ ગામેગામ ફરીને રોજી-રોટી મેળવનાર કલાકારોને આજે પૂરતું દર્શકવર્ગ પણ મળતું નથી. પ્રાણીઓના ઉપયોગ પર લાગેલા કાયદાકીય પ્રતિબંધો અને બદલાતી જીવનશૈલીના કારણે પરંપરાગત ખેલ હવે બહુ ઓછા જોવા મળે છે.મદારી માત્ર મનોરંજન પૂરતો નહોતો, પરંતુ તે લોકસંસ્કૃતિનો જીવંત અંશ હતો. તેના ખેલમાં હાસ્ય, સંદેશ, ચતુરાઈ અને જીવનના પાઠ છુપાયેલા રહેતા. બાળકોમાં આનંદ સાથે જાગૃતતા પણ આવતી. પરંતુ હવે નવી પેઢી આ કળાથી અજાણી બની રહી છે.આ લોકકળાને જીવંત રાખવા માટે સરકાર, સાંસ્કૃતિક સંસ્થાઓ અને સમાજે આગળ આવવાની જરૂર છે. લોકમેળા, શાળાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મદારીના ખેલને સ્થાન મળે તો આ કળાને નવું જીવન મળી શકે. કલાકારોને આર્થિક સહાય અને તાલીમની વ્યવસ્થા પણ સમયની માંગ છે.આજે મદારીના ખેલ ખરેખર "ઓક્સિજન પર" છે, પરંતુ યોગ્ય પ્રોત્સાહન મળે તો આ લોકકળા ફરીથી સમાજમાં જીવંત બની શકે છે. આપણા સંસ્કૃતિના આવા વારસાને બચાવવો એ સૌની જવાબદારી છે.



**"દીકરા-દીકરીને વારસામાં દાગીના નહીં, શિક્ષણનું ભાથું આપજો"નો સંદેશ**

## 20 હજાર નોટબુક અને 500 સ્કૂલબેગ વિતરણ સાથે,વિદ્યાર્થીઓનું સન્માન રબારી સમાજે શિક્ષણ, સંગઠન અને સંસ્કાર પર મૂક્યો ભાર

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના સુખપર (રોહા) ખાતે અખિલ કચ્છ માકપટ રબારી સમાજ દ્વારા ભવ્ય "સરસ્વતી સન્માન સમારોહ" યોજાયો હતો. કાર્યક્રમમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, નોટબુક અને સ્કૂલબેગ વિતરણ તેમજ સમાજના નવનિયુક્ત ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સમાજના આગેવાનોએ સંદેશ આપ્યો હતો કે સંસ્કાર સાથેનું શિક્ષણ અને મજબૂત સંગઠન સમાજ ઉત્થાનનો સાચો પાયો છે. સમાજના વડીલોએ ખાસ કરીને ભારપૂર્વક જણાવ્યું હતું કે માતા-પિતાએ પોતાના દીકરા-દીકરીને વારસામાં ધન-દોલત કે દાગીના નહીં, પરંતુ શિક્ષણનું અમૂલ્ય ભાથું આપવું જોઈએ.

આ પ્રસંગે ધોરણ 10 અને 12 ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ 10 ના 31 તથા ધોરણ 12 ના 33 વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને અભિનંદન સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત સમાજ દ્વારા કુલ 20,000 નોટબુકો તથા 500 સ્કૂલબેગ રાહતદરે વિતરણ કરવામાં આવ્યા હતા.





કાર્યક્રમમાં સાધુ-સંતો, ભુવાજી, સામાજિક આગેવાનો અને પાંચ તાલુકાના રબારી સમાજના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ચિત્રાધાર ટેકરીથી બાલકનાથ બાપુ સહિત વિવિધ આગેવાનોએ આશીર્વચન પાઠવી સમાજને શિક્ષણ, સંસ્કાર અને સંગઠનના માર્ગે આગળ વધવા પ્રેરિત કર્યું હતું.સમાજના વક્તાઓએ જણાવ્યું હતું કે આજના વિદ્યાર્થીઓ આવતીકાલનું ભવિષ્ય છે. સમાજે કુરિવાજો, વ્યસન, અંધશ્રદ્ધા અને બિનજરૂરી ફેશનથી દૂર રહી બાળકોને શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ પ્રોત્સાહિત કરવા જોઈએ. ડિજિટલ અને એઆઈના યુગમાં મોબાઈલનો સદુપયોગ કરી સરકારી ભરતી, શૈક્ષણિક માર્ગદર્શન અને ધંધાકીય વિકાસ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની પણ અપીલ કરવામાં આવી હતી.વક્તાઓએ ગૌરવ સાથે જણાવ્યું હતું કે રબારી સમાજ આજે શિક્ષણ, ઉદ્યોગ અને રાજકારણ સહિત અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યો છે. તાજેતરમાં વિવિધ રાજકીય પક્ષો દ્વારા સમાજના 24 આગેવાનોને ટિકિટ ફાળવવામાં આવી હતી, જેમાંથી 21 જેટલા ઉમેદવારો વિજયી બન્યા હતા.

## કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા નિર્માણધીન અત્યાધુનિક ગૌશાળા તથા એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટરની મુલાકાત

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.30.



મહાનગરપાલિકા, જૂનાગઢના કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા આજે શહેરના વિવિધ વિસ્તારોમાં કાર્યરત ઢોર ડબ્બા, નિર્માણધીન આધુનિક ગૌશાળા તેમજ એનિમલ શેલ્ટર હોમની રૂબરૂ મુલાકાત લઈને પકડાયેલા ગૌવંશ અને અન્ય પ્રાણીઓની સુખાકારી તેમજ જાળવણી અંગેની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. કમિશનરશ્રીએ આ આકસ્મિક નિરીક્ષણ દરમિયાન જૂના બાયપાસ પર ખામધ્રોળ ચોકડી પાસે ટોરેન્ટ ગેસની બાજુમાં આવેલા ટોરેન્ટ ડેલા તેમજ સુખનાથ ચોક ખાતે ફિલ્ટર પ્લાન્ટની સામે આવેલા સાવજના ડેલાની મુલાકાત લીધી હતી. આ સાથે જ તેમણે ત્રિમંદિર અને મન વૃધ્ધાશ્રમની સામે નવી બનેલ ગૌશાળા, ઝાંઝરડા રોડ પર કાયાકલ્પ હોસ્પિટલની પાછળ બની રહેલી નવી અત્યાધુનિક ગૌશાળા તેમજ હાલ નિર્માણ હેઠળના એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર અને ડોગ શેલ્ટર હોમની પણ રૂબરૂ મુલાકાત લઈને સમગ્ર વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા પશુઓની સુખાકારી માટે અધિકારીશ્રીઓને સ્થળ પર જ અત્યંત મહત્વના અને કડક સૂચનો આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ગૌવંશ માટે આપવામાં આવતા આહારમાં કોઈ બાંધછોડ કર્યા વિના નિયમિતપણે ગુણવત્તાયુક્ત લીલો ચારો તેમજ સૂકો ચારો પૂરતા પ્રમાણમાં આપવો જરૂરી છે.

## એશિયાના અન્ય દેશોનું ચલણ કેમ વધી રહ્યું છે

# ડોલર સામે રૂપિયો ગગડ્યો, એશિયાના દેશોમાં ચલણ કેમ મજબૂત

## ડૉલર સામે રુપિયો કેમ નબળો પડ્યો? પાકિસ્તાન સહિતના અન્ય દેશોની કરન્સી મજબૂત થઈ

સામાન્ય આર્થિક સિદ્ધાંત એવું કહે છે કે જે દેશની અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધતી હોય, તેની કરન્સી (ચલણ) મજબૂત થાય છે. ભારતનો આર્થિક વૃદ્ધિ દર હાલમાં ચીન કરતાં પણ વધુ છે, છતાં ભારતીય રૂપિયો સતત નબળો પડીને અમેરિકન ડોલર સામે આશરે 96ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો છે. છેલ્લા બે વર્ષમાં જ તેમાં 14.75%નો ઘટાડો નોંધાયો છે. આ પરિસ્થિતિ પર પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ સહિતના નિષ્ણાતો સવાલ ઉઠાવી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે ભારતની આસપાસના અન્ય એશિયન દેશોની મુદ્રાઓ ડોલર સામે મજબૂત પ્રદર્શન કરી રહી છે.

### 1. મલેશિયા (રિંગિટ - Ringgit):

મલેશિયાની કરન્સી રિંગિટ છેલ્લા 7 વર્ષના સૌથી મજબૂત સ્તરે પહોંચી ગઈ છે. પાછલા વર્ષે તેમાં 9.25%નો ઉછાળો આવ્યો હતો, જ્યારે તે જ સમયે ભારતીય રૂપિયો 4.40% તૂટ્યો હતો. મલેશિયાની મજબૂતી પાછળ તેમનું કરન્ટ એકાઉન્ટ સરપ્લસ (Current Account Surplus), 4.9%નો જીડીપી ગ્રોથ રેટ અને એફડીઆઈ (FDI)માં થયેલો જંગી વધારો છે. ત્રીજા ક્વાર્ટરમાં ત્યાં વિદેશી રોકાણ વધીને 8.5 અબજ રિંગિટ થઈ ગયું હતું. મુક્ત વ્યાપાર કરારો અને કુશળ રાજદ્વારી નીતિના કારણે રોકાણકારોનો ભરોસો વધ્યો છે.

### 2. થાઈલેન્ડ (બાટ - Baht):

થાઈલેન્ડની મુદ્રા બાટ જાન્યુઆરીમાં મજબૂત થઈને પ્રતિ ડોલર 31 થી નીચે પહોંચી ગઈ હતી, જે જૂન 2021 પછીનું સૌથી શ્રેષ્ઠ સ્તર છે. થાઈલેન્ડનું અમેરિકા સાથેનું ટ્રેડ સરપ્લસ વધીને 51.3 અબજ ડોલર થઈ ગયું છે, જેમાં તેમના ઈલેક્ટ્રોનિક્સ નિકાસની મોટી ભૂમિકા છે. કરન્ટ એકાઉન્ટ સરપ્લસના કારણે તેમની ઉદાર નાણાકીય નીતિ હોવા છતાં બાટ મજબૂત રહ્યો છે.

### 3. સિંગાપોર (સિંગાપોર ડોલર):

વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના કારણે આવેલા બૂમનો સૌથી મોટો ફાયદો સિંગાપોરને મળ્યો છે. પ્રથમ ક્વાર્ટરમાં સિંગાપોરનો જીડીપી ગ્રોથ 6% રહ્યો છે. એપ્રિલ મહિનામાં સિંગાપોરના નોન-ઓઈલ ઘરેલું નિકાસમાં 24.5% અને ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં 66.7%નો ઐતિહાસિક ઉછાળો નોંધાયો હતો, જેના કારણે સિંગાપોર ડોલર છેલ્લા પાંચ મહિનામાં 1% મજબૂત થયો છે. હાલમાં 1 યુએસ ડોલર બરાબર 1.28 સિંગાપોર ડોલર થાય છે.

### 4. પાકિસ્તાન (પાકિસ્તાની રૂપિયો):

ભારતીય રૂપિયામાં ચાલુ વર્ષે 6%થી વધુનો ઘટાડો થયો છે, તેની સામે પાકિસ્તાનનો રૂપિયો છેલ્લા 6 મહિનામાં 1.31% મજબૂત થઈને 278 પ્રતિ ડોલર પર સ્થિર છે. પાકિસ્તાનને માર્ચ ક્વાર્ટરમાં મળેલું કરન્ટ એકાઉન્ટ સરપ્લસ, સાઉદી અરેબિયા તરફથી મળેલી નાણાકીય મદદ અને યુરોબોન્ડ માર્કેટમાં વાપસીના કારણે રોકાણકારોનો ડર ઓછો થયો છે.

### ભારતીય રૂપિયો નબળો પડવા પાછળના મુખ્ય કારણો

ટ્રમ્પની ટેરિફ નીતિ અને વૈશ્વિક સંઘર્ષ: અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય સામાન પર લાદવામાં આવેલી ભારે આયાત જકાત (Import Duties) અને ઈરાન યુદ્ધના કારણે સર્જાયેલા ઊર્જા સંકટે રૂપિયાને પછાડ્યો છે.વિદેશી મૂડીની નિકાસ (FII Outflow): મે મહિનાના અંત સુધીમાં વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી રેકોર્ડ 23 અબજ ડોલરના શેર વેચીને નાણાં પાછા ખેંચી લીધા છે, જેના કારણે કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ (ચાલુ ખાતાની ખાધ)ને સંતુલિત રાખવી મુશ્કેલ બની છે. રૂપિયાના અવમૂલ્યનની અસરો (નુકસાન અને ફાયદા)

નુકસાન: રૂપિયો નબળો થવાથી ભારત જે વસ્તુઓની આયાત કરે છે (જેમ કે ક્રૂડ ઓઈલ, રાંધણ ગેસ, ખાતર અને ઈલેક્ટ્રોનિક્સ) તે તમામ વસ્તુઓ મોંઘી થાય છે, જેનાથી દેશમાં મોંઘવારી વધે છે.

ફાયદા: આનો બીજો પક્ષ એ છે કે કમજોર રૂપિયાના કારણે ભારતની નિકાસ (Exports) વૈશ્વિક બજારમાં સસ્તી અને વધુ સ્પર્ધાત્મક બને છે. આ ઉપરાંત, વિદેશમાં રહેતા ભારતીયો જે પૈસા (Remittance) દેશમાં મોકલે છે તેના પર વધુ વળતર મળે છે. માર્ચ 2025 સુધીના એક વર્ષમાં ભારતને 135 અબજ ડોલરથી વધુનું રેમિટન્સ મળ્યું હતું. ભારતનો જીડીપી ગ્રોથ રેટ સારો હોવા છતાં રૂપિયો ઘટી રહ્યો છે તે દર્શાવે છે કે માત્ર આર્થિક વૃદ્ધિ જ કરન્સીની મજબૂતી નક્કી નથી કરતી. ભારત મોટેભાગે 'આયાત-પ્રધાન' (Import-dependent) દેશ છે, ખાસ કરીને ઊર્જા અને ક્રૂડ ઓઈલ માટે. જ્યારે સિંગાપોર, થાઈલેન્ડ કે મલેશિયા જેવા દેશો 'નિકાસ-પ્રધાન' (Export-driven) છે અને તેમની પાસે કરન્ટ એકાઉન્ટ સરપ્લસ છે.

## GJEPC એ જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટર માટે ભારતની સૌ પ્રથમ ઈન્ડસ્ટ્રી-આધારિત ઈનોવેશન ચેલેન્જ લોન્ચ કરી

મુંબઈ : ભારતમાં અગ્રણી વેપાર સંસ્થા જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ(GJEPC)એ SINE, IIT બોમ્બેના સહયોગથી સૌપ્રથમ જ્વેલસ્ટાર્ટ ઈન્ડસ્ટ્રી ઈનોવેશન ચેલેન્જ(JewelStart Industry Innovation Challenge) શરૂ કરવાની જાહેરાત કરી છે. આ એક રાષ્ટ્રીય પ્રોગ્રામ છે જે ભારતની સૌથી પ્રતિષ્ઠિત નિકાસકર્તા સેક્ટરો પૈકીના એક જ્વેલરી ઈન્ડસ્ટ્રીઝમાં પરિવર્તન લાવનારા ઈનોવેશન તથા ટેકનોલોજી સ્ટાર્ટઅપ્સને ઓળખવા અને તેમને ઝડપથી આગળ વધારવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામ માટે અરજી પ્રક્રિયા 25 મે 2026ના રોજથી શરૂ થઈ ચૂકી છે અને પાંચ તબક્કાની યોગ્ય મૂલ્યાંકન પ્રક્રિયા બાદ ઓગસ્ટ 2026માં અંતિમ વિજેતા સમૂહ ની જાહેરાત કરવામાં આવશે તેવી અપેક્ષા છે.આ પડકાર સ્ટાર્ટઅપ્સ, ઈનોવેટર્સ અને ટેકનોલોજી સોલ્યુશન પ્રોવાઈડર્સને જ્વેલરી ઉદ્યોગની સંપૂર્ણ વેલ્યુ ચેઈન કે જેમાં મેન્યુફેક્ચરિંગ,રિટેલ,સપ્લાય ચેઈન, સસ્ટેનેબિલિટી, ઓટોમેશન,ટ્રેસેબિલિટી,ડિઝાઈન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનનો સમાવેશ થાય છે – તેની મહત્વની જરૂરિયાતોને ઉકેલવા માટે આમંત્રિત કરે છે. GJEPCના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે, "ભારતનો જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગ હંમેશા કારીગરી એટલે કે ક્રાફ્ટ્સમેનશીપ અને વૈશ્વિક વિશ્વાસના પાયા પર નિર્માણ પામ્યો છે.

# News Brief

## પેટ્રોલ-ડીઝલ અને ગેસનો પૂરતો જથ્થો, અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ

નવી દિલ્હી: દેશમાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસના પુરવઠાને લઈને ફેલાઈ રહેલી અફવાઓ વચ્ચે સરકાર દ્વારા મોટું નિવેદન આપવામાં આવ્યું છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ સ્પષ્ટ કર્યું છે કે દેશમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ ગભરાવાની કે અફવાઓ પર ધ્યાન આપવાની કોઈ જરૂર નથી. સરકાર ઈંધણ સુરક્ષાને મજબૂત કરવા માટે વ્યૂહાત્મક અનામત વધારવા અને પુરવઠો અવિરત ચાલુ રાખવા માટે તમામ પ્રયાસો કરી રહી છે.સરકારી અધિકારીએ ખાતરી આપી છે કે દેશની તમામ રિફાઈનરીઓ અત્યારે તેમની સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરી રહી છે. એલપીજીનું ઉત્પાદન અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે, લગભગ 90 ડીએમટી પ્રતિ દિવસ પહોંચ્યું છે. એલપીજીના વિતરણમાં પણ કોઈ અછત નોંધાઈ નથી. જોકે, સરકારે સ્વીકાર્યું છે કે છૂટક વેચાણ કેન્દ્રો પર કેટલીક જગ્યાએ અસામાન્ય માંગ જોવા મળી રહી છે, જેનું મુખ્ય કારણ કૃષિ ક્ષેત્રની માંગ અને જથ્થાબંધ ખરીદી હોવાનું માનવામાં આવે છે. દેશના 14 જિલ્લાઓમાં પેટ્રોલના વેચાણમાં 100 ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે, જેની સરકારે ગંભીર નોંધ લીધી છે.ઈંધણની સંગ્રહખોરી અને ગેરકાયદેસર ડાયવર્ઝન રોકવા માટે સરકાર દ્વારા enforcement ની કાર્યવાહી સઘન બનાવવામાં આવી છે. છેલ્લા ચાર દિવસમાં એલપીજીની સંગ્રહખોરી રોકવા માટે 6,500 થી વધુ દરોડા પાડવામાં આવ્યા છે, જેમાં 5 એફઆઈઆર નોંધીને બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. તે જ રીતે, છૂટક વેચાણ કેન્દ્રો પર બે દિવસમાં 900 દરોડા પાડીને હજારો લીટર પેટ્રોલ અને ડીઝલ જપ્ત કરવામાં આવ્યું છે અને 15 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## IIFCLનો મોટો લક્ષ્યાંક

## નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૭૫ હજાર કરોડની મંજૂરી

નવી દિલ્હી: ભારત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપની લિમિટેડ (IIFCL) હવે દેશના વિકાસમાં વધુ સક્રિય ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ૭૫,૦૦૦ કરોડ રૂપિયાના ધિરાણને મંજૂરી આપવાનો મહત્વકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે. આ લક્ષ્યાંક પાછલા વર્ષની સરખામણીએ ૩૦ ટકા વધુ છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર રોહિત ઋષિએ શુક્રવારે જણાવ્યું હતું કે ધિરાણ સંબંધિત મુખ્ય નિયંત્રણો હટાવવામાં આવતા હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સિંગમાં કંપની માટે નવી તકો ખુલી છે. IIFCL એ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૫૭,૬૮૦ કરોડ રૂપિયાની અત્યાર સુધીની સૌથી વધુ વાર્ષિક મંજૂરી આપી છે, જે વાર્ષિક ધોરણે ૧૩ ટકાનો વધારો દર્શાવે છે. આ સમયગાળામાં વાર્ષિક વિતરણ ૧૬ ટકા વધીને ૩૨,૯૭૨ કરોડ રૂપિયા થયું છે. કંપનીની એસેટ ક્વોલિટીમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. ગ્રોસ એનપીએ (NPA) જે ગયા વર્ષે ૧.૧૦ ટકા હતી, તે ઘટીને ૦.૪૦ ટકા પર આવી ગઈ છે. મેનેજિંગ ડિરેક્ટરે ગર્વ સાથે જણાવ્યું હતું કે લાંબા સમય બાદ કંપનીનું નેટ એનપીએ શૂન્ય પર આવી ગયું છે. કંપની માટે સૌથી મોટો સકારાત્મક વળાંક ૧૫ એપ્રિલના રોજ આવ્યો, જ્યારે સરકારે પ્રોજેક્ટ ખર્ચના ૨૦ ટકા સુધીની મર્યાદાના સુરક્ષા નિયમને હટાવી લીધો. આ નિર્ણય અંગે રોહિત ઋષિએ કહ્યું કે, "હવે અમે પ્રોજેક્ટ્સમાં મોટો હિસ્સો લઈ શકીએ છીએ. અમે ખૂબ મોટા પ્રોજેક્ટ્સને અંડરરાઈટ કરી શકીએ છીએ અને પછી તેને અન્ય ધિરાણકર્તાઓને વેચી શકીએ છીએ.

## સચિન તેંડુલકરે ગ્રાહકોને વધુ સારું મૂલ્ય આપતા ગોલ્ડ એક્સચેન્જ માટે તનિષ્કના પારદર્શક અભિગમની સરાહના કરી

મુંબઈ : ટાટા ગ્રુપની ભારતની સૌથી વિશ્વસનીય જ્વેલરી બ્રાન્ડ તનિષ્કે ક્રિકેટ જગતના લિજેન્ડ ગણાતા સચિન તેંડુલકરને રજૂ કરતી તેની લેટેસ્ટ ગોલ્ડ એક્સચેન્જ પહેલ શરૂ કરી છે. આ પહેલ પારદર્શક પ્રક્રિયા અને ગ્રાહકોના ભરોસા પર પ્રકાશ પાડે છે, જેણે તનિષ્કને ગોલ્ડ એક્સચેન્જ માટે ભારતના સૌથી વિશ્વસનીય સ્થળો પૈકીનું એક બનાવ્યું છે.છેલ્લા ત્રણ દાયકા કરતા વધુ સમયથી ગોલ્ડ એક્સચેન્જ તનિષ્કની ઓફરિંગનો



અભિન્ન ભાગ બની ગઈ છે, જે ગ્રાહકોને તેમના જૂના આભૂષણોનું શ્રેષ્ઠ મૂલ્ય મેળવીને તેમની બદલાતી પસંદગી તથા જીવનશૈલીને અનુરૂપ આધુનિક ગોલ્ડ અને ડાયમંડ ડિઝાઈનમાં અપગ્રેડ કરવાની તક આપે છે. આજે 36 લાખ કરતા વધુ ગ્રાહકોએ તનિષ્ક ગોલ્ડ એક્સચેન્જનો લાભ લીધો છે જે તેને દેશમાં સૌથી વધુ સ્વીકૃત એક્સચેન્જ પ્લેટફોર્મ્સ પૈકીનું એક બનાવે છે. તનિષ્ક ખાતે ગોલ્ડ એક્સચેન્જ વિશ્વાસ, પારદર્શકતા અને ગ્રાહકના ભરોસાના પાયા પર બનેલું છે, જે સુનિશ્ચિત કરે છે કે તેમને તેમના જૂના સોનાની મહત્તમ કિંમત મળે. આ કેટેગરી વધુને વધુ લોકપ્રિય થઈ રહી છે ત્યારે તનિષ્ક માને છે કે તેને અલગ પાડતું પરિબળ એક્સચેન્જની ઓફરમાં નહીં, પરંતુ એ સુનિશ્ચિત કરવામાં રહેલું છે કે ગ્રાહકો તેમને માહિતી મળતી હોવાનું, ખાતરી મળતી હોવાનું માને તથા તેમને મળતી ફાઈનલ એક્સચેન્જ વેલ્યુની અને આ પ્રક્રિયાના દરેક તબક્કે સંતોષની લાગણી અનુભવે.

## ઈરાન સાથેના યુદ્ધથી અમેરિકામાં મોંઘવારીનો માર

# ડોનાલ્ડ ટ્રમ્પ માટે મુસીબત, અમેરિકી અર્થતંત્ર તૂટવાની આશંકા વધી

વોશિંગ્ટન: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષે માત્ર વૈશ્વિક સ્તરે જ નહીં, પરંતુ અમેરિકાની આર્થિક વ્યવસ્થા માટે પણ ગંભીર જોખમો ઉભા કર્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકા હજુ પણ ઈરાન સાથેના આ સંઘર્ષને સંપૂર્ણપણે શાંત કરવામાં નિષ્ફળ રહ્યું છે, જેની સીધી અસર હવે અમેરિકાના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડી રહી છે. તાજેતરના મીડિયા અહેવાલો મુજબ, એપ્રિલ મહિનામાં અમેરિકામાં મોંઘવારીનો દર છેલ્લા ત્રણ વર્ષના સૌથી ઉંચા સ્તરે પહોંચી ગયો છે. ઉર્જાના વધતા ભાવોને કારણે અમેરિકામાં મોંઘવારીનો દર જે એપ્રિલમાં 3.2 ટકા હતો, તે વધીને 3.8 ટકા થઈ ગયો છે. નિષ્ણાતોના અંદાજ મુજબ, ઓગસ્ટ સુધીમાં આ દર 5 કે 6 ટકા સુધી પહોંચી શકે છે. આવી પરિસ્થિતિમાં સામાન્ય રીતે વ્યાજદરમાં વધારો કરીને મોંઘવારી પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે, પરંતુ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે આ વિકલ્પ અત્યંત જોખમી છે. નિષ્ણાતોનું માનવું છે કે જો અત્યારે વ્યાજદરમાં વધારો કરવામાં આવે, તો અમેરિકી અર્થતંત્ર ધરાશાયી થઈ શકે છે અને સમગ્ર નાણાકીય વ્યવસ્થા પડી ભાંગી શકે છે.ભૂ-રાજકીય જોખમ સલાહકાર કર્નલ ડગ્લાસ મેકગ્રેગરે આ પરિસ્થિતિને વર્ષ 1941માં સોવિયેત યુનિયન પર થયેલા જર્મન હુમલા સાથે સરખાવી છે. તેમણે ચેતવણી આપી છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈરાન સાથેના સંઘર્ષમાં ઉતરીને મોટી ભૂલ કરી છે.

## હવામાન સંબંધિત અનિશ્ચિતતા કૃષિ ક્ષેત્ર સામે પડકારરૂપ

# અલ નિનો અને યુદ્ધના કારણે દેશના આર્થિક વિકાસ સામે જોખમ : RBI

મુંબઈ : અલ નિનોની અસર, ચોમાસામાં વરસાદનું અસમાન વિતરણ તથા પશ્ચિમ એશિયા સંઘર્ષ લાંબો ચાલવાથી વર્તમાન નાણાં વર્ષમાં દેશના આર્થિક વિકાસ પર અસર પડશે તેવી રિઝર્વ બેન્ક દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.પોતાના વાર્ષિક રિપોર્ટમાં રિઝર્વ બેન્કે જણાવ્યું છે કે, દેશના કૃષિ ક્ષેત્રનું આઉટલુક ચોમાસાની પ્રગતિ અને વરસાદ દરેક ક્ષેત્રમાં કેટલો પડે છે તેના પર આધારિત રહેશે. હવામાન સંબંધિત અનિશ્ચિતતા કૃષિ ઉત્પાદનો સામે ઘટાડા તરફી જોખમો ધરાવે છે. અલ નિનોની શકય સ્થિતિ કૃષિ ઉત્પાદન પર ઘટાડા તરફી જોખમ ધરાવે છે. વર્તમાન વર્ષમાં ચોમાસુ સામાન્ય કરતા નબળુ રહેવાની હવામાન વિભાગ દ્વારા ચેતવણી આવી પડી છે. ભારતીય વેધશાળાએ વર્તમાન વર્ષમાં લાંબા ગાળાની સરેરાશના ૯૦ ટકા વરસાદની આગાહી કરી છે. કૃષિ પાક જ્યાં વધુ લેવામાં આવે છે તેવા વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ અસમાન રહેશે તો ખરીફ પાકના ઉત્પાદન તથા અન્ન ફુગાવા પર અસર પડશે તેવી વિશ્લેષકો દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. જો કે ચોમાસાના પાછલા ચરણમાં હકારાત્મક ઈન્ડિયન ઓસિયન ડીપોલ (આઈઓડી) સ્થિતિ ઊભરવાની શકયતા તરફ રિઝર્વ બેન્કે નિર્દેશ કર્યો છે. આ સ્થિતિથી અલ નિનોની પ્રતિકૂળ અસર આંશિક હળવી થવાની શકયતા છે.

પોઝિટિવ આઈઓડીથી ભારત પર ઊંચો વરસાદ આવશે અને કૃષિ ઉત્પાદન વધારવામાં મદદ કરશે. પોતાના રિપોર્ટમાં રિઝર્વ બેન્કે ભૌગોલિકરાજકીય ઘટનાક્રમો ખાસ કરીને પશ્ચિમ એશિયા યુદ્ધને મોટું બહારી જોખમ તરીકે ગણાવ્યું છે. આ જોખમને કારણે ક્રુડ તેલના ભાવ ઊંચા રહેશે તથા ફુગાવો વધશે જે દેશની બૃહદ્ આર્થિક સ્થિરતા માટે પડકારો ધરાવે છે.

## જાહેર ક્ષેત્રની ઓઇલ માર્કેટીંગ કંપનીઓએ માંગમાં વધારા વચ્ચે પેટ્રોલ, ડીઝલ અને LPGનો ઇંધણ પુરવઠો ચાલુ રાખ્યો



અમદાવાદ: અનેક પ્રદેશોમાં બળતણની માંગમાં વધારો થવા છતાં, જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) - ઈન્ડિયન ઓઈલ, BPCL અને HPCL - પેટ્રોલ (MS), ડીઝલ (HSD) અને LPG ની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે દેશભરમાં કામગીરી અને લોજિસ્ટિક્સ સંકલન ચાલુ રાખ્યો છે. ગ્રામીણ કૃષિ પટ્ટાઓમાં મોસમી ખેડાણ અને લણણી પ્રવૃત્તિઓ જેવા વિવિધ પરિબળો દ્વારા માંગમાં વધારો થઈ રહ્યો છે. ઉપરાંત, PSU સિવાયના સપ્લાયર્સ વચ્ચેના ભાવ તફાવતને કારણે, ગ્રાહકો જાહેર ક્ષેત્રના રિટેલ આઉટલેટ્સ તરફ આગળ વધી રહ્યા છે અને સંસ્થાકીય/વાણિજ્યિક ગ્રાહકો રિટેલ ઈંધણ આઉટલેટ્સ તરફ સ્થળાંતર કરી રહ્યા છે.જાહેર ક્ષેત્રના OMCs તેમના ટર્મિનલ, ડેપો, પાઈપલાઈન્સ, LPG બોટલિંગ પ્લાન્ટ્સ અને રિટેલ આઉટલેટ્સના વ્યાપક રાષ્ટ્રવ્યાપી નેટવર્ક દ્વારા અવિરત પુરવઠો જાળવી રાખે છે. સપ્લાય ટીમો, પરિવહન નેટવર્ક્સ, ટર્મિનલ કામગીરી અને પસંદગીના રિટેલ આઉટલેટ્સ બજારોમાં ઉત્પાદનની અવિરત હિલચાલ અને સમયસર ભરપાઈ સુનિશ્ચિત કરવા માટે ચોવીસ કલાક કાર્યરત છે. જાહેર ક્ષેત્રના OMCs અવિરત ઈંધણ પુરવઠા માટે રાજ્ય વહીવટ સાથે ગાઢ સંકલન જાળવી રહ્યા છે.તેલ ઉદ્યોગ ગ્રાહકોને ખાતરી આપવા માંગે છે કે દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને સરળ અને અવિરત પુરવઠો જાળવવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. નાગરિકોને સામાન્ય ખરીદીનું વર્તન ચાલુ રાખવા અને ગભરાટમાં ખરીદી ટાળવાની સલાહ આપવામાં આવે છે.

# ભારતમાં કૃત્રિમ બુદ્ધિમત્તાથી રોજગારમાં બદલાવ, માનવીય નિર્ણય લેવો અનિવાર્ય

નવી દિલ્હી: ભારતીય કાર્યબળ હવે ખૂબ જ ઝડપથી કામ અને ભરતીની પ્રક્રિયામાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ને અપનાવી રહ્યું છે. એસોસિએશન ઓફ ચાર્ટર્ડ સર્ટિફાઈડ એકાઉન્ટન્ટ્સ (ACCA) ના તાજેતરના અહેવાલ મુજબ, ભારતીય સંસ્થાઓ હવે ઓટોમેશનને ધ્યાનમાં રાખીને કામની ભૂમિકાઓને નવેસરથી ગોઠવી રહી છે. ખાસ કરીને ભરતી અને કૌશલ્ય વિકાસના મામલે ભારતનો આત્મવિશ્વાસ વૈશ્વિક સ્તર કરતાં પણ વધુ જોવા મળ્યો છે.અહેવાલના આંકડા અનુસાર, ભારતના 52 ટકા લોકો માને છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા એલ્ગોરિધમ દ્વારા નિષ્પક્ષ અને સચોટ ભરતી કરી શકાય છે, જે વૈશ્વિક સરેરાશ 43 ટકા કરતા ઘણો વધારે છે. આ આત્મવિશ્વાસ ખાસ કરીને નવી પેઢી એટલે કે 'જનરેશન ઝેડ' માં સૌથી વધુ (54 ટકા) જોવા મળ્યો છે. કર્મચારીઓ પણ અત્યારે પોતાની ભૂમિકાઓમાં આ ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરી રહ્યા છે, જેમાં 57 ટકા લોકોએ સ્વીકાર્યું છે કે તેઓ રોજિંદા કામમાં તેનો સહારો લે છે. જોકે, નિષ્ણાતોએ આ ટેકનોલોજી પર અતિશય નિર્ભરતા સામે ચેતવણી આપી છે. સૌમ્યા નારાયણે અહેવાલમાં સ્પષ્ટ કર્યું છે કે, "કૃત્રિમ બુદ્ધિમત્તા માત્ર એક એલ્ગોરિધમ છે અને તે કુદરતી રીતે ઉદ્દેશ્યપૂર્ણ કે ન્યાયી નથી." ભરતીમાં જૂના ડેટાનો ઉપયોગ કરવાથી ભૂતકાળની ભૂલો પુનરાવર્તિત થવાનું જોખમ રહેલું છે. માનવીય અનુભવ અને સંદર્ભની સમજ ટેકનોલોજીમાં અભાવ હોય છે. જેમ કે, કોઈ વ્યક્તિના કરિયરમાં આવેલો બ્રેક કે તેમના અંગત સંઘર્ષોની ગાથા સમજવા માટે માત્ર મશીન સક્ષમ નથી. ભરતી નિષ્ણાતોનું પણ માનવું છે કે ઘણીવાર AI સારી પ્રોફાઈલને પણ નકારી કાઢે છે જે માનવ નજરે પારખી શકાય છે. એક તરફ આત્મવિશ્વાસ વધી રહ્યો છે, તો બીજી તરફ ટેકનોલોજીના કારણે પોતાની નોકરી ગુમાવવાનો ડર પણ ભારતીય કર્મચારીઓમાં સૌથી મોટી ચિંતાનો વિષય છે. નાણાકીય ક્ષેત્રના 53 ટકા વ્યાવસાયિકો માને છે કે ટેકનોલોજીના બદલાવની ગતિ એટલી ઝડપી છે કે તેઓ દબાણ અનુભવી રહ્યા છે. આ ઉપરાંત, 34 ટકા લોકોનું માનવું છે કે કંપનીઓ માનવીય મૂડી કરતાં મશીનોમાં વધુ રોકાણ કરી રહી છે, જે વૈશ્વિક આંકડા કરતા વધુ છે.

## બ્લુ-ચિપ એરોસ્પેસ ગ્રાહકો ધરાવતી મેરિટ્રોનિક્સ લિમિટેડનો IPO જાહેર

# સંરક્ષણ ક્ષેત્રની કંપની મેરિટ્રોનિક્સનો IPO

Merritronix


(એજન્સી) હૈદરાબાદ | તા 30

મેરિટ્રોનિક્સ લિમિટેડ એ 36 વર્ષ જૂની ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન કંપની છે જે સંરક્ષણ અને એરોસ્પેસ એપ્લિકેશન્સમાં નિષ્ણાત છે. કંપની BSE SME પર 47 લાખ ઈક્વિટી શેર સુધીના 100% ફ્રેશ ઇશ્યૂ IPO સાથે મૂડી બજારોમાં પ્રવેશ કરી રહી છે, જેનો હેતુ 141-149 પ્રતિ શેરના પ્રાઇસ બેન્ડ પર 70.03 કરોડ એકત્ર કરવાનો છે (લોટ સાઇઝ: ન્યૂનતમ 2,000 શેર અને ત્યારબાદ 1,000 ઈક્વિટી શેરના ગુણાંકમાં). IPO ની આવકનો ઉપયોગ મુખ્યત્વે મશીનરી મૂડીખર્ચ, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને દેવાની ચુકવણી માટે કરવાનો પ્રસ્તાવ છે. એન્કર ઇન્વેસ્ટરની તારીખ 29 મે, 2026 છે, અને આ ઇશ્યૂ 01 જૂન થી 03 જૂન, 2026 સુધી જાહેર સબ્સ્ક્રિપ્શન માટે ખુલ્લો રહેશે.કંપનીને મધુ કેલા દ્વારા ફાઉન્ડર્સ કલેક્ટિવ ફંડ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, જે મેરિટ્રોનિક્સ લિમિટેડમાં 3.61% હિસ્સો ધરાવે છે.બુક રનિંગ લીડ મેનેજર: GYR કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ.ઇશ્યૂ માળખું : કુલ ઇશ્યૂ કદ: 47.00 લાખ ઈક્વિટી શેર સુધી (100% તાજા ઇશ્યૂ) માર્કેટ મેકર હિસ્સો: 2.36 લાખ ઈક્વિટી શેર સુધી એન્કર રોકાણકાર હિસ્સો: 13.36 લાખ ઈક્વિટી શેર સુધી, નેટ QIB હિસ્સો: 8.92 લાખ ઈક્વિટી શેર સુધી, બિન-સંસ્થાકીય રોકાણકારો: 6.72 લાખ ઈક્વિટી શેરથી ઓછા નહીં, છૂટક વ્યક્તિગત રોકાણકારો: 15.64 લાખ ઈક્વિટી શેરથી ઓછા નહીં, નેટ આવકનો ઉપયોગ : મશીનરી અને સાધનોની ખરીદી માટે મૂડી ખર્ચ 2,136.43 લાખ સુધી, ભંડોળ કાર્યકારી મૂડી આવશ્યકતાઓ : 2,195.21 લાખ સુધી, અમારી કંપની દ્વારા લેવામાં આવેલા બધા અથવા ચોક્કસ બાકી ઉધારની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી/પૂર્વચુકવણી 1,271.92 લાખ સુધી.મેરિટ્રોનિક્સનું નેતૃત્વ મેનેજિંગ ડિરેક્ટર શ્રી દોવરી અમરનાથ કરે છે, જેઓ IIT મદ્રાસના કમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ સ્નાતક છે અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગમાં ત્રણ દાયકાથી વધુનો અનુભવ ધરાવે છે.1988 માં સ્થાપિત અને હૈદરાબાદ, તેલંગાણામાં મુખ્ય મથક ધરાવતું, મેરિટ્રોનિક્સ ઈલેક્ટ્રોનિક કોમ્પ્લેક્સ, કુશૈગુડાથી કાર્ય કરે છે, જે મિશન-ક્રિટીકલ ડિફેન્સ અને એરોસ્પેસ એપ્લિકેશન્સ પર તીવ્ર ધ્યાન કેન્દ્રિત કરીને એન્ડ-ટુ-એન્ડ ESDM સેવાઓ - PCB ડિઝાઈન, SMT/THT એસેમ્બલી, કમ્પોનન્ટ સોર્સિંગ, પરીક્ષણ અને લોજિસ્ટિક્સ - પ્રદાન કરે છે. કંપની BEL (2009 થી) અને HAL (2012 થી) સાથે લાંબા સમયથી મંજૂરીઓ ધરાવે છે, 2008 થી હનીવેલ એરોસ્પેસ દ્વારા યુરોપમાં નિકાસ કરે છે, અને મિસાઈલ સીકર એસેમ્બલી, એરબોર્ન રડાર સિસ્ટમ્સ અને ડિફેન્સ એરક્રાફ્ટ DVRS ને આવરી લેતા કાર્યક્રમો ચલાવે છે.

# SHM ગ્રુપે મુંબઈ યાર્ડમાં 29 મીટરનું એલ્યુમિનિયમ પેસેન્જર ક્રાફ્ટ લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઈ | તા 30

જહાજ બનાવતી કંપનીઓમાંની અગ્રણી કંપની SHM ગ્રુપે મુંબઈમાં પોતાના શિપયાર્ડમાં Ocean Crewzer 8 (Y-410) સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે. આખું એલ્યુમિનિયમથી બનેલું, Ocean Crewzer 8 (Y-410) 29 મીટર લાંબુ, ફાસ્ટ સ્પીડ પેસેન્જર ક્રાફ્ટ છે, જે ભારતીય સમુદ્રમાર્ગોમાં થનારા ઓપરેશન્સની જરૂરિયાતો પૂરી કરવા માટે ખાસ ડિઝાઈન કરાયું છે. આ લૉન્ચિંગ કંપનીની એ સ્વદેશી ભાવનાને પણ મજબૂત કરે છે, કારણ કે આખું જહાજ કંપનીએ પોતાને ત્યાં જ બનાવ્યું છે. Ocean Crewzer 8 (Y-410) બનાવવામાં એલ્યુમિનિયમનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે સામાન્ય સ્ટીલના જહાજોની સરખામણીમાં હલકું હોવાથી અને વધુ ફ્યુઅલ એફિશિયન્સી આપતું હોવાથી ફાસ્ટ પેસેન્જર જહાજો માટે વિશ્વભરમાં સર્વાધિક લોકપ્રિય છે. આ Ocean Crewzer 8 (Y-410) નું લૉન્ચિંગ એ SHM ગ્રુપના સતત ચાલી રહેલા શિપ બિલ્ડિંગ પ્રોગ્રામનો જ એક ભાગ છે, જે ભારતની વધતી જતી દરિયાઈ જરૂરિયાતોને પૂરી કરવા માટે સમર્પિત જહાજો બનાવવા પર ફોકસ્ડ છે. આ જહાજના લોન્ચ સમયે SHM ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સૈફુદ્દીન હાજીએ જણાવ્યું કે,"અમારી કંપનીએ બનાવેલું દરેક જહાજ અમારી ટીમની સતત અને શિસ્તબદ્ધ મહેનતનું પરિણામ હોય છે. Ocean Crewzer 8 નું નિર્માણ અમારા પોતાના યાર્ડમાં, નક્કી ટાઈમલાઈનમાં અને અમે જે ધોરણો માટે જાણીતા છીએ તે ગુણવત્તા સાથે કરવામાં આવ્યું છે. આ ઉદ્યોગમાં 100 વર્ષથી વધુનો વારસો ધરાવતી કંપની તરીકે, અમે જહાજોના નિર્માણ અને 'આત્મનિર્ભર ભારત' ની ભાવનાને વેગ આપવા માટે સતત પ્રતિબદ્ધ છીએ." આ જહાજની લૉન્ચિંગ સુધીની સફર કન્સ્ટ્રક્શનના



દરેક તબક્કે એન્જિનિયરિંગમાં બારીકાઈ અને અને કડક ક્વોલિટી કંટ્રોલ રાખવામાં આવ્યું છે. જેમાં ત્રણ અલગ-અલગ બ્લોક્સ ઉભા કવરવા અને ફિટ-અપ, ત્યારબાદ કોઈ અડચણ વગર તેને જોડવા અને અલાઈનમેન્ટ, સ્ટ્રક્ચરલ ઈન્ટિગ્રિટી પાકી કરવા માટે બ્લોક્સ, એન્જિન ગર્ડર્સ અને તમામ મશીનરી ફાઉન્ડેશનના ડ્રાય સર્વે, તેમજ સેફ્ટી અને ઓપરેશનલ પર્ફોર્મન્સને ચકાસવા માટે ટેન્કોના એપીટી અને હાઈડ્રોટેસ્ટ પણ કરયા છે. આ ઉપરાંત, લૉન્ચિંગ પહેલાં આઉટફિટિંગ આઈટમ્સ, પ્રોપલ્શન સિસ્ટમ્સ અને બો થ્રસ્ટર ઈન્સ્ટોલેશનના વિગતવાર સર્વે અને વેરિફિકેશન પણ કરવામાં આવ્યા હતા. SHM ગ્રુપમાં શિપબિલ્ડિંગ તેમજ શિપ મેનેજમેન્ટ વિભાગના સીઈઓ શ્રી અલ અસગર હાજીએ કહ્યું,"Ocen Crewzer 8 આખે આખું અમારા મુંબઈ યાર્ડમાં બન્યું છે, જેનો અમને ગર્વ છે. તેના નિર્માણની આખી પ્રક્રિયા ઈન હાઉસ ટીમ દ્વારા કરાઈ છે, જે દર્શાવે છે કે આપણી ક્ષમતા પ્રમાણે આપણે પ્રાદેશિક સ્તરે પણ જરૂરિયાત પૂરી કરી શકીએ છીએ. આ જહાજ એ વાતનું પ્રત્યક્ષ ઉદાહરણ છે કે, જ્યારે પ્રક્રિયા યોગ્ય રીતે આયોજિત અને યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે, ત્યારે ભારતીય શિપબિલ્ડિંગ ક્ષેત્ર ક્યાં સુધી પહોંચી શકે છે." Ocean Crewzer 8ના નિર્માણ દરમિયાન, લૉન્ચિંગ પ્રક્રિયાના દરેક તબક્કાને આગળ વધારતા પહેલાં વરંવાર સેફ્ટી ચેક્સ કરવામાં આવ્યા હતા. છેલ્લે ફાઈનલ લૉન્ચિંગને૩૦૦-ટનની બે ક્રેન્સનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું હતો, જેમાં પાણીમાં સુરક્ષિત અને નિયંત્રિત પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે દરેક પગલાનું વિશેષ, બારીકાઈથી આયોજન અને વેરિફિકેશન કરવામાં આવ્યું હતું.SHM ગ્રુપના મેરિટાઈમ સેફ્ટી અને સિક્યોરિટીના સીઈઓ શ્રી મોહમ્મદ હાજીએ કહ્યું," સેફ્ટી અમારા માટે માત્ર અંતિમ તબક્કો નથી, પરંતુ તે નિર્માણના દરેક તબક્કામાં સેફ્ટી ચેક થાય છે.

## તંત્રીની કલમે...


વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 15

# બ્રિટનથી ફ્રાંસ સુધી સમગ્ર યુરોપ શેકાઈ રહ્યું છે !

ભારતમાં તો આકાશ આગ ઓકી જ રહ્યું છે અને ચામડી બાળતી કાળઝાળ ગરમી પડી જ રહી છે પણ દુનિયાના બીજા દેશોની હાલત પણ એવી જ છે. તાજેતરમાં ફ્રાન્સ ખાતે રમાઈ રહેલી ફ્રેન્ચ ઓપન ટુર્નામેન્ટમાં પણ ખેલાડીઓના હાલ બેહાલ થઈ ગયા છે. બ્રિટન, સ્પેન, પોર્ટુગલ, ઈટાલી, જર્મની, નેધરલેન્ડ અને ફ્રાન્સ સહિતના યુરોપના દેશો કે જે પોતાના ઠંડા અને ખુશનુમા વાતાવરણ માટે જાણીતા છે ત્યાં કાળઝાળ ગરમી પડવા લાગી છે. સામાન્ય રીતે યુરોપના દેશોમાં મે મહિના દરમિયાન ખુશનુમા વાતાવરણ હોય છે પણ આ વખતે અહીંયા સ્થિતિ ખરાબ છે. અહીંયા રેકોર્ડ તોડ ગરમી પડી રહી છે અને ભયાનક લૂ અને હીટવેવના કારણે હાહાકાર મચેલો છે. પોતાની ઠંડક માટે અને ખાસ કરીને મે અને જૂન મહિનામાં ફરવા માટે સારા પર્યટન સ્થળ ગણાતા યુરોપના દેશોમાં છેલ્લાં કેટલાક સમયથી ગરમી પડી રહી છે. આ વખતે તો હાહાકાર મચી ગયો છે. ફ્રાન્સમાં તો હીટવેવની સ્થિતિ અત્યંત ભયાનક છે. અહીંયા ગરમીના કારણે સાત લોકોનાં મોત થયાના પણ અહેવાલો છે. આશ્ચર્યની વાત એ છે કે, અહીંયા જુલાઈના અંતમાં થોડી ગરમી પડે છે પણ આ વખતે તો મે મહિનામાં જ લોકોની હાલત ખરાબ થઈ ગઈ છે. મે મહિનાના અંતમાં રેકોર્ડ બ્રેક ગરમી પડી છે. જાણકારોના મતે યુરોપમાં આવી ગરમી પડવી તે ખરેખર ચિંતાજનક અને ભયજનક છે. યુરોપના વિવિધ દેશોમાં હોસ્પિટલો ઉભરાવા લાગી છે, ઈમર્જન્સી સેવાઓમાં સતત ફોન રણકી રહ્યા છે. લોકોને ડિહાઈડ્રેશન, હીટ સ્ટ્રોક, આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ થઈ રહી છે. લંડનમાં તો ગરમીથી બચવા પાણીમાં પડેલા કેટલાક લોકો ડૂબી જવાની પણ ઘટનાઓ બની છે. આ ઉપરાંત ભયાનક ગરમીને પગલે લૂ લાગવાના પણ ઘણા કિસ્સા સામે આવ્યા છે. લંડનમાં જાણીતા ક્યૂ ગાર્ડન્સ વિસ્તારમાં તાપમાન ૩૬ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. બીજી તરફ ફ્રાન્સના પણ દક્ષિણ-પશ્ચિમ વિસ્તારોમાં પારો ૩૬ ડિગ્રીને પાર જતો રહ્યો છે. કેટલાક સ્થાનોએ તો પારો ૩૭ ડિગ્રીને પાર જતો રહ્યો છે. સૌથી ખરાબ હાલત સ્પેન અને પોર્ટુગલની છે. અહીંયા ગરમીનો પારો ૪૦ ડિગ્રી પહોંચી ગયો છે. બ્રિટન અને ફ્રાન્સમાં ગરમીના કારણે ઘણા લોકોનાં મોત થયા છે.જાણકારોના મતે આ વખતે મે મહિનામાં યુરોપમાં આટલી ભીષણ ગરમી પડવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. તેમાં વૈજ્ઞાનિક અને ભૌગોલિક કારણોનો મોટ ફાળો છે. તેમ છતાં આ વખતે સૌથી મોટું ફેક્ટર હીટ ડોમ બન્યું છે. આ વખતે યુરોપમાં ગત વર્ષોની સરખામણીએ વધારે આકરી ગરમી પડી છે, હીટવેવનું પ્રમાણ વધારે છે. હીટવેવ પ્રચંડ હોવા પાછળ સૌથી મોટું કારણ હીટ ડોમ છે. આ એક પર્યાવરણ સાથે સંકળાયેલી આકરી ઘટના છે. સંશોધકો જણાવે છે કે, જ્યારે કોઈપણ વિસ્તારના વાતાવરણમાં હાઈ પ્રેશર સિસ્ટમ મજબૂત થઈ જાય છે તો તે જમીન ઉપરની ગરમ હવાને ઉપર ઉઠવા દેતી નથી. તેના કારણે ગરમ હવા એક જ જગ્યાએ અટકી જાય છે. ઉત્તર આફ્રિકાના સહારાના રણમાંથી જે ગરમ હવા યુરોપ તરફ આવે છે તો આ વખતે અટકી ગઈ છે. યુરોપમાં રહેલા હાઈ પ્રેશર સિસ્ટમને પગલે ગરમ હવા ત્યાં જ અટકી ગઈ અને યુરોપમાં હીટવેવનું આક્રમણ શરૂ થઈ ગયું. આ હાઈ પ્રેશર ગરમ હવાને વધારે નીચેની તરફ દબાવે છે અને તેના કારણે હવા વધારે ગરમ થાય છે અને ફેલાય છે. તેના કારણે આકાશ એકદમ સાફ રહે છે અને આકરો સૂર્યપ્રકાશ નીચે ધરતી ઉપર આવે છે અને તાપમાનમાં તોતિંગ વધારો થાય છે.આ હીટ ડોમની અસર એવી થઈ છે કે, બ્રિટનમાં ૩૭ ડિગ્રી સુધી તાપમાન ગયું છે. ફ્રાન્સમાં ૩૯ ડિગ્રી અને સ્પેન તથા પોર્ટુગલમાં ગરમી ૪૦ને પાર જતીરહી છે. યુરોપના ૪૦૦થી વધુ શહેરોમાં ગુરુવાર મે મહિનાનો સૌથી ગરમ દિવસ નોંધાયો છે. જાણકારો આ હીટ વેવને યુરોપના ઈતિહાસની સૌથી ગંભીર અને વહેલી આવેલી આપત્તી ગણાવે છે. અહીંયા જુલાઈમાં ઉનાળો આવે ત્યારે આવી ગરમી પડતી હોય છે પણ આ વખતે મે મહિનામાં જ સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. ફ્રાન્સમાં તો કેટલાક શાળા-કોલેજોમાં અભ્યાસ અટકાવવામાં આવ્યો છે. તેની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી તરફ ઘણી સ્કૂલ અને કોલેજોના ટાઈમટેબલમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

# નખત્રાણામાં કુદરતનો ચમત્કાર: શિવલિંગ આકારની અનોખી કેરી મળી આવી

મહેશ એલ.સોની નખત્રાણા



નખત્રાણા પંથકના ઈશ્વર ભાઈ સથવારાને બગીચામાંથી શિવલિંગ જેવા આકારની અદ્ભુત કેરી મળી આવતા સમગ્ર વિસ્તારમાં કુતુહલ અને ધાર્મિક ભાવના ફેલાઈ છે. આ અંગે નખત્રાણા ફ્રુટના યુવા વેપારી શિવા નિતિન ભાઈ રાજદે એ આપેલી માહિતી મુજબ, ઈશ્વર ભાઈ સથવારા આંબાના બગીચામાંથી કેરી ઉતારી રહ્યા હતા ત્યારે આ અનોખી કેરી તેમના હાથમાં આવી. આ કેરીનો નીચેનો ભાગ પીળો અને પાકેલો છે જે શિવલિંગના આધાર સમાન લાગે છે, જ્યારે તેની ઉપર એક નાની લીલી કેરી કુદરતી રીતે જોડાયેલી છે જે શિવલિંગના ઉપરના ભાગ જેવો આભાસ કરાવે છે.

આ ચમત્કારિક ફળની તસવીર સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકો તેને 'મહાદેવના સાક્ષાત દર્શન' ગણાવી રહ્યા છે. કૃષિ તજજ્ઞોના જણાવ્યા મુજબ, આવી ઘટનાને 'ફ્રૂટ ફ્યુઝન' અથવા 'ડબલ ફ્રૂટ' કહેવાય છે. પરાગનયન દરમિયાન થતી કુદરતી ખામીના કારણે બે ફળ એક સાથે જોડાઈ જાય છે. જોકે, શિવલિંગ જેવો આબેહૂબ આકાર બનવો એ અત્યંત દુર્લભ ઘટના છે.

હાલ ઈશ્વરભાઈના પરિવારે આ કેરીને પૂજા સ્થાનમાં મૂકી છે અને તેને ઈશ્વરની દેન માનીને સાચવવાનો નિર્ણય કર્યો છે.

# નર્મદા જિલ્લા કલેકટરે રાજપીપલા સિવિલ હોસ્પિટલની. આકસ્મિક મુલાકાત લીધી

રાજપીપલા



નર્મદા જિલ્લા ના નવનિયુક્ત કલેકટર ગંગાસીંગે આજે રાજપીપલા સિવિલ હોસ્પિટલની ઓચિન્તિ મુલાકાત લઈને હોસ્પિટલના વિવિધ વિભાગોમાં જઈ દર્દીઓને અપાતી સારવાર અને સુવિધાઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લા કલેકટર ગંગાસિંગે હોદ્દો ગ્રહણ કર્યા બાદ જિલ્લા મથક રાજપીપલા માં આવેલ સિવિલ હોસ્પિટલ ની વિઝીટ કરી હતી ,આ મુલાકાત દરમિયાન કલેકટરે સર્જરી રૂમ, ફીમેલ સર્જીકલ વોર્ડ, ટ્રેલેટ અને ઈન્જેક્શન ટ્રોલી, ફીમેલ મેડિકલ વોર્ડ, એસ.એન.સી.યુ., ઓપરેશન વિભાગ, એ.આર.ટી. સેન્ટર, પાર્કિંગ એરિયા તેમજ પાણીની વ્યવસ્થા સહિતની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સિવિલ હોસ્પિટલના તમામ સ્ટાફની કામગીરી અંગે વિસ્તૃત માહિતી મેળવી વિવિધ વિભાગોના રજિસ્ટરોની ચકાસણી પણ કરી હતી. હોસ્પિટલની અંદર અને બહારની સ્વચ્છતા, ઓપીડીનો સમય, દવાઓની ઉપલબ્ધતા અને સ્ટોકની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. ઉપરાંત પાર્કિંગ સુવિધા, વોલ પેન્ટિંગ, ઓક્સિજન પ્લાન્ટ, એ.સી. સહિતની ઉપલબ્ધ અને જરૂરી સુવિધાઓનું મૂલ્યાંકન કરીને જે સુવિધાઓનો અભાવ છે તેનું વિશ્લેષણ કરવા સૂચના આપી હતી.

## વિસાવદરમાં સેવાનો શીતળ સ્પર્શ :ગોપાલ ઈટાલિયાની જનહિતલક્ષી પહેલ

વિસાવદર શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે લોકોને રાહત મળે તે હેતુથી વિસાવદરના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલીયા દ્વારા ધારાસભ્ય કાર્યાલય નીચે સ્વ. કેશુભાઈ પટેલના નામે ઠંડા પાણીના પરબનો પ્રારંભ કરવામાં આવ્યો છે.જનસેવા અને લોકકલ્યાણની ભાવનાને કેન્દ્રમાં રાખી આ સેવા શરૂ કરવામાં આવી છે, જેથી શહેરના નાગરિકો, મુસાફરો અને વેપારીઓને ગરમીના દિવસોમાં શુદ્ધ અને ઠંડું પીવાનું પાણી સરળતાથી ઉપલબ્ધ થઈ શકે.વિસાવદરના નાગરિકોએ આ પહેલને હર્ષભેર આવકારી હતી અને ધારાસભ્યની જનહિતલક્ષી કામગીરીને બિરદાવી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આવી સેવાકીય પ્રવૃત્તિઓ સમાજ માટે પ્રેરણારૂપ છે.આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકરો, આગેવાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ઠંડા પાણીના પરબથી સમગ્ર ઉનાળા દરમિયાન લોકોને રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# બેરૂ ગામે ભગત ટોપણભાઈ બુચીયા દ્વારા જગત કલ્યાણ અર્થે 40 દિવસીય કઠિન ચારીયો વ્રત તપસ્યા શરૂ

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા તાલુકાના બેરૂ ગામે મારવાડા મેઘવાળ સમાજની પ્રાચીન સંત પરંપરા અને તપસ્યાની ભાવનાને જીવંત રાખતા ભગત ટોપણભાઈ બુચીયા દ્વારા જગતના સુખ, શાંતિ અને કલ્યાણ માટે 40 દિવસીય કઠિન ચારીયો (ચાલીસા) વ્રત તપસ્યાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સંત શ્રી પાલાપીરની પવિત્ર પરંપરાના અનુયાયી ભગત ટોપણભાઈ બુચીયાએ તા. 13 મે, 2026ના રોજ આ વિશેષ તપસ્યાની સ્થાપના કરી હતી. તપસ્યા દરમિયાન તેઓ સતત 40 દિવસ સુધી એક જ આસન પર બિરાજમાન રહી અતિ કઠિન નિયમોનું પાલન કરી રહ્યા છે. સમગ્ર અવધિ દરમિયાન તેઓ માત્ર બે ચમચી પાણીના સહારે ઉપવાસ કરી રહ્યા છે તેમજ મૌનવ્રત ધારણ કરીને ભજન, ધ્યાન, આરાધના અને ઈશ્વર સ્મરણમાં લીન રહે છે. ભગતશ્રીના નિવાસસ્થાને દરરોજ સાંજના સમયે આરાધીવાણી, ભજન-સત્સંગ તથા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોમાં બેરૂ સહિત આસપાસના ગામોના મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ધર્મલાભ મેળવી રહ્યા છે. ભક્તિમય વાતાવરણ વચ્ચે ચાલી રહેલી આ અનોખી તપસ્યા સમગ્ર વિસ્તારમાં આસ્થા, શ્રદ્ધા અને આધ્યાત્મિક ચેતનાનું કેન્દ્ર બની છે. સ્થાનિક ભક્તજનોના જણાવ્યા મુજબ ભગત ટોપણભાઈ બુચીયાની આ તપસ્યા માત્ર વ્યક્તિગત સાધના નહીં પરંતુ સમગ્ર માનવજાતના સુખ, શાંતિ અને કલ્યાણ માટેની પ્રાર્થના સમાન છે. તેથી મોટી સંખ્યામાં લોકો તેમના દર્શન અને આશીર્વાદ લેવા પહોંચી રહ્યા છે.

આ 40 દિવસીય ચારીયો વ્રત તપસ્યાની પૂર્ણાહુતિ તા. 21 જૂન, 2026ના રોજ કરવામાં આવશે. પૂર્ણાહુતિ પ્રસંગે વિશેષ ધાર્મિક કાર્યક્રમો, ભજન-સત્સંગ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવનાર હોવાનું આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે. આ પવિત્ર અનુષ્ઠાનને લઈને સમગ્ર પંથકમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ચાણસ્મા- બ્રાહ્મણવાડા રોડની સાઇડો પર બાવળોનું સામ્રાજ્ય



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા- બ્રાહ્મણવાડા રોડ ની સાઈડો માં દિવસે ને દિવસે બાવળો વધી રહ્યા છે ચાણસ્મા થી બ્રાહ્મણવાડા - બેચરાજી તરફ જતો રોડ હોઈ આ રોડ પર વાહનો ની અવરજવર વધારે રહે છે જેથી ખાસ કરીને રાત્રીના સમયે સામેથી આવતા વાહનો દેખાઈ શકે તેમ ન હોવાથી વાહનચાલકો માટે રોડની સાઈડમાં વધી રહેલા બાવળોના અકસ્માત થઈ શકે તેવી દેહસત વ્યક્ત કરાઈ રહી છે સંલગ્ન તંત્ર દ્વારા ચાણસ્મા- બ્રાહ્મણવાડા રોડ પર વધી રહેલા બાવળો કઢાવી આ રોડની બંન્ને સાઈડો સાફ કરવા માંગ વાહનચાલકોની માંગ ઉઠવા પામી છે

# જર્જરિત વાસણા ખુદ-જેસવાપુરા માર્ગનું રિસર્ફેસિંગ શરૂ

## પૂર્વ મંત્રી અર્જુનસિંહ ચૌહાણે 97 લાખના કામનું ખાતમુહૂર્ત કર્યું

(એજન્સી) ખેડા । તા. 30





ખેડા તાલુકાના વાસણા ખુદથી જેસવાપુરા જતાં જર્જરિત માર્ગના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ કામ અંદાજિત 97 લાખ રૂપિયાના ખર્ચે થશે. ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી અને મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણના હસ્તે આ ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

આ પ્રસંગે સંગઠન ભાજપ પ્રમુખ હેર્મેન્દ્રસિંહ જાદવ, જિલ્લા સભ્ય રમણભાઈ ગોહેલ, ખેડા તાલુકાના કારોબારી ચેરમેન રસિકભાઈ બારૈયા, ખેડા તાલુકા પંચાયત ઉપપ્રમુખ નરેશભાઈ અને તાલુકા પંચાયત સભ્ય પ્રાચીનભાઈ ગોહેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, ગામના સરપંચ અને અન્ય સ્થાનિક આગેવાનો પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આ માર્ગના રિસર્ફેસિંગથી વાસણા ખુદ અને જેસવાપુરા ગામના લોકોને જર્જરિત રસ્તાથી રાહત મળશે તેવી અપેક્ષા છે.

# 31 મે એટલે વિશ્વ તમાકુ નિષેધ દિવસ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સિવિલ હોસ્પિટલ, જુનાગઢ ખાતે સ્વચ્છતા જળવાઈ રહે તથા અત્રે સારવાર અર્થે આવતા જરૂરિયાતમંદ દર્દીઓ જલ્દી સ્વસ્થ અને સાજા થઈ ઘરે પરત ફરે તેવા શુભ આશ્રયથી હોસ્પિટલના પ્રવેશ દ્વાર પર સિક્યુરિટી ગાર્ડસ દ્વારા પાનમાં તમાકુ, બીડી, ગુટખાનુ સઘનચેકિંગ કરી તે બહાર કઢાવી નાખવામાં આવે છે. ત્યારબાદ સિક્યુરિટી ગાર્ડની ટીમના રાઉન્ડ દરમિયાન હોસ્પિટલની અંદર જો કોઈપણ વ્યક્તિ તમાકુનું વ્યસન કરતા કોઈ માલુમ પડે તો તેઓની પાસેથી સરકારશ્રીની ગાઈડ લાઈન્સ અનુસાર દંડ વસૂલવામાં આવે છે આમ સિવિલ હોસ્પિટલ, જુનાગઢ ખાતે વર્ષ 2025 માં કુલ ૨,૪૩,૧૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરી સરકારશ્રીમાં જમા કરાવવામાં આવેલ છે તથા વર્ષ 2026 માં જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ ચાર માસનો કુલ ૮૧,૨૫૦ રૂપિયા દંડ વસૂલ કરી સરકાર શ્રીમાં જમા કરાવવામાં આવેલ છે. સિવિલ હોસ્પિટલ, જુનાગઢ ખાતે કાર્યરત એડિક્શન ટ્રીટમેન્ટ ફેસીલીટી એટલે કે વ્યસન સારવાર સુવિધા કેન્દ્રમાં તમાકુને લગતા વ્યસન બાબતે જુલાઈ 2025થી આજ દિન સુધીમાં કુલ 521 વ્યક્તિઓએ તમાકુ છોડાવવા માટે સંપર્ક કરેલ હતો જેમાંથી કુલ 194 વ્યક્તિઓ તમાકુના વ્યસનથી મુક્ત થયેલા હતા. વ્યસન સારવાર સુવિધા કેન્દ્રમાં ક્વોલિફાઈડ મનોચિકિત્સક ડોક્ટર તથા કાઉન્સિલર દ્વારા કાઉન્સિલિંગ, સાઈકો થેરાપી ઉપરાંત નિકોટીન રિપ્લેસમેન્ટ થેરાપી તથા ફાર્મેકોથેરાપી દ્વારા તમાકુનું વ્યસન છોડાવવામાં આવે છે. વધુને વધુ લોકોને તમાકુનું વ્યસન છોડવા તથા તે માટે મદદની જરૂર પડ્યેથી વ્યસન સારવાર સુવિધા કેન્દ્રનો સંપર્ક કરવા નમ્ર વિનંતી છે. Civil Hospital, જૂનાગઢના કીમોથેરાપી અને પેલિએટિવ કેર વોર્ડ (૭૦૨ અને ૮૦૨) ઓરલ કેન્સર (મોઢાના કેન્સર)ના દર્દીઓ માટે બન્યા આશીર્વાદરૂપ: એક જ વર્ષમાં ૭૮૭ દર્દીઓની સફળ સારવાર, વર્તમાન સમયમાં તમાકુ, ગુટખા અને ધુમ્રપાનના વધતા ચલણને કારણે મુખનું કેન્સર (Oral Cancer) અને ફેફસાનું કેન્સર (Lung Cancer) એક ગંભીર સ્વાસ્થ્ય પડકાર બની રહ્યા છે. આ કપરા સમયમાં, સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે કાર્યરત વોર્ડ નં. ૭૦૨ અને ૮૦૨ (કીમોથેરાપી અને પેલિએટિવ કેર વોર્ડ) સ્થાનિક અને આસપાસના સમગ્ર સોરઠ પંથકના દર્દીઓ માટે સાચા અર્થમાં સંજીવની સમાન સાબિત થયા છે. છેલ્લા એક વર્ષમાં (મે - ૨૦૨૫ થી એપ્રિલ - ૨૦૨૬ દરમિયાન) ડૉ.અજય પરમાર અને તેમની ટીમ દ્વારા અભૂતપૂર્વ ક્લિનિકલ કામગીરી કરીને સેંકડો પરિવારોને કેન્સર સામે લડવાનું નવું બળ અને નવજીવન આપવામાં આવ્યું છે. નવા નોંધાયેલા કેન્સરના દર્દીઓ:૨૮૧ જૂના (નિયમિત ફોલો-અપ) દર્દીઓ: ૫૦૬ કુલ સારવાર મેળવનાર દર્દીઓ: ૭૮૭

# વાપી મનપાના એક પણ વોર્ડમાં વરસાદી પાણી ન ભરાય તેની મથામણ શરૂ કરાઇ

(એજન્સી) વાપી । તા. 30

વાપી મનપાના નવા હોદેદારોએ પ્રથમ દિવસે જ અધિકારીઓ-કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં આગામી ચોમાસામાં વરસાદી પાણી ન ભરાવો ન થાય તેની સમીક્ષા કરવામાં આવી હતી. નવા પદાધિકારીઓએ એક પણ વોર્ડમાં વરસાદી પાણી ન ભરાય તેવું આયોજન કરવા કર્મચારીઓને સૂચના આપી હતી. સાથે સાથે નવા અંડરપાસમાં પણ ચોમાસા દરમિયાન શહેરીજનોને હાલાકી ન પડે તે મુજબ આયોજન કરવાની પણ ચર્ચા બેઠકમાં થઇ હતી. નવા હોદેદારોએ પદભાર સંભાળતાની સાથે કામગીરીનો પ્રારંભ શરૂ કરી દીધો હતો. વાપી મહાનગરપાલિકાના પ્રથમ મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઇ અને સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન સતિષ પટેલે પ્રથમ દિવસે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. પ્રથમ દિવસે જ ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન સતિષ પટેલે પ્રિમોન્સુન કામગીરીની સમીક્ષા માટે બેઠક લીધી હતી. જેમાં હાલમાં ચાલી રહેલી કામગીરી અંગે સમીક્ષા કરી હતી. ચોમાસામાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે કર્મચારીઓને સૂચના આપવામા આવી હતી.

# પાટણ પોલીસે 40 લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કર્યો

## "તેરા તુજકો અર્પણ" અભિયાન હેઠળ જનસહાય કેમ્પ

(એજન્સી) પાટણ । તા. 30

પાટણ જિલ્લા પોલીસે યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે નાગરિકોને વ્યાજખોરીના વિષચક્રમાંથી મુક્ત કરવા અને સુરક્ષાના હેતુથી વિશેષ જનસહાય તેમજ માર્ગદર્શન કેમ્પનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ અંદાજે 40 લાખની કિંમતનો ચોરાયેલો કે ગુમ થયેલો મુદ્દામાલ તેના મૂળ માલિકોને પરત કરવામાં આવ્યો હતો. આ સાથે જ, આર્થિક જરૂરિયાત ધરાવતા નાગરિકોને વ્યાજખોરોની ચુંગાલમાંથી બચાવવા માટે રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા 5 કરોડ રૂપિયાની લોનનું ધિરાણ કરી ચેક વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની વિગતો મુજબ, પાટણ ડિવિઝનના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા સાયબર ગુનાઓમાં ગુમાવેલી રકમ પૈકી 14.82 લાખ રૂપિયા ફરિયાદીઓના બેંક ખાતામાં પરત જમા કરાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, પોલીસે રિકવર કરેલા 38 મોબાઈલ ફોન, 4 બાઈક, 1 ગાડી, 2.50 લાખની રોકડ રકમ અને સોનાના દાગીના પણ તેના અસલી માલિકોને સુપરત કર્યા હતા.


# પાટણ હવેલીમાં પુરુષોત્તમ માસ, ઉષ્ણકાળ નિમિત્તે મનોરથો

પાટણ : પાટણના ત્રણ દરવાજા પાસે આવેલી બાલકૃષ્ણલાલજી યાને માજી મહારાજ હવેલીમાં અધિક માસ (પુરુષોત્તમ માસ) અને ઉષ્ણકાળ નિમિત્તે ઠાકોરજીને શીતળતા પ્રદાન કરવા વિવિધ ધાર્મિક મનોરથોનું આયોજન કરાયું છે. આ વિશેષ ભક્તિમય ઉત્સવોના દર્શન કરવા મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી રહ્યા છે. શહેરની આ બાલકૃષ્ણલાલજી હવેલી ધાર્મિક આસ્થાનું મુખ્ય કેન્દ્ર છે. અધિક માસ દરમિયાન અહીં ભગવાન કૃષ્ણના નામ જપ, ગુણગાન, સ્તુતિ અને કીર્તનનું વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે. ઉષ્ણકાળની ઋતુને ધ્યાનમાં રાખીને ઠાકોરજીને શીતળતા મળે તે હેતુથી નાવ મનોરથ, યમુનાજીમાં ઝૂલો, સફેદ ઘટા, ખસખાનાનો મનોરથ, શરદ ઉત્સવ, અન્નકૂટ મનોરથ, માનસી ગંગા, પુષ્પવિતાન અને કેરી મનોરથ જેવા અનેક મોટા મનોરથો સંપન્ન થઈ ચૂક્યા છે.

# જામનગર પત્રકાર મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યોની બિનહરીફ વરણી

વિશાલ જે હરવરા જામનગર

સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે જામનગર પત્રકાર મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી અને ખજાનચીને રીપીટ કરાયા તો સહમંત્રીમાં પણ બિનહરીફ.જામનગરના પ્રતિષ્ઠિત અને ૫૦ વર્ષ જૂના 'જામનગર પત્રકાર મંડળ' ના વર્ષ ૨૦૨૬-૨૮ ના કાર્યકાળ માટે નવી કારોબારી સમિતિ અને હોદ્દેદારોની સર્વાનુમતે (બિનહરીફ) વરણી કરવામાં આવી છે. તાજેતરમાં યોજાયેલી સામાન્ય સભામાં 15 કારોબારીની બિનહરીફ વરણી કરવામાં આવી હતી અને કારોબારી સમિતિની બેઠકમાં તમામ કારોબારી સભ્યોએ એકસૂરે ગત વર્ષની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવીને જૂના હોદ્દેદારોને જ યથાવત રાખવાનો અને બિનહરીફ જાહેર કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે જામનગર પત્રકાર મંડળના 50 વર્ષ થતા હોદ્દેદાર તરીકે પ્રમુખ પદે ધર્મેન્દ્રભાઈ (ભરત) રાવલ, ઉપપ્રમુખ પદે સંજયભાઈ આઈ. જાની, મંત્રી પદે કિંજલભાઈ કે. કારસરીયા અને ખજાનચી પદે સૂચિતભાઈ બારડને બિનહરીફ રીપીટ કરવામાં આવ્યા છે. તો સહમંત્રી પદે અનિલભાઈ ગોહિલની કારોબારી સભ્યોની



મળેલી બેઠકમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જેને કારોબારી સભ્યો અને ઉપસ્થિત તમામ મંડળના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.વર્ષ ૨૦૨૬ - ૨૮ માટે જામનગર પત્રકાર મંડળના કારોબારી સભ્યો તરીકે ધર્મેન્દ્રભાઈ (ભરતભાઈ) રાવલ, કિંજલભાઈ કારસરીયા, સંજયભાઈ જાની, મુકુંદભાઈ બદીયાણી, સુચિતભાઈ બારડ, જગત ભાઈ રાવલ,હિરેનભાઈ ત્રિવેદી, અતુલભાઈ મહેતા, અનિલભાઈ ગોહિલ, દિપકભાઈ લાંબા, પરેશભાઈ ફલિયા, ધર્મેશભાઈ રાવલ, પરેશભાઈ કનખરા, મુબારક ભાઈ મંધરા, નિર્મલભાઈ કારિયા સહિતના 15 કારોબારી સભ્યો તરીકે બિનહરીફ જાહેર કરાયા છે.જામનગર પત્રકાર મંડળની આગામી ૫૦મી વર્ષગાંઠને યાદગાર અને ભવ્ય રીતે ઉજવવા અંગે વિશેષ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સભ્યો દ્વારા આ નિમિત્તે સન્માન સમારોહ, પ્રેરણાત્મક વ્યાખ્યાન અને અન્ય રચનાત્મક સામાજિક કાર્યક્રમો યોજવા માટે મહત્વના સૂચનો આપવામાં આવ્યા હતા. હોદ્દેદારોએ તમામ સભ્યોના સહકારથી આ સુવર્ણ જયંતી વર્ષને ભવ્ય બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# સાપુતારામાં બીજી દીપડી પાંજરે પુરાતાં વન વિભાગને મોટી સફળતા, સ્થાનિકોમાં રાહત



સુશીલ પવાર ડાંગ

ડાંગ જિલ્લાના પ્રખ્યાત પ્રવાસન સ્થળ સાપુતારા અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાનો આતંક જોવા મળી રહ્યો હતો, જેના પગલે દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા વન્યજીવોને પકડવા માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત દક્ષિણ ડાંગ વન વિભાગનાં શામગહાન રેંજની ટીમને વધુ એક મોટી સફળતા સાંપડી છે. સાપુતારા ખાતે વધુ એક (બીજી) દીપડી વન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં સફળતાપૂર્વક પુરાઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે પણ વન વિભાગ દ્વારા આ જ વિસ્તારમાંથી એક દીપડો અને એક દીપડીને પાંજરે પૂરવામાં આવ્યા હતા. આ અગાઉની સફળતા બાદ પણ દક્ષિણ વન વિભાગનાં ડી.સી.એફ.નિરજકુમારનાં માર્ગદર્શન હેઠળ શામગહાન રેંજનાં આર.એફ.ઓ મજુંલાબેન ઠાકરેની ટીમે પોતાની દેખરેખ અને સર્વેલન્સ ચાલુ રાખ્યુ હતુ.જે અંતર્ગત આજે ફરી એકવાર વધુ એક દીપડી પાંજરામાં કેદ થઈ છે. આમ, અત્યાર સુધીમાં કુલ ત્રણ હિંસક વન્યજીવો ઝડપાઈ જતા દક્ષિણ ડાંગ વન વિભાગે રાહતનો શ્વાસ લીધો છે.વારંવાર દીપડાઓ પાંજરે પુરાવાની આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો તેમજ પ્રવાસીઓમાં વ્યાપેલો ભયનો માહોલ હવે હળવો થયો છે અને લોકોએ દક્ષિણ ડાંગ વન વિભાગનાં શામગહાન રેંજ વિભાગની તત્પરતા બદલ આભાર વ્યક્ત કર્યો છે.

# સરકારી મિલકતોની ફાળવણીમાં મોટાપાયે ગેરરીતિની ગંધ, સરકારી તિજોરીને કરોડોનું નુકસાન

## ગિરિમથક સાપુતારા ખાતે જાહેર હરાજી વિના સ્ટોલ અને વેપારી એકમોની ફાળવણીથી સરકારી તિજોરીને કરોડોનું નુકસાન,જવાબદારો સામે કાર્યવાહીની માંગ

સુશીલ પવાર | ડાંગ

ગુજરાતનાં એકમાત્ર પ્રખ્યાત હવાખાવાના સ્થળ સાપુતારામાં સરકારી નીતિ-નિયમોને નેવે મૂકીને સરકારી મિલકતો તેમજ વેપારી એકમોની ફાળવણીમાં ગંભીર ગેરરીતિ આચરવામાં આવી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતા સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જાગી છે.

સ્થાનિક આદિવાસી પરિવારોના રોજગાર અને સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા માટે પ્રવાસન વિભાગ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કરાયેલા રેંકડી બજાર અને ટેબલ પોઈન્ટ ખાતેના સ્ટોલની ફાળવણીમાં પારદર્શિતાના ધજાગરા ઉડાડવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો ઉઠી રહ્યા છે.સ્થાનિક સ્તરેથી મળતી માહિતી મુજબ, સાપુતારામાં કોઈપણ સરકારી પ્લોટ, દુકાન કે ધંધાકીય એકમની ફાળવણી માટે જાહેર હરાજી અને સ્પર્ધાત્મક પ્રક્રિયા અપનાવવી કાયદાકીય રીતે ફરજિયાત ગણાય છે. તેમ છતાં, તત્કાલીન વહીવટી તંત્ર દ્વારા આવી કોઈ જાહેર હરાજી કર્યા વિના તથા યોગ્ય નિયમોની સરેઆમ અવગણના કરીને, સ્થાનિક આદિવાસી લાભાર્થીઓને બદલે એક પરપ્રાંતિય ઈસમને પાંચ વર્ષ માટે આખો ઈજારો સોંપવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

સૌથી ગંભીર બાબત એ છે કે જે દુકાનો અને સ્ટોલ સ્થાનિક આદિવાસી યુવાનોને આજીવિકા મળી રહે તેવા ઉમદા હેતુથી ઉભા કરવામાં આવ્યા હતા, તે હવે ખાનગી વ્યક્તિઓ માટે કમાણીનું મોટું સાધન બની ગયા છે.જે નાણાકીય લાભ સરકારી આવક તરીકે તિજોરીમાં જમા થવો જોઈતો હતો, તે હવે ખાનગી ખિસ્સામાં જતો હોવાના આક્ષેપોને કારણે



પારદર્શિતાના ધજાગરા: સાપુતારામાં નિયમોની અવગણના કરીને કોના ઈશારે અપાઈ મિલકતોની ફાળવણી?

સ્થાનિકોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે.આ સમગ્ર પ્રકરણને પગલે અનેક સવાલો ઉભા થયા છે કે, કરોડો રૂપિયાના જાહેર નાણાથી ઉભી કરાયેલી મિલકતોને જાહેર હરાજી વિના અને નિયમોની અવગણના કરીને ખાનગી હાથોમાં કેવી રીતે સોંપી દેવાઈ? શું આ શંકાસ્પદ પ્રક્રિયામાં નોટિફાઈડ કચેરી અને જમીન વહીવટ તંત્રના જવાબદાર ઉચ્ચ અધિકારીઓની કોઈ મિલિભગત કે ભૂમિકા રહી છે? સ્થાનિકોનું સ્પષ્ટપણે માનવું છે કે, જો સમગ્ર પ્રકરણની કોઈ ઉચ્ચ સ્તરીય, તલસ્પર્શી અને નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવે તો મોટાપાયે આચરાયેલી વહીવટી ગેરરીતિ અને સરકારી તિજોરીને થયેલા આર્થિક નુકસાનનું મોટું કૌભાંડ બહાર આવી શકે તેમ છે.

હાલમાં આ મામલે સ્થાનિક નાગરિકો અને જાગૃત વર્ગે નવ નિયુક્ત જિલ્લા કલેક્ટર એન.ડી. પરમાર સમક્ષ મૌખિક રજૂઆત કરીને સમગ્ર મામલાની તળિયાઝાટક તપાસ કરાવવાની ઉગ્ર માંગણી કરી છે.આ સાથે જ નિયમો વિરુદ્ધ અને ગેરકાયદેસર રીતે ફાળવવામાં આવેલા સ્ટોલ, દુકાનો અને રેંકડી બજારને તાત્કાલિક અસરથી સીલ કરી,આ કૌભાંડમાં સામેલ તમામ જવાબદારો સામે કાયદેસરના કડક પગલા લેવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે. હવે જોવાનું એ રહ્યું કે એક તરફ પારદર્શિતા, જવાબદારી અને સુશાસનના દાવાઓ વચ્ચે સરકારી સંપત્તિના આ વિવાદાસ્પદ ફાળવણી પ્રકરણમાં વહીવટી તંત્ર સત્ય બહાર લાવવા કોઈ હિંમત દાખવે છે કે પછી હંમેશની જેમ આ સમગ્ર મામલો માત્ર કાગળો અને સરકારી ફાઈલોમાં જ દટાઈને રહી જાય છે.તે આવનાર સમય જ બતાવશે..

# રાજુલામાં 'સમર યોગ કેમ્પ યોજાયો ૧૩૦ બાળકો એ ઉત્સાહ સાથે આ કેમ્પમાં ભાગ લીધો હતો

કિશોર આર. સોલંકી જાફરાબાદ

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ તા. ૧૬ મે, ૨૦૨૬ થી તા. ૩૦ મે, ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં 'સમર યોગ કેમ્પ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં પણ નિઃશુલ્ક યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.આ કેમ્પ યોગ કોચ દિપાબેન તેરૈયા , યોગ કોચ ઉર્મિલાબેન રવિયા અને યોગ ટ્રેનર ચેતનાબેન મહેતા દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં આશરે ૧૩૦જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોમાં યોગ સંસ્કારનું સિંચન : સમર યોગ કેમ્પ અંતર્ગત બાળકોને યોગાસન, પ્રાણાયામ, ધ્યાન, રમતગમત તેમજ આપણી ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ વિવિધ પ્રવૃત્તિઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ યોગ્ય આહાર, શિસ્તબદ્ધ દિનચર્યા અને સ્વસ્થ જીવનશૈલી અંગે પણ બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સમર યોગ કેમ્પનો મુખ્ય હેતુ બાળકોમાં નિયમિતતા, એકાગ્રતા, સ્મરણશક્તિ, આત્મવિશ્વાસ અને સંસ્કારાત્મક વિચારોનો વિકાસ થાય તે માટેનો હતો. કેમ્પ દરમિયાન બાળકોએ શિસ્ત અને આનંદ સાથે યોગ શીખીને ઉનાળાના વેકેશનનો સદુપયોગ કર્યો હતો.ગુજરાત રાજ્ય યોગ બોર્ડના આ ઉપક્રમથી



બાળકોમાં યોગ પ્રત્યે જાગૃતિ વધી રહી છે અને તેઓ તણાવમુક્ત, સ્વસ્થ જીવન તરફ આગળ વધી રહ્યા છે. વાલીઓએ પણ આ કેમ્પને આવકાર્યો હતો અને બોર્ડની આ પહેલને બિરદાવી હતી.આજરોજ કેમ્પ ના સમાપન સમારોહ માં રાજુલા ધારાસભ્ય અને, પૂર્વ ધારાસભ્ય અને મીરીટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળ ના અધ્યક્ષ શ્રી અમરીશભાઈ ડેર, ડૉ. મૂછડીયા સાહેબ, ડૉ. કાનજીભાઈ બલદાણીયા, કનુભાઈ વરુ, યોગેશ કાનાબાર, ભનુભાઇ પટેલ, હરેશભાઇ તેરૈયા, ગૌરાંગભાઈ જાની, જયેશ દવે, મંદિર ના પૂજારી લાલાબાપુ તેમજ શહેર ના આગેવાનો ઉપસ્થિત રહી દીપ પ્રગટાય કરી ઉત્સાહભેર સમાપન કરેલ.આ સમર કેમ્પ માં દરરોજ વિવિધ દાતાશ્રીઓ તરફ થી બાળકોને નાસ્તો અને ગિફ્ટ આપેલ સાથે યોગ ટ્રેનર બહેનો એ વિવિધ સેવા કરેલ ખાસ ગાયત્રી શક્તિ પીઠ રાજુલા ના દરેક ટ્રસ્ટીઓ નો પણ ખૂબ સહકાર મળેલ અને સમાપન ના દિવસે પૂર્વ ધારાસભ્ય અને મીરીટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળ ના અધ્યક્ષ શ્રી અમરીશભાઈ ડેર તરફથી દરેક બાળકોને ચકલી ના માળા અને માટી ના કુંડા નું વિતરણ કરેલ..આ ૧૫ દિવસ ના સમર કેમ્પનું સફળ સંચાલન યોગ કોચ રાજુલા દીપાબેન તેરૈયા દ્વારા કરવા માં આવેલ સાથે ગુજરાત યોગબોર્ડ અમરેલી ટિમ વાલજીભાઇ ડાભી અને સાગરભાઈ નું સંપૂર્ણ માર્ગદર્શન મળેલ.

# હિંમતનગર GIDCની પ્રમુખ ઇન્ડસ્ટ્રીઝમાં લિફ્ટ તૂટતાં કામ કરતાં શ્રમિક યુવકનું મોત

(એજન્સી) હિંમતનગર । તા. 30

હિંમતનગર GIDCમાં આવેલી પ્રમુખ ઈન્ડસ્ટ્રીઝ નામની ફેક્ટરીમાં કામકાજ દરમિયાન અચાનક જ માલસામાનની હેરફેર કરતી લિફ્ટ ભોંયતળીયે કામ કરી રહેલા શ્રમિક યુવાન પર કાળ બનીને તૂટી પડતાં ભારેખમ લિફ્ટ નીચે કચડાઈ જવાના કારણે યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આ ભયાનક અકસ્માતનો ભોગ બનનાર મૃતક યુવાનની ઓળખ હિંમતનગરના પીપલોદીના વતની દેવરાજસિંહ સોમસિંહ પરમાર તરીકે થઈ છે. રૂંવાડા ઊભા કરી દે તેવી ઘટનાના ભયાવહ સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે યુવાન પોતાની ફરજ બજાવી રહ્યો હતો, ત્યારે જ પળવારમાં લિફ્ટ તૂટી પડે છે અને તેનો અવાજ સંભળાવવાનો કે બચવાનો સહેજ પણ મોકો મળતો નથી.

ઘટનાને પગલે સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. શ્રમિકના મૃતદેહને PM અર્થે હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો છે. રોષે ભરાયેલા પરિવારે આક્ષેપ કર્યો છે કે, કંપની દ્વારા લિફ્ટના મેઈન્ટેનન્સ અને શ્રમિકોની સુરક્ષા બાબતે ઘોર ઉપેક્ષા કરાતી હતી.

આ ઘટનામાં જવાબદાર એવા ફેક્ટરીના માલિકો અને બેજવાબદાર સંચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સગા-સંબંધીઓએ ઉગ્ર માંગ કરી છે. હિંમતનગર એ ડિવિઝન પોલીસ હાલ અકસ્માતનો ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજના આધારે આગળની તપાસ હાથ ધરી રહી છે. ફેક્ટરીમાં સુરક્ષાના ધજાગરા ઉડાવતી ઘટનાના ભયાવહ CCTV ફૂટેજ સામે આવતાં ચકચાર મચી ગઇ હતી.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબેન ભીલની પ્રતિમાના અનાવરણ કાર્યક્રમનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૦ જૂનાગઢ શહેરના ગૌરવસમા એવાં સુપ્રસિદ્ધ લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબેન ભીલની સ્મૃતિને ચિરંજીવી રાખવા માટે જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા તા:૦૨/૦૬/૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકે શહેરના મુખ્ય એવા બસ સ્ટેન્ડ વિસ્તાર પાસે પદ્મશ્રી દિવાળીબેન ભીલની ભવ્ય પ્રતિમા અને સર્કલનું અનાવરણનું આયોજન કરવામાં આવેલ છે. મ્યુનિસિપલ કમિશનરશ્રી પ્રભવ જોષીના સીધા માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાની સંબંધિત તમામ શાખાઓને આ અનાવરણ વિધિ પૂર્વેની તમામ વહીવટી પ્રક્રિયા, સ્થળ સુશોભન, લાઈટિંગ અને સિવિલ કામગીરી નિયત સમયમર્યાદામાં અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા માટે સઘન સૂચનાઓ આપવામાં આવી છે. પદ્મશ્રી દિવાળીબેન ભીલે પોતાના અજોડ કંઠથી જૂનાગઢ અને સમગ્ર ગુજરાતના લોકસંગીત તેમજ સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે અમર પ્રદાન આપ્યું છે, ત્યારે બસ સ્ટેન્ડ જેવા જાહેર સ્થળે તેમની પ્રતિમા સ્થાપિત થવાથી શહેરના સાંસ્કૃતિક વારસાને વધુ વેગ મળશે.આ ગૌરવવંતા અને સાંસ્કૃતિક ઉત્સવને ભવ્ય બનાવવા માટે હાલ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પ્રયત્નશીલ છે. પરંતુ જુનાગઢમાં જે જે પ્રતિમાઓ મુકવામાં આવેલ છે તેની પુરી જાળવણી સાથે સ્વચ્છતાની ખાસ જરૂર છે, તેમજ અગાઉ વર્ષો પહેલાં નિયમિત પણે દરેક પ્રતિમાને ફુલહાર થતાં તે ફરી થી શરૂ કરવામાં આવે તેવી લોક લાગણી છે.

# જાફરાબાદ શહેરમાં ટ્રાફિક સમસ્યા વિકરાળ બની : શહેરની ટ્રાફિક સમસ્યા બાબતે રજૂઆત છતાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આ ટ્રાફિક સમસ્યા બાબતે શહેરના પત્રકાર દ્વારા શાંતિ સમિતિ ની મીટીંગ માં અમરેલી જિલ્લા ના ડીવાયએસપી ને મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી પોલીસ તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં નથી આવ્યા. જાફરાબાદ શહેરમાં અવારનવાર ટ્રાફિક ની સમસ્યા વિકરાળ બની હોય જ્યાં જુઓ ત્યાં અડચણ ઉભી કરતા વાહનચાલકો વારતહેવારે પણ અધવચ્ચે ગમે ત્યા વાહનચાલકો પોતાના વાહનો જ્યાં જુઓ ત્યાં પાર્કિંગ કરતા હોય છે. એવામાં ઓછામાં પુરું રિક્ષા ઉભી રાખી અધવચ્ચે માલસામાન ખાલી કરતાં જોવા મળી રહ્યા છે. અને રાહદારીઓ તથા ટુ વ્હીલર ચાલકો આ અધવચ્ચે રિક્ષા ઉભી રાખી ટ્રાફિક જામ કરી રહ્યા હોય પરંતુ જવાબદાર સત્તાવાળાઓ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. બજારમાં થીં પસાર થતા રાહદારીઓ માટે ટ્રાફિક સમસ્યા અડચણ અને વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહીં છે. પરંતુ જવાબદાર અધિકારી દ્વારા આ ટ્રાફિક સમસ્યા મુશ્કેલી ઉભી કરતા વાહનચાલકો સામે ડંડો ક્યારે ઉપડશે તેવા અનેક સવાલો જનતા જનાર્દન ઉભા થયા છે. આ ટ્રાફિક સમસ્યા ના કારણે સિનિયર સિટીઝન તથા દિવ્યાંગ લોકો તેમજ બિમાર દર્દીઓ તથા બાળકો મહિલાઓ આ ટ્રાફિક સમસ્યા થી ત્રાહીમામ પોકારી ઊઠયા છે. પરંતુ આ ટ્રાફિક સમસ્યા નો નિકાલ કરવામાં આવતો નથી શું આ બાબતે જવાબદાર તંત્ર ધ્યાન ઉપર લેશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે..? આ ટ્રાફિક સમસ્યા ના કારણે કોઈ ગંભીર અકસ્માત સર્જાઇ તો જવાબદારી કોની..?? અહીં ટાવર ચોકમાં મેન રોડ ઉપર વહેલી સવારથી અધવચ્ચે રિક્ષા ઉભી રાખી અમૂલ દૂધ ઉતારતા રિક્ષા ચાલક ના કારણે રાહદારીઓ મોટરસાયકલ ચાલકોને અટકાવી ટ્રાફિક જામ કરી રહ્યા હોય કોઈ મોટો અકસ્માત થાય તે પહેલાં તાત્કાલિક ધોરણે કાયદેસર પગલાં ભરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ લોકો માંથી ઉઠી છે.

# અંકલેશ્વર નોટિફાઇડ દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી શરૂ:વરસાદી પાણીના નિકાલ માટે કાંસની સફાઈ કરાઈ



(એજન્સી) અંકલેશ્વર । તા. 30

અંકલેશ્વર નોટિફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા ચોમાસા પહેલા પ્રિ-મોન્સૂન કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કામગીરીનો મુખ્ય હેતુ ચોમાસા દરમિયાન જીઆઈડીસી વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય અને તેનો સરળતાથી નિકાલ થઈ શકે તે સુનિશ્ચિત કરવાનો છે.

નોટિફાઈડ દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીને બે વિભાગમાં વહેંચવામાં આવી છે. જેમાં વસાહતોની આંતરિક ગટર લાઈનો અને ચેમ્બરોની મેન્યુઅલ સફાઈનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આમલાખાડી વિસ્તારમાં પણ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે.

ચોમાસાને ધ્યાનમાં રાખીને વરસાદી કાંસોની સાફ-સફાઈ માટેનો સર્વે પણ શરૂ કરવામાં આવ્યો છે. અંકલેશ્વરમાંથી પસાર થતી વરસાદી પાણીના નિકાલની મુખ્ય કાંસો અને આમલાખાડી વિસ્તારની મુખ્ય કાંસની સફાઈ કરવામાં આવી રહી છે. આ પ્રિ-મોન્સૂન કામગીરી અંદાજે 20 લાખના ખર્ચે હાથ ધરવામાં આવી છે.

## માનવતા જ સાચું ધન છે. એ સુત્રને સાર્થક કરી બતાવ્યું

# જાફરાબાદ ખાતે પૈસા નું ભરેલું પાકીટ મળતા મુર માલિકને પરત આપવામાં આવ્યું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ખાતે માનવતા નું ઉત્તમ ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું તા/૨૮/૦૫/૨૦૨૬ ના રોજ જાફરાબાદ ની હાઈસ્કૂલ ની પાસે એક પૈસા ભરેલું પાકીટ મળતા જેમાં ડોક્યુમેન્ટ ની સાથે ૮૦૦૦ જેવી રકમ મળી આવતા જે વ્યક્તિ ને મળ્યું તે વ્યક્તિ સાહિલ ખાન સબીરખાન પઠાણ નામના વ્યક્તિને મળતા તેને પાકીટ ખોલતા આ પાકીટમાંથી જે નું આ પાકીટ હોય તે વ્યક્તિ નું આધાર કાર્ડ આ પાકીટમાંથી મળતા સોલંકી અજયભાઈ વાઘજીભાઇ નામના વ્યક્તિનું હોય જેને પાકીટ મળ્યું તે સાહિલ ખાન સબીરખાન પઠાણ દ્વારા સોશિયલ મીડિયા થી મુર માલીક ને પરત કરવામાં આવી હતી ભાઈચારો અને માનવતા નું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું હતું અને કહેવત મુજબ માનવતા જ સાચું ધન છે. આ વિચાર માનવતાના મૂલ્યને રૂપિયા કે સંપત્તિ કરતાં પણ શ્રેષ્ઠ ગણાવે છે. માનવતા એટલે કોઈ પણ સ્વાર્થ વગર અન્ય વ્યક્તિની મદદ કરવી દયા અને કરુણા રાખવી અને મુશ્કેલીમાં પડેલાને સહારો આપવો પૈસા કદાચ ખોવાઈ જાય તો પાછા મળી શકે છે. પરંતુ ગુમાવેલી માનવતા અને સદ્ગુણો પાછા મેળવવા મુશ્કેલ છે. માનવતાનું મહત્વ સાચો સંબંધ માનવતાના આધારે જ બંધાયેલા માનવીય સંબંધો પૈસા કરતાં પણ વધુ કિંમતી હોય છે. આંતરિક શાંતિ કોઈના ચહેરા પર ખુશી લાવવાથી જે માનસિક સંતોષ મળે છે. તેની સરખામણી દુનિયાની કોઈ પણ દોલત સાથે ન થઈ શકે સમાજનું નિર્માણ માનવતા જ એક એવું તત્વ છે જે સમાજમાં પ્રેમ અને ભાઈચારો ટકાવી રાખે છે. ટૂંકમાં પૈસાથી ભરેલું પાકેટ જીવનની ભૌતિક જરૂરિયાતો પૂરી કરી શકે છે. પરંતુ સંવેદના અને માનવતાથી ભરેલું હ્રદય જિંદગીને સાચા અર્થમાં સાર્થક અને સુંદર બનાવે છે. તેવું જ માનવતા નું ઉત્તમ ઉદાહરણ પુરું પાડવામાં આવ્યું છે.

# ACF, 4 RFO અને ૧૧ જૂના અનુભવી ફોરેસ્ટરને તાત્કાલિક જસાધાર બોલાવાયા



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અસરગ્રસ્ત વિસ્તારમાં ગીરના અનુભવી ૧૮ કર્મીઓ મોરચો સંભાળશે ગીરમાં સી.ડી.વી. વાયરસની આશંકા વચ્ચે તંત્ર દોડતું થયું.ગીર પૂર્વ અને ગીર પશ્ચિમ વિસ્તારમાં સી.ડી.વી. જેવા ભેદી રોગની આશંકા વચ્ચે વન વિભાગ દ્વારા તાકીદની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરથી પી.સી.સી.એફ. જયપાલસિંહ સહિત ઉચ્ચ અધિકારીઓની ટીમ જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે પહોંચી હતી અને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને સ્થિતિની સમીક્ષા કરી હતી. ગીર પૂર્વના જસાધાર તેમજ ગીર પશ્ચિમના બાબરીયા સહિતના વિસ્તારોમાં સિંહોમાં ચેપ જેવા લક્ષણો જોવા મળતા વન વિભાગ વધુ સક્રિય બન્યું છે. સી.ડી.વી. વાયરસની આશંકાને પગલે ગીરના અનુભવી કર્મચારીઓને તાત્કાલિક જસાધાર ખાતે બોલાવવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ રાજન જાદવ સહિત એક એ.સી.એફ., પાંચ આર.એફ.ઓ. તેમજ અગિયાર ફોરેસ્ટરને તાત્કાલિક ફરજ પર મુકવામાં આવ્યા છે. આ ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સિંહોની હિલચાલ, સ્વાસ્થ્ય અને સંક્રમણની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવશે. વન વિભાગ દ્વારા જસાધાર રેન્જની બોર્ડર તેમજ ગીર પશ્ચિમના સમગ્ર વિસ્તારમાં વિશેષ સ્કેનિંગ અને મોનીટરિંગ શરૂ કરવામાં આવ્યું છે.

# ઝુરા કેમ્પ ખાતે બોર્ડર વિંગના બે જવાનો સવાઈસિંહ ભૂરજી સોઢા અને કારુભા ઈજતાજી સોઢા નિવૃત્ત થતાં સન્માન સમારોહ યોજાયો

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

ભુજ તાલુકાના ઝુરા કેમ્પ ખાતે બોર્ડર વિંગમાં વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક અને સમર્પિત ભાવનાથી સેવા આપનાર શ્રી સવાઈસિંહ ભૂરજી સોઢા અને શ્રી કારુભા ઈજતાજી સોઢા નિવૃત્ત થતાં તેમના માન-સન્માન માટે ભાવભર્યો વિદાય સમારોહ યોજાયો હતો.સમારોહ દરમિયાન બંને નિવૃત્ત જવાનોને પુષ્પહાર પહેરાવી, શાલ ઓઢાડી તેમજ સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સહકર્મચારીઓ, અધિકારીઓ, પરિવારજનો અને શુભેચ્છકોએ તેમની લાંબી અને નિષ્ઠાવાન સેવાઓને બિરદાવી હતી.





પ્રસંગે વક્તાઓએ જણાવ્યું હતું કે બંને જવાનોએ પોતાની સેવાકાળ દરમિયાન શિસ્ત, પ્રામાણિકતા અને ફરજનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમની સેવાઓ બોર્ડર વિંગ માટે હંમેશા યાદગાર રહેશે અને યુવા કર્મચારીઓ માટે પ્રેરણારૂપ બનશે.નિવૃત્ત થયેલા બંને જવાનોએ પોતાના સેવાકાળ દરમિયાન મળેલા સહકાર બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ તેમના સ્વસ્થ, સુખમય અને દીર્ઘાયુષ્યપૂર્ણ નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. સમારોહમાં મોટી સંખ્યામાં સહકર્મચારીઓ, મિત્રો અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં રાયજીનગર-૨ માં લક્ષ્મી નારાયણ મંદિર ખાતે પુનમ નિમિત્તે સમુહ સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ



નરેન્દ્ર દવે જૂનાગઢ : જૂનાગઢમાં રાયજી નગર-૨ માં લક્ષ્મી નારાયણ દેવનું મંદિર આવેલું છે ત્યાં દરેક ધાર્મિક તહેવારો હર્ષ ઉલ્લાસથી ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે તે મુજબ હાલ પવિત્ર અધિક માસ ચાલે છે ત્યારે દરરોજ સવારે ગોરમાનું બહેનો દ્વારા પુજન કરવામાં આવે છે તેમાં પણ મોટી સંખ્યામાં બહેનો ગોરમા પુંજી ધન્યતા અનુભવે છે, તથા તા.૩૦/૫/૨૬ ના રોજ પુનમ નિમિત્તે સમુહમાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતુ, આ કથાનું રસપાન શાસ્ત્રીશ્રી હાર્દિકભાઈ પુરોહિત એ કરાવ્યું હતું, આ કથામાં મોટી સંખ્યામાં ભાઇઓ તથા બહેનોએ ઉપસ્થિત રહી કથા શ્રવણનો લાભ લીધો હતો.

# ફોટોમાં 6986 નંબરની કાર અને ઇ- ચલણ 6983ના માલિકને મોકલાયું

દાહોદ | દાહોદ પોલીસ અને નેત્રમના હાઈટેક કેમેરાની એક ગંભીર બેદરકારી સામે આવી છે. જેમાં રાજસ્થાન પાસિંગની RJ03UA6986 નંબરની કારના માલિકની જગ્યાએ RJ03UA6983 નંબરની કારના માલિકને ખોટું ઓનલાઈન ચલણ મોકલી દેવાયું છે. નિર્દોષ કાર માલિક દ્વારા આ ચલણ તાત્કાલિક રદ કરવા માટે પોલીસમાં અરજ પણ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ચાંદરવાડા ગામના વતની અનિલભાઇ કલાલ RJ03UA6983 નંબરની અર્ટિગા કાર ધરાવે છે. અનિલભાઈને તેમના મોબાઈલ પર એક મેસેજ આવ્યો હતો. જેમાં પાર્કિંગ નિયમોના ઉલ્લંઘન બદલ 500 રૂપિયાનું ઈ-ચલણ મોકલવામાં આવ્યું હતું. આ ચલણમાં ગુનાના સ્થળ તરીકે દાહોદ શહેરનો વ્યસ્ત ગણાતો ગોવિંદનગર વિસ્તાર દર્શાવવામાં આવ્યો હતો.

# પંચાત રસ



- રુપાલી દવે

નારાયણ..નારાયણ... નારાયણ..

'સ્ત્રી તત્વ' સમજાવતા નારદજી એ આકાશી દોસ્ત મેઘરાજા ને કહ્યું કે બોસ, સમજી શકાય છે... સમજી શકાય છે ધરતીવાસી પરસેવે રેબઝેબ છે ને મેઘરાજા વરસો.. વરસો..અનરાધાર વરસો ની બૂમ પાડી રહ્યાં છે પણ તમારી પત્ની વીજળી રિસામણે એટલે તમારી સ્થિતિ સમજી શકાય છે.આપણે એટલે જ પરણવાની ઝંઝાળ માંથી મુક્ત થવાં માંજ સુખ માન્યું છે. ઈશ્વર ન 'સ્ત્રી' નામક સર્જન ને લીધે જ બધેય બબાલ..બબાલ.. બબાલ છે. પ્રેમ થઈ જાય અને પરાણે પ્રેમ કરવો પડે બન્ને વચ્ચે જમીન આસમાન નો ફર્ક છે.પુરુષ તો સ્ત્રીત્વ પાછળ રીતસરનો પાગલ પાગલ છે પણ કઠણ કાળજા ની સ્ત્રીઓને પડી નથી. સમસ્યા એ છે કે કુંવારા ને પરણવું છે ને પરણેલા ને સાત ભવ ના સબંધ માંથી છૂટવું છે.એવુંય નથી કે પત્ની થી છૂટી ને ભાયડો એકલો રહેશે પુનઃ સ્ત્રીની શોધ માં સમાજ ના લગ્ન ના ચોપડા અથવા તો સોશિયલ મીડિયામાં ડિવોર્સ વાળી કન્યા ની શોધ માં લાગી જશે.અમારા fb ફ્રેન્ડ 'કેમેરા એકશન& ફોટો' ના તાજા તાજા લગ્ન થયા ત્યારે મોટાભાગ ની 'મહિલાઓ' ને એની પાંચ વર્ષ ના બાળક ની માફક ભેજાફાય વાતો હાશકારો થયો હતો. પરંતુ જેમ વાંદરો ગુલાટી મારવાનું ન ભૂલે એમ એમનું પણ એવું જ સમજો. નિર્ભય પત્રકાર એ એને એના સાહસિક નેચર વિશે પૂછ્યું તો એમણે ખડખડાટ હસતા હસતા કહ્યું કે 'આશિક ભમરા હું..' બેત્રણ દિવસ પહેલા ઘરના પતિદેવ ને વાત વાત માં કહ્યું કે ગજબ છે ઈશ્વર ની માયા જીવન ભર સારા કર્મો કરો તો મૃત્યુ બાદ સ્વર્ગ મળે.શાસ્ત્ર એ સ્વર્ગ ની વ્યાખ્યા: 'ઈચ્છા થાય એટલું સ્વર્ગ ની સુંદર અપ્સરા સાથે હરો ફરો ને મજા કરો. બિના રોકટોક મદિરા નું મન થાય એટલું પાન કરો વગેરે વગેરે અનેક પૃથ્વી પર ન થાય એ સ્વર્ગ ના ફાયદાઓ છે. ' ત્યારે ઘરના પતિદેવ એ ખડખડાટ હસતા હસતા કહ્યું કે આખી દુનિયા 'મોક્ષ' માટે સેવાપૂજા વગેરે કરે છે પરંતુ બધાની દશા મૃત્યુ બાદ ત્રિશંકુ જેવી થઈ જતી હોય છે.મોક્ષ તો મળતો નથી એટલે સારા કર્મો ને ધ્યાન માં લેતા જે જીવતા નથી કર્યું એ બધું માર્યા બાદ મળતા 'હું કોણ' ભૂલી ને સ્વર્ગ ની અપ્સરા ઉર્વશી,રંભા અને તિલોત્તમા ની મોહ જાળ માં ફસાઈ જાય છે. પતિદેવ ની વાત સાંભળતા જ નારદજી એ કહ્યું કે સ્વર્ગ માં જ બધું થાય એવું નથી નીચે 'જય મંગલ સોસાયટી' તરફ નજર કરો. બિચારા પટેલ ભાઈ ના મન હદય માં સોના ઓઝા વરસો થી વસ્યા છે પણ સાસુ ચીકુ બા નો ડોળો પટેલ પર ફરતા જ એ પત્ની કમળા નો પતિ પરમેશ્વર બની જાય છે. નારદજી ની સાથે મીઠો વાર્તાલાપ થયા બાદ એ વીણા વગડતા વગાડતા ઊંચે ઉડીને અદશ્ય થઈ ગયા,ક્યાં? સ્વર્ગ...કે.... વૈકુંઠ.. આપણા ને શું પંચાત? આમપણ સ્ત્રી અને મિલકતની માવજત ના કરો તો એ લાંબા સમય સુધી એકજ વ્યક્તિની આગળ ટકતી નથી. ખબર છે ને વર્તમાન સમયમાં લગ્ન મેળા માં શું થતું હોય છે? ૫૦૦ લગ્ન ઉત્સુક છોકરા સામે ૧૦૦ લગ્ન ઉત્સુક છોકરીઓ સ્ટેજ પર બેઠી હોય છે.વર્તમાન ની મુખ્ય સમસ્યા દીકરાઓ કરતા દીકરીની સંખ્યા ઓછી હોવાનો લાભ એના માબાપ રીતસરના લેતા હોય છે. આના લીધે દહેજ પ્રથા પર રોક લાગી જતા ડિવોર્સ બાદ દીકરીઓ ની છોકરા પાસેથી અધધધ રૂપિયાની માંગણીઓના કિસ્સા વધ્યા છે. આ કારણોસર કુદરતને પૃથ્વી નું સર્જન અટકી જશે તો આ ફિકર થતા એણે છોકરાઓના જન્મ પર બ્રેક લગાવી ને છોકરીઓ નું અવતરણ ધરા પર વધારી દીધું છે. છોડો ને આપણા ને શું પંચાત? ખબર છે તમને જય મંગલ સોસાયટી ના ગયા વર્ષ ના નવરાત્રિ મહોત્સવ માં શું બબાલ થઈ હતી. નથી ખબર તો કાન સરવા કરીને સાંભળો:

જય મંગલ સોસાયટી માં નવરાત્રિના નવ દિવસ ધામધૂમ થી ઉજવી ને નવમા નોરતા ની રાત્રે ફાફડા જલેબી પણ બધાએ ભરપુર ખાઈ ને આનંદ લીધો હોતો. સોસાયટી ના વર્ષોના નિયમ મુજબ દશેરામાં સવારના નાસ્તા સાથે રાત્રિ નું જમણ સોસાયટી તરફથી રહેતું હતું.દશેરામાં આખો દિવસ રમતગમત,ફેશન શો,ક્વિઝ વગેરેનું આયોજન થતું હતું એમાં નાના બાળકો થી લઈને વૃદ્ધો પણ ખુશી થી ભાગ લેતા હતા. દશેરાની રાત્રિએ બધા સદસ્યો હાઉસી રમવા બેસી જતા.લાભુભાઈ જેઠવા એ સોસાયટી ના સૌથી જૂના સદસ્ય ને અબજોપતિ માણસ મયુર સાવલિયા એ એનો c બ્લોકનો ફ્લેટ વર્ષોથી ભાડે આપ્યો છે પરંતુ એના બીજા E blok નો 501 ફ્લેટને ઓફીસ માં ચેન્જ કરીને એમાં બે નબરના ધંધા વર્ષોથી ચાલે છે. મયુર સાવલિયા એ હાઉંસી માં જીતનાર ને ઓછામાં ઓછા 50000 નું ઈનામ એના તરફથી જાહેર થતું હતું.


ગીતા ત્રિપાઠી ,કમળા બેન અને સોના ઓઝા એ મેચિંગ બ્લેક ટીશર્ટ અને બ્લુ જીન્સ પેન્ટ પહેરવાનું નક્કી કર્યું હતું.પટેલ ભાઈને દુકાનમાં રજા હતી એટલે એ રાત્રીના ભરપુર જલેબી ફાફડા ખાઈને બપોર નાં 11 વાગ્યે મીઠી નીંદર માણી રહિયા હતા ત્યાં જ કમળા બહેન એ એને જગાડતા કહ્યું કે પી.પી તમને કહું છું જલદી જાગી તૈયાર થઈ જાવ બધા નીચે થી બોલાવે છે. પટેલ ભાઈની આંખ બંધ હતી છતાંય એના વધારે પડતાં મોટા હોઠ નિંદ્રામાં ખુલ્લા થઈ જવાના કારણે માખીઓ અને મછર ની ગુફા જેવા લાગતા હતા.

કમળા બહેન ના ઘાટા પાડી પાડી ને આવતા મોટા અવાજ ને કારણે પટેલ ભાઈની આંખ ખુલતા જ સામે કમળા બેન નું આધુનિક રૂપ જોઈને બોલ્યાં ક્યું રે મેરી જાન ક્યું મલકી રહી હો? હમરે સામને તનિક દેખ ભી લો. હમ ભી આપકે આશિક હે સદીઓ પુરાને ..કમળા બેન શરમાઈને બોલ્યાં શું પીપી ક્યારના ઊંઘમાં લવારા કર્યા કરો છો કોઈ હુર દેખી લીધી કે શું? પટેલ ભાઈના વધારે પડતાં મોટા હોઠના કારણે કમળા બેન ની નજર આંખ પર જલદી ફોકસ થતી નહતી.

પટેલ ભાઈ સહેજ ઊભા થઈને બોલ્યાં કે લે કમળા darling તને ઊંઘમાં બોલુ એવું લાગે છે મોર્ડન હુર સામે ઉભી હોઈ તો સ્વપ્ના માં થોડી જોવાઈ છે એમ કહી કમળા બેનનો હાથ પકડવા જતાં હતાં ત્યાં કમળા બેનના મમ્મી ચંપા બાં બેડરૂમમાં એન્ટર થતાં બોલ્યાં અરે!!!રે,જમાઈ ઉમર થઈ પણ વેવલા વેડા છૂટતા નથી,હેડો જલદી ઊભા થઈને નાવા નું કરો.એલી કમળી તું ય શું આમ આ વેવલા ની સેવામાં લાગી છો? જા મીઠડાં ને કઈક કામ છે એનો ફોન ચાલુ છે.

પટેલ ભાઈ બેડ પર માથું ખજવળતા સાસુની બકબક સાંભળી ને મનોમન બોલ્યાં કે ડોસી નો ડોસો એની કચકચ થી વહેલો 20વર્ષ પહેલાં પરલોક સિધાવી ગયો ત્યારની ડોશી મારા માંથા પર પનોતી બનીને બેઠી છે.શું થાય કમળા એનું એકનું એક સંતાન એટલે ગામડે એનું ધ્યાન નહિ રહે એવું માની અમદાવાદ લઈને આવ્યો હતો. સવાર પડતાં જ પાછળ પડી જાય છે. શું કરું ભગવાન તે દુનિયાની મોટા માં મોટી મુસીબત સાસુમા ને જ્યારથી જીવન માં આણી ત્યારથી રોમાન્સ એ exit કરી નાખી છે.છોડો એની પંચાત જલદી તૈયાર થઈને જવું પડશે.ઓઝા અને ત્રિપાઠી તો ક્યારના રેડી થઈ ગયા હશે.

પટેલ ભાઈ પથારીમાં બેઠા બેઠા પોતાની કરમ કહાણી ગાઈ રહ્યા હતા ત્યાં મીઠો મધ જેવો અવાજ સંભળાયો 'જય શ્રી કૃષ્ણ બાં' કમળા બહેન રેડી થઈ ગયા..બાં જવાબ આપે એ પહેલા પટેલ ભાઈ બોલ્યાં અરે!!!સોના બેન વટ પડે છે તમને જોઇને તો ફિલ્મની હિરોઈન પણ શરમાઈ જાય.આમ તમે આટલા બધા ફીટ એટલે નોલેજ માટે પૂછું છું કેવી રીતે રહો છો.સોના બહેન આછું સ્મિત ફરકાવીને કહ્યું કે હું oily ફુડ નથી ખાતી ને નિયમિત જોગિંગ કરું છું. હજી પટેલ ભાઈ કશું બોલવાં જાય ત્યાં જ સાસુમા ચંપા બાં બોલ્યાં એલાં એય વેવલીનાં કીધું ને નાવા જા તો જા ખબરદાર ગામ ગપાટા માં સમય બગડ્યો છે તો જા અહીથી સીધો બાથરૂમમાં... સોના બેન ખડખડાટ હસવા લાગ્યા ત્યારે બાં બોલ્યાં કે જમાઈ ને આમ ઘાટા પાડીને બોલો નહિ તો રાતભર ચોળા જટકિયા કરે.શું કરું દુનિયામાં મારી દીકરીના નસીબમાં નાસમજ પતિ ભટકાયો એટલે નિભાવો પડે છે..



# 'RRR'નો હીરો બન્યો સાઉથ સિનેમાનો 'ગેમ ચેન્જર'

(એજન્સી) મુંબઈ | તા 30

મેગાસ્ટાર પિતા ચિરંજીવીના વારસા વચ્ચે પોતાની અલગ ઓળખ બનાવવી રામ ચરણ માટે સરળ નહોતું. કારકિર્દીની શરૂઆતની બ્લોકબસ્ટર સફળતાએ તેને સ્ટાર બનાવ્યો, પરંતુ ફ્લોપ ફિલ્મોએ તેને ઊંડા ડિપ્રેશન અને આત્મ-શંકામાં ધકેલી દીધો હતો. એક સમયે તે પોતાને રૂમમાં બંધ દેતો હતો અને ચાહકો પાસેથી માફી પણ માગી હતી.

બોલિવૂડ ડેબ્યૂની નિષ્ફળતા અને કોરોના દરમિયાનના માનસિક સંઘર્ષે તેનો માર્ગ વધુ કઠિન બનાવ્યો. જોકે, દરેક આંચકામાંથી બહાર આવીને રામ ચરણે વાપસી કરી અને 'RRR' સાથે ગ્લોબલ સ્ટાર બન્યો. હવે તેની ફિલ્મ 'પેદ્દી' રિલીઝ થવાની છે. આજની સક્સેસ સ્ટોરીમાં જાણીએ રામ ચરણની કારકિર્દી અને અંગત જીવન સાથે જોડાયેલી વાતો

રામ ચરણનો જન્મ 27 માર્ચ 1985ના રોજ ચેન્નઈ (તત્કાલીન મદ્રાસ)માં થયો હતો. તે તેલુગુ સિનેમાના મેગાસ્ટાર ચિરંજીવી અને સુરેખાનો પુત્ર છે. તેનો પરિવાર આંધ્ર પ્રદેશના પશ્ચિમ ગોદાવરી જિલ્લા સાથે જોડાયેલો છે. તેની બે બહેનો સુષ્મિતા અને શ્રીજા છે.

રામ ચરણનો જન્મ ભલે ફિલ્મી પરિવારમાં થયો હોય, પરંતુ બાળપણમાં તેને ક્યારેય એવો અહેસાસ થવા દેવામાં આવ્યો .

**શાળામાં ઓળખ છુપાવવી પડતી હતી |** રામ ચરણે ઘણી વાતચીતમાં જણાવ્યું છે કે શાળાના દિવસોમાં તે વધુ ધ્યાન આકર્ષિત કરવા માંગતા ન હતા. જ્યારે લોકો તેને ચિરંજીવીનો દીકરો કહીને ઓળખી લેતા હતા, ત્યારે તેને અસ્વસ્થતા અનુભવાતી હતી. તે બીજા બાળકોની જેમ સામાન્ય જીવન જીવવા માંગતો હતો.

તેણે કહ્યું હતું કે તેના પિતાએ હંમેશા તેને જમીન સાથે જોડાયેલા સંસ્કાર આપ્યા અને મહેનતનું મહત્વ સમજાવ્યું. આ જ કારણ હતું કે સ્ટાર કિડ હોવા છતાં તે પોતાને સાબિત કરવાનું દબાણ અનુભવતો હતો.

રામ ચરણે ચેન્નઈની પદ્મ શેષાદ્રિ બાલા ભવન સ્કૂલમાંથી પ્રારંભિક અભ્યાસ કર્યો. ત્યારબાદ તેણે ઊટીની લોરેન્સ સ્કૂલ, હૈદરાબાદ પબ્લિક સ્કૂલ અને સેન્ટ મેરી કોલેજ, હૈદરાબાદમાં અભ્યાસ કર્યો. શરૂઆતમાં તેનું ફિલ્મોમાં આવવાનું કોઈ નિશ્ચિત સ્વપ્ન નહોતું. તેને બિઝનેસ, સ્પોર્ટ્સ અને ઓટોમોબાઈલ્સમાં વધુ રસ હતો. કાર અને સ્પોર્ટ્સ પ્રત્યે તેનો લગાવ જૂનો છે.

મનીકંટ્રોલને આપેલા ઈન્ટરવ્યૂમાં રામ ચરણે જણાવ્યું હતું કે ઘરમાં ક્યારેય ફિલ્મોમાં આવવાનું દબાણ નહોતું. કોલેજના દિવસોમાં ધીમે ધીમે તેનો ઝુકાવ અભિનય તરફ વધ્યો. ત્યારબાદ તેણે મુંબઈની કિશોર નમિત કપૂર એક્ટિંગ ઈન્સ્ટિટ્યૂટમાં તાલીમ લેવાનો નિર્ણય કર્યો.

રામ ચરણે જણાવ્યું હતું કે એક્ટિંગ શીખતી વખતે તેણે પોતાના પિતાની ફિલ્મોને એક વિદ્યાર્થીની જેમ જોવાનું શરૂ કર્યું. તે ચિરંજીવીના ડાન્સિંગ, સ્ક્રીન પ્રેઝન્સ અને સંવાદ અદાયગીને બારીકાઈથી સમજતો હતો. આ દરમિયાન તેને અહેસાસ થયો કે અભિનય માત્ર સ્ટારડમ નથી, પરંતુ એક કળા પણ છે. એપ્રિલ 2024માં તેને ચેન્નઈની વેલ્સ યુનિવર્સિટીમાંથી માનદ ડોક્ટરેટની પદવી મળી.

**પહેલી ફિલ્મ કેવી રીતે મળી?:** રામ ચરણને પહેલી ફિલ્મ 'ચિરુથા' (2007) પિતા ચિરંજીવીના કારણે મળી, પરંતુ આ માટે તેને સઘન તૈયારી અને સ્ક્રીન ટેસ્ટમાંથી પસાર થવું પડ્યું હતું. નિર્દેશક પુરી જગન્નાથે તેને લોન્ચ કર્યો. આ ફિલ્મનું નિર્માણ નિર્માતા સી અશ્વિની દત્તે કર્યું હતું.

ABN તેલુગુના શો 'ઓપન હાર્ટ વિથ આરકે'માં રામ ચરણે જણાવ્યું હતું કે પહેલી ફિલ્મ દરમિયાન તે ખૂબ જ નર્વસ રહેતો હતો. કેમેરા સામે સહજતા અનુભવતો ન હતો અને અભિનય, ડાન્સ તથા કેમેરા ફેસિંગ પર સતત મહેનત કરવી પડતી હતી.



(એજન્સી) મુંબઇ | તા 30

બોલિવૂડ એક્ટ્રેસ માધુરી દીક્ષિતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં 'ધક ધક ગર્લ' એક રિવિલિંગ બ્લેક ડ્રેસમાં જોવા મળી રહી છે.

માધુરીનો વીડિયો વાયરલ થતાં જ તેને જોઈને ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે તેના પહેરવેશ પર ટિપ્પણી કરવાનું શરૂ કરી દીધું છે. લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે. જોકે, વીડિયોને લઈને પત્રકાર જયદીપ પાંડેએ દાવો કર્યો કે, 'આ વીડિયો ફેક AI વીડિયો છે.'

જયદીપે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર એક યુઝરને રિપ્લાય આપતા લખ્યું, 'આ માધુરી દીક્ષિતનો AI દ્વારા બનાવવામાં આવેલો નકલી વીડિયો છે. કૃપા કરીને આવી કોઈ પણ વસ્તુ પોસ્ટ કે શેર કરતા પહેલાં તેની સત્યતાની તપાસ અવશ્ય કરી લો.'

ઘણા યુઝર્સે આ વીડિયો શેર કર્યો હતો. જ્યારે, એક યુઝરની પોસ્ટ પર કોમ્યુનિટી નોટ જારી કરીને X (અગાઉ ટ્વિટર) એ કહ્યું કે, 'વીડિયો સંપૂર્ણપણે AIની મદદથી તૈયાર કરવામાં આવ્યો છે.'

નોંધનીય છે કે ઘણા સેલિબ્રિટી AI-જનરેટેડ કન્ટેન્ટનો શિકાર બની ચૂક્યા છે, જેમાં રશ્મિકા મંદાના, કેટરિના કૈફ અને સાઉથ એક્ટ્રેસ કીર્તિ સુરેશનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ ફેક AIથી બનેલા વીડિયો અને તસવીરોને લઈને સાઉથ એક્ટ્રેસ રુક્મિણી વસંત ભડકી ઉઠી હતી.


રુક્મિણીએ શનિવારે પોતાના X એકાઉન્ટ પર એક નોટ શેર કરીને લખ્યું હતું કે, 'મારી ટીમ અને મેં સોશિયલ મીડિયા પર કેટલીક AI થી બનાવેલી તસવીરો જોઈ છે, જેના વિશે દાવો કરવામાં આવી રહ્યો છે કે તે મારી છે. હું સ્પષ્ટ કહેવા માંગુ છું કે આ તસવીરો સંપૂર્ણપણે નકલી અને બનાવટી છે. આ પ્રકારની એડિટેડ તસવીરો બનાવવી અને ફેલાવવી ખૂબ જ બેજવાબદાર છે. આ કોઈની પ્રાઈવસીનું મોટું ઉલ્લંઘન પણ છે.' તેણે આગળ લખ્યું હતું કે, 'અમે આ મામલાને ગંભીરતાથી લઈ રહ્યા છીએ. આ તસવીરો બનાવનારા અને ફેલાવનારાઓ વિરુદ્ધ કાયદાકીય અને સાયબર ક્રાઈમ કાર્યવાહી શરૂ કરવામાં આવી રહી છે. હું બધા લોકોને અપીલ કરું છું કે આવા કન્ટેન્ટને શેર ન કરે અને ન જ તેને પ્રોત્સાહન આપે.'

## રશ્મિકાનો ડીપફેક વીડિયો સામે આવ્યો હતો

નવેમ્બર 2023માં રશ્મિકાનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તે કાળા રંગના કપડાંમાં એક લિફ્ટની અંદર જતી દેખાઈ રહી હતી. આ વીડિયો સંપૂર્ણપણે ફેક હતો. મૂળ વીડિયો બ્રિટિશ-ભારતીય સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઝારા પટેલનો હતો. AI ડીપફેક ટેકનિકનો ઉપયોગ કરીને ઝારાના ચહેરાની જગ્યાએ રશ્મિકાનો ચહેરો લગાવી દેવામાં આવ્યો હતો.

ડીપફેક શું છે? ડીપફેક એક પ્રકારનો નકલી વીડિયો છે, જેમાં વ્યક્તિનો ચહેરો, અવાજ અને અભિવ્યક્તિ બદલાઈ જાય છે. AI ટૂલ્સ દ્વારા એડિટિંગ એટલી સ્પષ્ટ રીતે કરવામાં આવે છે કે, સાચા અને નકલી વીડિયોની ઓળખ કરવી ખૂબ મુશ્કેલ છે. પહેલા મોર્ફિંગ માત્ર સ્થિર ફોટોમાં જ કરવામાં આવતું હતું, જો કે હવે વીડિયોમાં પણ ચહેરાના હાવભાવ બદલવામાં આવે છે. ડીપફેકનો ઉપયોગ મોટાભાગે પોર્નોગ્રાફી માટે કરવામાં આવે છે, જેમાં ટેક્નોલોજીની મદદથી કોઈના પણ ફોટો કે વીડિયોને ન્યૂડ ફોટો કે વીડિયોમાં કન્વર્ટ કરવામાં આવે છે.

'ડૉન 3' વિવાદ પર શોભા ડેએ રણવીર સિંહ પર થયેલી કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા



# 'ધુરંધર પછી રણવીર વિરુદ્ધ રચાયેલું ષડયંત્ર'

(એજન્સી) મુંબઈ | તા 30

રાઈટર અને કટારલેખિકા શોભા ડેએ દાવો કર્યો છે કે 'ડોન 3' વિવાદની આડમાં રણવીર સિંહ અને 'ધુરંધર'ના ડિરેક્ટર આદિત્ય ધર વિરુદ્ધ ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.

ફિલ્મ 'ડોન 3' માંથી અચાનક બહાર થવાને કારણે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE) એ રણવીર સિંહ વિરુદ્ધ 'નોન-કોઓપરેશન ડાયરેક્ટિવ' જારી કર્યો છે.

આ જ મુદ્દે વાત કરતા ગુરુવારે શોભા ડેએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો. સાથે જ કેપ્શનમાં તેમણે લખ્યું, 'રણવીર સિંહ બોલિવૂડના દિલ્હી જિમખાના જેવા છે... બધું એક જેવું દેખાય છે, પણ અલગ છે. બધાને સાથે લઈને ચાલવાને બદલે અલગતા શા માટે? ધમકીઓ અને દબાણ બનાવવાની કોશિશો કામ નહીં કરે. પહેલા પણ નથી કરી અને આગળ પણ નહીં કરે.'

વીડિયોમાં શોભા ડેએ રણવીર સિંહના 'ડોન 3' વિવાદ અને દિલ્હી જિમખાના ક્લબ વિવાદની સરખામણી કરી. તેમણે કહ્યું, 'હું રણવીર સિંહના કેસને પણ જોઈ રહી છું અને દિલ્હી જિમખાનાના કેસને પણ. બંનેમાં મને બહુ ફરક નથી દેખાતો. ઘણી રીતે રણવીર સિંહ બોલિવૂડના દિલ્હી જિમખાના જેવા છે.'

શોભા ડેની પોસ્ટ.

તાજેતરમાં કેન્દ્ર સરકારે દિલ્હી જિમખાના ક્લબને સફદરજંગ રોડ સ્થિત પરિસર ખાલી કરવા જણાવ્યું છે. સરકારનું કહેવું છે કે લ્યુટિયન્સ દિલ્હીમાં સરકારી અને સંરક્ષણ સંસ્થાઓ પાસે આવેલી આ જમીનની જરૂર સંરક્ષણ માળખાને મજબૂત કરવા અને સુરક્ષા સંબંધિત કાર્યો માટે છે.

શોભા ડેએ કહ્યું, 'આખરે આ આખો મામલો શેના વિશે છે? આ શક્તિ, નિયંત્રણ અને લોકો પર અંકુશ લગાવવાના પ્રયાસ વિશે છે. આ લોકોને તેમની જગ્યા બતાવવાનો અને પાઠ ભણાવવાનો પ્રયાસ છે. તે લોકો કે સંસ્થાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેમને કેટલાક લોકો જરૂરિયાત કરતાં વધુ વિશેષાધિકાર મળેલા માને છે.'

# વરૂણ ધવનની ફિલ્મમાં 'ચુનરી' ગીતનો ઉપયોગ કરાતા હોબાળો

(એજન્સી) મુંબઇ | તા 30

બોલિવૂડ એક્ટર વરૂણ ધવનની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ને લઈને ટેન્શન વધી ગયું છે. આગામી 5 જૂનના રોજ આ ફિલ્મ સિનેમાઘરોમાં દસ્તક આપવા માટે તૈયાર છે, પરંતુ તે પહેલા જ ડિરેક્ટર ડેવિડ ધવન અને 'ટિપ્સ' મ્યુઝિક કંપની માટે મોટી મુશ્કેલીઓ ઊભી થઈ ગઈ છે. જાણીતા પ્રોડ્યુસર વાસુ ભગનાનીએ ફિલ્મના મેકર્સ વિરુદ્ધ 400 કરોડનો અધધધ કાયદાકીય કેસ ઠોકી દીધો છે. ચાલો જાણીએ શું છે આ આખો વિવાદ.

વરૂણ ધવન અને તેના પિતા ડેવિડ ધવન હાલમાં આ ફિલ્મનું જોરશોરથી પ્રમોશન કરી રહ્યા છે. તાજેતરમાં જ આ ફિલ્મનું ગીત 'ચુનરી ચુનરી' રિલીઝ થયું હતું, જે બોલિવૂડના જૂના આઈકોનિક ગીતનું રિમેક છે. આ ગીત બહાર આવતાની સાથે જ પ્રોડ્યુસર વાસુ ભગનાની અને ફિલ્મના મેકર્સ વચ્ચે વિવાદ શરૂ થઈ ગયો હતો. હવે આ મામલે નવો અને મોટો વણાંક આવ્યો છે. વાસુ ભગનાનીની કંપની 'પૂજા એન્ટરટેઈનમેન્ટ લિમિટેડ'એ બોમ્બે હાઈકોર્ટમાં ટિપ્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, રમેશ તૌરાની, કુમાર એસ. તૌરાની અને ડેવિડ ધવન વિરુદ્ધ કેસ ફાઈલ કરીને મોટો ઝટકો આપ્યો છે.

વરૂણ ધવનની આ ફિલ્મ પર વાસુ ભગનાનીએ પરવાનગી વિના ગીતોનો ઉપયોગ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, વાસુ ભગનાનીના વકીલ 'વી. કે. દુબે એસોસિએટ્સ' દ્વારા આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ કાનૂની નોટિસમાં ફિલ્મના પ્રમોશનલ મટીરિયલ, વિવાદિત ગીત 'ચુનરી ચુનરી' અને 'ઈશ્ક સોના હૈ'ના ઉપયોગ સામે સખત વાંધો ઉઠાવવામાં આવ્યો છે.



# શાહરૂખ ખાન નહીં, હવે રજનીકાંતની 'જેલર 2'માં હૃતિક રોશનનો કેમિયો જોવા મળશે...?

(એજન્સી) મુંબઇ | તા 30

સાઉથ સિનેમાની મોસ્ટ અવેટેડ ફિલ્મોની યાદીમાં સુપરસ્ટાર રજનીકાંતની 'જેલર 2' મોખરે છે. સન પિક્ચર્સના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મ આ જ વર્ષે રિલીઝ થવાની ચર્ચા છે, જોકે હજુ સુધી સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવી નથી. આ દરમિયાન ફિલ્મ જગતમાંથી એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે કે, આ ફિલ્મમાં હવે બોલિવૂડના ગ્રીક ગોડ હૃતિક રોશનની એન્ટ્રી થવા જઈ રહી છે.

આ પહેલાં તેની જગ્યાએ શાહરુખ ખાન હશે એવી ચર્ચા હતી. શું ખરેખર કિંગ ખાન એટલે કે શાહરૂખ ખાનના સ્થાને હૃતિક રોશનને સાઈન કરવામાં આવ્યો છે? આવો જાણીએ સમગ્ર વિગત. સુપરસ્ટાર રજનીકાંત માટે ગત વર્ષ એટલે કે 2025 ખૂબ જ શાનદાર રહ્યું હતું. ગયા વર્ષે રિલીઝ થયેલી તેમની ફિલ્મ 'કુલી'ને ભલે ક્રિટિક્સ તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો હોય, પરંતુ બોક્સ ઓફિસ પર તેણે અધધધ કમાણી કરી હતી.

હવે રજનીકાંતના ફેન્સ 'જેલર 2'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અહેવાલો અનુસાર, રજનીકાંત અને બાકીના કલાકારોએ પોતાના ભાગનું શૂટિંગ પણ પૂરું કરી લીધું છે. આ ફિલ્મમાં પહેલા શાહરૂખ ખાનનો એક પાવરફુલ કેમિયો રોલ હોવાની ચર્ચા હતી, પરંતુ છેલ્લી ઘડીએ કિંગ ખાને આ રોલ માટે ના પાડી દીધી હતી. હવે નવા અપડેટ મુજબ મેકર્સ આ રોલ માટે હૃતિક રોશનનો સંપર્ક કરી રહ્યા છે.



# વાસુ ભગનાનીએ ધવન પર ₹400 કરોડ કેસ કર્યો

## ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'ના ચુનરી ચુનરી ગીત પર વિવાદ; રિલીઝ રોકવાની માંગ

(એજન્સી) મુંબઈ | તા 30

ફિલ્મ પ્રોડ્યુસર વાસુ ભગનાનીની કંપની પૂજા એન્ટરટેઈનમેન્ટે ટિપ્સ ઈન્ડસ્ટ્રીઝ અને ફિલ્મ મેકર ડેવિડ ધવન વિરુદ્ધ બોમ્બે હાઈકોર્ટમાં 400 કરોડ રૂપિયાનો કેસ કર્યો છે. આ વિવાદ વરુણ ધવનની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'માં 1999ની હિટ ફિલ્મ 'બીવી નંબર 1'ના બે ગીતોના ઉપયોગને લઈને છે.

વાસુ ભગનાનીનો દાવો છે કે ટિપ્સ પાસે આ ગીતોના વિઝ્યુઅલ રાઈટ્સ નથી. તેણે ફિલ્મની રિલીઝ રોકવા અને તેનું ટાઈટલ બદલવાની માંગ કરી છે. જ્યારે ટિપ્સે આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. વાશુ ભગનાનીના પૂજા એન્ટરટેઈનમેન્ટે કુલી નંબર 1 (1995), હીરો નંબર 1 (1997), બડે મિયાં છોટે મિયાં (1998) અને બીવી નંબર 1 (1999) જેવી બ્લોકબસ્ટર ફિલ્મો બનાવી છે.

વાશુ ભગનાનીના પૂજા એન્ટરટેઈનમેન્ટે કુલી નંબર 1 (1995), હીરો નંબર 1 (1997), બડે મિયાં છોટે મિયાં (1998) અને બીવી નંબર 1 (1999) જેવી બ્લોકબસ્ટર ફિલ્મો બનાવી છે. 'ચુનરી ચુનરી' અને 'ઈશ્ક સોના હૈ' ગીતો પર વિવાદ ડિરેક્ટર ડેવિડ ધવનની વરુણ ધવન, પૂજા હેગડે અને મૃણાલ ઠાકુર અભિનીત આ ફિલ્મ 5 જૂન 2026ના રોજ રિલીઝ થવાની છે. આમાં 'બીવી નંબર 1'ના બે પ્રખ્યાત ગીતો 'ચુનરી ચુનરી' અને 'ઈશ્ક સોના હૈ'ને ફરીથી બનાવવામાં આવ્યા છે. પૂજા એન્ટરટેઈનમેન્ટે વકીલ વીકે દુબે એસોસિએટ્સ દ્વારા કોર્ટમાં અરજી કરી છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## સ્પોર્ટ્સ ક્ષેત્રે પાયલ નાગની સિદ્ધિથી ઓડિશા રાજ્યનું નામ રોશન થયું



(એજન્સી) ભુવનેશ્વર । તા. 30

ઓડિશાની પેરા-આર્ચરી (તીરંદાજી) ખેલાડી પાયલ નાગને તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સ્તરે મેળવેલી ભવ્ય સફળતા બદલ સન્માનિત કરવામાં આવ્યા છે. પોતાની અસાધારણ મહેનત અને મનોબળના જોરે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં દેશ તથા રાજ્યનું નામ રોશન કરનાર પાયલ નાગ હાલમાં રમતગમતના વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બની છે.

મીડિયા અહેવાલ અનુસાર, પાયલ નાગે વિવિધ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લઈને પોતાની પ્રતિભા સાબિત કરી છે. તેની આ સિદ્ધિ બદલ તેનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. એક પેરા-એથ્લેટ તરીકે પાયલનો સંઘર્ષ અન્ય યુવાનો માટે પણ પ્રેરણારૂપ છે. ઓડિશા સરકાર અને વિવિધ રમતગમત સંસ્થાઓ દ્વારા તેના આ ઉત્કૃષ્ટ પ્રદર્શનની નોંધ લઈને તેને પ્રોત્સાહિત કરવામાં આવી છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પાયલને ભવિષ્યની સ્પર્ધાઓ માટે પણ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

ઓડિશા છેલ્લા કેટલાક વર્ષોમાં રમતગમતના ક્ષેત્રમાં એક હબ તરીકે ઉભરી આવ્યું છે. રાજ્ય સરકારની સક્રિય નીતિઓ અને ખેલાડીઓને મળતા પ્રોત્સાહનને કારણે રાજ્યના અનેક યુવા ખેલાડીઓ વૈશ્વિક સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. પાયલ નાગની આ સફળતા એ વાતનો પુરાવો છે કે યોગ્ય માર્ગદર્શન અને સુવિધાઓ મળે તો પેરા-એથ્લેટ્સ પણ દેશ માટે ગૌરવ મેળવી શકે છે.

પાયલની આ સફળતા માત્ર તેના માટે જ નહીં પરંતુ સમગ્ર પેરા-સ્પોર્ટ્સ સમુદાય માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. આ પ્રસંગે પાયલે પણ પોતાના કોચ, પરિવાર અને સમર્થકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને આગામી મોટી સ્પર્ધાઓમાં વધુ સારું પ્રદર્શન કરવા માટેનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

ઓલિમ્પિક મેડલ વિજેતા સાઈના નેહવાલ હવે કોચિંગ કે અન્ય ભૂમિકામાં દેખાશે



# IPLમાં નવો રેકોર્ડ સ્થાપ્યો 96 રન બનાવી વૈભવ રડ્યો ફાઈનલનું સપનું રોળાયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ની સીઝનમાં કરોડો ક્રિકેટ ચાહકોના દિલ જીતનાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી માટે શુક્રવારનો દિવસ અત્યંત ભાવુક રહ્યો. મુલ્લાંપુરમાં રમાયેલી ક્વોલિફાયર-૨ મેચમાં ગુજરાત ટાઈટન્સે રાજસ્થાન રોયલ્સને ૭ વિકેટે પરાજય આપતા રાજસ્થાનનું ફાઈનલમાં પહોંચવાનું સપનું રોળાઈ ગયું હતું. આ હાર સાથે રાજસ્થાન રોયલ્સની આ સીઝનનો અંત આવ્યો છે, જ્યારે ગુજરાત ટાઈટન્સ હવે ૩૧ મેના રોજ ફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે.

રાજસ્થાન રોયલ્સની પરાજય બાદ સ્ટેડિયમ અને ડગઆઉટમાંથી સૌથી હૃદયદ્રાવક દ્રશ્યો સામે આવ્યા હતા. માત્ર ૧૫ વર્ષના યુવા સ્ટાર વૈભવ સૂર્યવંશી ટીમની હારને કારણે આટલા વ્યથિત હતા કે તે ડગઆઉટમાં એકલા બેસીને રડતા જોવા મળ્યા હતા. તેમની આંખોમાં સાફ દેખાતી નિરાશાએ દરેક ચાહકને ભાવુક કરી દીધા હતા. આ કપરા સમયે ટીમના એક સપોર્ટ સ્ટાફ મેમ્બરે તેમને પાસે આવીને હિંમત આપી હતી અને સાંત્વના પાઠવી હતી. સોશિયલ મીડિયા પર આ તસવીરો ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે. ભલે રાજસ્થાન રોયલ્સ આ મેચ હારી ગયું હોય, પરંતુ વૈભવ સૂર્યવંશીએ ફરી એકવાર સાબિત કરી દીધું કે તે ભારતીય ક્રિકેટનું ઉજ્જવળ ભવિષ્ય છે. ભારે દબાણવાળી આ મેચમાં તેમણે ગુજરાત ટાઈટન્સના દિગ્ગજ બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. તેઓ પોતાની સદી માત્ર ૪ રન માટે ચૂકી ગયા હતા, પરંતુ તેમની ૯૬ રનની આ તોફાની ઈનિંગ્સે સ્ટેડિયમમાં હાજર તમામ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આઈપીએલ ૨૦૨૬માં વૈભવનું પ્રદર્શન કોઈ અજાયબીથી ઓછું નથી. વિશ્વના મોટા-મોટા ટી૨૦ સ્ટાર્સની હાજરી વચ્ચે ૧૫ વર્ષના આ ખેલાડીએ જે આક્રમકતા બતાવી તે અકલ્પનીય છે. આ આખી સીઝનમાં વૈભવ સૂર્યવંશીએ એક સદી ફટકારી છે અને ત્રણ વખત 'નર્વસ નાઈન્ટીઝ'નો શિકાર બન્યા છે. રાજસ્થાન રોયલ્સ ભલે ફાઈનલ સુધી ન પહોંચી શક્યું હોય.

# રોલેન્ડ ગેરોસ 2026: જાહેરાતના બોર્ડ સાથે અથડાતા ઝેનેપ સોનમેઝ ટુર્નામેન્ટમાંથી બહાર

(એજન્સી) પેરિસ । તા. 30

ફ્રેન્ચ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં શુક્રવારે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની હતી. તુર્કીની ખેલાડી ઝેનેપ સોનમેઝ ડબલ્સ મેચ દરમિયાન કોર્ટ પર મૂકવામાં આવેલા જાહેરાતના બોર્ડ સાથે અથડાતા ઈજાગ્રસ્ત થઈ હતી, જેને કારણે તેણે ટુર્નામેન્ટમાંથી બહાર થવું પડ્યું છે. આ ઘટનાએ ટેનિસ જગતમાં ખેલાડીઓની સુરક્ષા અંગે નવી ચર્ચા જગાવી છે.

૨૪ વર્ષીય ઝેનેપ સોનમેઝ તેની જર્મન જોડીદાર તાતજાના મારિયા સાથે યુક્રેનની જોડી અન્હેલિના કાલિનીના અને ડાયાના યાસ્ત્રેમસ્કા સામે રમી રહી હતી. મેચના પ્રથમ સેટમાં ૨-૦ થી પાછળ હતા ત્યારે કોર્ટ નંબર ૬ પર એક ઊંચા બોલનો પીછો કરતી વખતે સોનમેઝનું સંતુલન બગડ્યું હતું. બોલ તેના માથા ઉપરથી પસાર થઈ ગયો હતો, પરંતુ પીછો કરતા દરમિયાન તે કોર્ટની પાછળ મૂકવામાં આવેલા એક જાહેરાતના બોર્ડ સાથે અથડાઈને દીવાલ તરફ ફસડાઈ પડી હતી. તેણે પોતાનો ચહેરો બચાવવા માટે ઝડપી પ્રતિક્રિયા હતી, પરંતુ તેનો જમણો પગ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો



આ ૫૧ હતો. ટૂર્નામેન્ટના ડોક્ટરે તપાસ કર્યા બાદ સોનમેઝે મેચમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય લેતા માત્ર ૧૭ મિનિટમાં જ રમત સમાપ્ત થઈ હતી.

સોનમેઝ અગાઉ જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપન દરમિયાન એક બોલ ગર્લની મદદ કરીને ચાહકોનું દિલ જીતી ચૂકી છે. તેની ઈજા બાદ પેરિસમાં ચાર વખત ચેમ્પિયન બનેલી ઈગા સ્વાટેકે આયોજકોને આ બાબતે ગંભીરતા દાખવવા વિનંતી કરી છે. સ્વાટેકે કહ્યું કે, "માટીના કોર્ટ પર બોલ ઊંચા ઉછળે છે, તેથી ખેલાડીઓને વધુ જગ્યાની જરૂર હોય છે. આ રીતે જાહેરાતના બોર્ડ લગાવવા સુરક્ષિત નથી."

ટૂર્નામેન્ટ આયોજકોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સ્ટેડિયમ કોમ્પ્લેક્સનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે અને તમામ કોર્ટ આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ છે. તેમ છતાં, ખેલાડીઓની સુખાકારી તેમની પ્રાથમિકતા હોવાથી તેઓ કોર્ટની આસપાસના વિસ્તારમાં જરૂરી ફેરફારો કરી રહ્યા છે. આ ઘટના બાદ ખેલાડીઓની સુરક્ષાના મુદ્દે વહીવટીતંત્ર હવે વધુ સતર્ક બન્યું છે.

## એશિયન ગેમ્સ સિલેક્શન ટ્રાયલ્સ: વિનેશ ફોગાટની શાનદાર શરૂઆત

### 53 કિગ્રા વર્ગમાં ભાગ લેવા માટે વિનેશનો સંઘર્ષ સફળ, પ્રથમ રાઉન્ડમાં જ્યોતિને હરાવી



(એજન્સી) નવી દિલ્હી । તા. 30

એશિયન ગેમ્સમાં ભારતીય ટીમમાં સ્થાન મેળવવા માટેના સિલેક્શન ટ્રાયલ્સમાં સ્ટાર રેસલર વિનેશ ફોગાટે શાનદાર પ્રારંભ કર્યો છે. શનિવારે નવી દિલ્હી ખાતે આયોજિત ટ્રાયલ્સમાં વિનેશે ૫૩ કિગ્રા વર્ગની પોતાની પ્રથમ બાઉટમાં જ્યોતિ સામે ૭-૧ થી એકતરફી વિજય મેળવીને પોતાની તૈયારીઓનો પરચો આપ્યો હતો.

શરૂઆતમાં વિનેશ થોડી સાવધ રહી હતી, પરંતુ જેમ જેમ સમય આગળ વધ્યો તેમ તેણે પોતાની પકડ મજબૂત બનાવી હતી. બીજા પિરિયડમાં વિનેશે ડાબા પગના એટેક દ્વારા ટેક-ડાઉન મૂવ કરીને ૩-૦ ની લીડ મેળવી હતી. જ્યોતિએ વળતો પ્રહાર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિનેશે પોતાની શક્તિના જોરે તેને નિષ્ફળ બનાવ્યો હતો. અંતે, કાઉન્ટર એટેકમાં બે ઝડપી મૂવ્સ કરીને વિનેશે ૭-૧ ના સ્કોર સાથે વિજય નિશ્ચિત કર્યો હતો. હવે વિનેશનો આગામી મુકાબલો નિશુ સાથે થશે. આ ઉપરાંત, અન્ય એક આશાસ્પદ રેસલર અંતિમ પંઘાલે પણ ટેકનિકલ શ્રેષ્ઠતાના આધારે માત્ર ૩૪ સેકન્ડમાં પોતાની બાઉટ જીતીને દમદાર શરૂઆત કરી હતી.

### વિવાદ અને WFI નો નિર્ણય

આ ટ્રાયલ્સ પહેલાં ભારે નાટક જોવા મળ્યું હતું. અગાઉ રેસલિંગ WFIએ વિનેશને માત્ર ૫૦ કિગ્રા વર્ગમાં જ ભાગ લેવાની સૂચના આપી હતી, કારણ કે તેણે તાજેતરની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં આ જ વર્ગમાં ભાગ લીધો હતો. વિનેશે આ નિર્ણયનો સખત વિરોધ કરતા ફેડરેશન પર ભેદભાવ રાખવાનો આરોપ લગાવ્યો હતો. આ મામલે દિલ્હી હાઈકોર્ટે પણ હસ્તક્ષેપ કર્યો હતો અને વિનેશને 'આઈકોનિક ખેલાડી' તરીકે ગણીને ભાગ લેવાની મંજૂરી આપવા નિર્દેશ આપ્યો હતો. અંતે, WFI પ્રમુખ સંજય સિંઘના હસ્તક્ષેપ બાદ વિનેશને ૫૩ કિગ્રા વર્ગમાં પણ વજન કરાવવાની અને રમવાની મંજૂરી આપવામાં આવી હતી. ડ્રો મુજબ, વિનેશ અને અંતિમ પંઘાલ ફાઈનલમાં સામસામે આવી શકે છે, પરંતુ તે પહેલાં વિનેશે સેમીફાઈનલમાં પ્રતિભાશાળી ખેલાડી મીનાક્ષી ગોયતનો સામનો કરવો પડશે.

મ્યુનિક આઈએસએસએફ વર્લ્ડ કપ

## મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ ફાઈનલમાં ભારતનો દબદબો

(એજન્સી) મ્યુનિક । તા. 30

જર્મનીના મ્યુનિક ખાતે ચાલી રહેલા આઈએસએસએફ (ISSF) વર્લ્ડ કપમાં ભારતીય મહિલા શૂટર્સે શાનદાર પ્રદર્શન કરતા ઈતિહાસ રચ્યો છે. શુક્રવારે યોજાયેલી મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલની ફાઈનલમાં સુરુચિ સિંઘ અને ઈશા સિંઘે ક્રમશઃ સુવર્ણ અને રજત પદક જીતીને ભારતને બેવડી સફળતા અપાવી હતી.

સ્પર્ધામાં સુરુચિ સિંઘે અદભૂત લય જાળવી રાખી હતી અને ૨૪૨.૧ નો સ્કોર કરીને ટોચનું સ્થાન મેળવ્યું હતું. તેની સાથી ખેલાડી ઈશા સિંઘ પણ પાછળ નહોતી, તેણે ૨૪૧.૨ ના સ્કોર સાથે રજત પદક પોતાના નામે કર્યો હતો. સુરુચિના પ્રદર્શનની ખાસ વાત એ હતી કે તેના કુલ ૨૪ શોટ્સમાંથી ૧૭ શોટ્સ ૧૦ પોઈન્ટથી વધુના હતા, જે તેની ચોકસાઈ અને એકાગ્રતાનું પરિણામ દર્શાવે છે. દક્ષિણ કોરિયાની ગાઉન ચૂ ૨૨૦.૨ ના સ્કોર સાથે ત્રીજા સ્થાને રહીને કાંસ્ય પદક મેળવવામાં સફળ રહી હતી.

### મેડલ ટેલીમાં ભારતનો દબદબો

આ જીત સાથે ભારતે મેડલ ટેલીમાં પોતાની સ્થિતિ વધુ મજબૂત કરી છે. હાલમાં ભારત કુલ ત્રણ મેડલ – બે સુવર્ણ અને એક રજત પદક સાથે સ્પર્ધામાં સૌથી મોખરે છે. મ્યુનિકમાં ભારતીય શૂટર્સનો આ દેખાવ આગામી મોટી સ્પર્ધાઓ માટે પણ ખૂબ જ પ્રોત્સાહક છે.

સુરુચિ અને ઈશા સિંઘનું આ પ્રદર્શન વૈશ્વિક સ્તરે ભારતીય શૂટિંગની વધતી જતી તાકાતનું પ્રતીક છે. આઈએસએસએફ વર્લ્ડ કપ જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધામાં એક જ ઈવેન્ટમાં બે ભારતીય ખેલાડીઓનું પોડિયમ પર સ્થાન મેળવવું એ દેશ માટે ગર્વની વાત છે. આ સફળતા પાછળ તેમની વર્ષોની સખત મહેનત અને ટ્રેનિંગ મુખ્ય કારણભૂત છે.

મુગેલોમાં પ્રથમ પ્રેક્ટિસ સેશન માટે મળી મંજૂરી

## ઈટાલિયન ગ્રાન્ડ પ્રિક્સમાં માર્ક માર્ક્વેઝની વાપસી: ખિતાબની દોડમાં સમયની જરૂર



(એજન્સી) રોમ । તા. 30

મોટોજીપી (MotoGP) ના વર્તમાન ચેમ્પિયન માર્ક માર્ક્વેઝ લાંબા ગાળાના ઈજાના સંઘર્ષ બાદ ફરી ટ્રેક પર પરત ફરવા માટે તૈયાર છે. ઈટાલિયન ગ્રાન્ડ પ્રિક્સ પૂર્વે પોતાની રણનીતિ સ્પષ્ટ કરતા ૩૩ વર્ષીય માર્ક્વેઝે જણાવ્યું હતું કે તે અત્યારે ખિતાબ જીતવાની માનસિકતા સાથે નહીં, પરંતુ પોતાની શારીરિક ક્ષમતા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.

માર્ક્વેઝે જણાવ્યું હતું કે, "જો હું ચેમ્પિયનશિપ જીતવાની માનસિકતા સાથે પાછો ફરીશ, તો ફરીથી ઈજાગ્રસ્ત થઈ જઈશ." ગત વર્ષે ઓક્ટોબરમાં ઈન્ડોનેશિયન ગ્રાન્ડ પ્રિક્સમાં થયેલા અકસ્માત બાદ તેના ખભામાં ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ તાજેતરમાં લે મેન્સ ખાતે પગમાં ફ્રેક્ચર થતા તેને બે સર્જરીમાંથી પસાર થવું પડ્યું હતું. આ કારણે તે ફ્રેન્ચ ગ્રાન્ડ પ્રિક્સ અને કેટલાન ગ્રાન્ડ પ્રિક્સમાં ભાગ લઈ શક્યો નહોતો. જોકે, હવે તેને મુગેલોમાં શુક્રવારથી શરૂ થનારા પ્રથમ પ્રેક્ટિસ સેશન માટે મેડિકલ ક્લિયરન્સ મળી ગયું છે.

માર્ક્વેઝે સ્પષ્ટ કર્યું છે કે તેના તાજેતરના પગના ફ્રેક્ચર કરતા ખભાની ઈજા તેના માટે મોટી મર્યાદા છે. તેણે કહ્યું, "પગની ઈજા તો સામાન્ય છે, હું કેટલોનિયામાં જ રેસ કરવા માટે તૈયાર હતો.

એમપીએલ (MPL) ટીર૦ સિંધિયા કપ

## ગ્વાલિયર ચીતાસે જાહેર કરી ટીમ, રજત પાટીદારની એન્ટ્રી

(એજન્સી)ગ્વાલિયર । તા. 30




આગામી એમપીએલ (MPL) ટી૨૦ સિંધિયા કપ માટે ગ્વાલિયર ચીતાસે પોતાની સત્તાવાર ટીમની જાહેરાત કરી દીધી છે. આ સીઝનમાં ટીમે અનુભવી બેટ્સમેન રજત પાટીદારને પોતાની ટીમમાં સામેલ કરીને બેટિંગ લાઈનઅપને વધુ મજબૂત બનાવી છે. ટીમની આ જાહેરાત બાદ ગ્વાલિયરના ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### ટીમની તૈયારીઓ અને મુખ્ય ખેલાડીઓ

ગ્વાલિયર ચીતાસે આ વર્ષના સિંધિયા કપ માટે ખૂબ જ સંતુલિત ટીમ તૈયાર કરી છે. રજત પાટીદારનું આગમન ટીમ માટે એક મોટું પાસું સાબિત થઈ શકે છે, કારણ કે તેમની પાસે ટી૨૦ ફોર્મેટમાં ઝડપી રન બનાવવાનો વિશાળ અનુભવ છે. ટીમના મુખ્ય સંચાલકોએ જણાવ્યું હતું કે, આ વખતે ટીમનું લક્ષ્ય માત્ર સારું પ્રદર્શન કરવાનું નથી, પરંતુ ટ્રોફી જીતવાનું છે. રજત પાટીદાર ઉપરાંત અન્ય યુવા ખેલાડીઓ પર પણ ટીમે દાવ લગાવ્યો છે, જેથી ટીમમાં યોગ્ય તાલમેલ જળવાઈ રહે. એમપીએલ ટી૨૦ સિંધિયા કપ સ્થાનિક ખેલાડીઓ માટે પોતાની પ્રતિભા સાબિત કરવાનું એક મોટું પ્લેટફોર્મ માનવામાં આવે છે. ગ્વાલિયર ચીતાસ જેવી મજબૂત ટીમ જ્યારે મેદાનમાં ઉતરે છે ત્યારે સ્વાભાવિક રીતે જ અપેક્ષાઓ વધી જાય છે. રજત પાટીદાર જેવા દિગ્ગજ ખેલાડીની હાજરીથી ટીમની આક્રમકતામાં વધારો થશે તે નિશ્ચિત છે. ગ્વાલિયર ચીતાસની આ ટીમ અત્યારે પ્રેક્ટિસ સેશન્સમાં વ્યસ્ત છે. ટીમના કોચિંગ સ્ટાફે પણ ખેલાડીઓની ફિટનેસ અને ટેકનિકલ ક્ષમતા પર વિશેષ ભાર મૂક્યો છે.

વુમન હોકી // ઓસ્ટ્રેલિયા સામે શ્રેણી બરાબર, હોકી ટીમની આકરી લડત છતાં હાર

# ઓસ્ટ્રેલિયા સામે ભારતનો પરાજય શ્રેણી 2-2 થી બરાબર

(એજન્સી) પર્થ । તા. 30

ભારતીય મહિલા હોકી ટીમ માટે પર્થમાં રમાયેલી ચાર મેચોની મૈત્રીપૂર્ણ શ્રેણીનો અંત થોડો નિરાશાજનક રહ્યો છે. શનિવારે રમાયેલી અંતિમ અને ચોથી મેચમાં ભારતને ઓસ્ટ્રેલિયા સામે ૨-૩ થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આ હાર સાથે ચાર મેચોની આ શ્રેણી ૨-૨ થી ડ્રો રહી છે. ભારતીય ટીમે મેચની મજબૂત શરૂઆત કરી હતી અને હાફ-ટાઈમ સુધી બે ગોલની સરસાઈ મેળવી લીધી હતી, પરંતુ અંતિમ ક્ષણોમાં યજમાન ટીમે કરેલા વળતા પ્રહારને કારણે ભારત જીતથી વંચિત રહી ગયું હતું.



ભારતીય ટીમે મેચની શરૂઆતથી જ આક્રમક રમત દાખવી હતી. મેચની માત્ર બીજી જ મિનિટે નવનીત કૌરે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને ભારતને ૧-૦ થી મહત્વપૂર્ણ લીડ અપાવી હતી. ત્યારબાદ બીજા ક્વાર્ટરમાં ૨૩મી મિનિટે દીપિકા સોરેંગે શાનદાર ગોલ કરીને ભારતની લીડને ૨-૦ સુધી પહોંચાડી દીધી હતી. હાફ-ટાઈમ સુધી ભારતીય ટીમ સંપૂર્ણપણે મેચમાં પ્રભુત્વ જમાવીને બેઠી હતી. જોકે, ત્રીજા ક્વાર્ટરમાં ઓસ્ટ્રેલિયાએ રમતનું ચિત્ર બદલી નાખ્યું હતું. એબી વિલ્સને ૪૨મી અને ઓલિવિયા ડાઉન્સે ૪૪મી મિનિટે સળંગ બે ગોલ કરીને સ્કોર ૨-૨ થી સરભર કરી દીધો હતો. મેચના અંતિમ તબક્કે, ૫૮મી મિનિટે કોર્ટની શોનેલે નિર્ણાયક ગોલ ફટકારીને ઓસ્ટ્રેલિયાને ૩-૨ થી જીત અપાવી હતી.

આ શ્રેણીમાં ભારતીય ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. શ્રેણીની પ્રથમ મેચમાં ભારત ૧-૨ થી હારી ગયું હતું, પરંતુ ત્યારબાદ ટીમે મજબૂત વાપસી કરી હતી. બીજી મેચમાં નિર્ધારિત સમયમાં ૧-૧ ના સ્કોર બાદ ભારતે શૂટઆઉટમાં ૪-૨ થી જીત મેળવી હતી. ત્યારબાદ ત્રીજી મેચ જીતીને ભારતે શ્રેણીમાં ૨-૧ ની સરસાઈ મેળવી લીધી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ સમગ્ર પ્રવાસ દરમિયાન ભારતીય ડિફેન્સ અને મિડફિલ્ડ લાઈને જે પરિપક્વતા દર્શાવી છે, તે આગામી મોટી ટુર્નામેન્ટો માટે આશાસ્પદ સંકેત છે. આ પ્રવાસ ભારતીય ટીમ માટે આગામી સમયના મહત્વના પડકારોની તૈયારીનો એક ભાગ હતો. હવે ટીમનું લક્ષ્ય ૧૫ થી ૨૧ જૂન દરમિયાન ન્યુઝીલેન્ડમાં યોજાનારી 'એફઆઈઈએચ નેશન્સ કપ' પર છે. આ ટુર્નામેન્ટ ભારત માટે ખૂબ મહત્વની છે, કારણ કે તેમાં સારું પ્રદર્શન કરીને ભારત ફરીથી 'એફઆઈઈએચ પ્રો લીગ'માં પ્રમોશન મેળવી શકે છે. પ્રો લીગમાં સ્થાન મેળવવું એ વર્ષ ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થવા માટેનું એક પગથિયું પણ બની શકે છે.

ભલે આ મેચમાં ભારતને હાર મળી હોય, પરંતુ ભારતીય મહિલા હોકી ટીમની રણનીતિક શિસ્ત અને આક્રમકતા સમગ્ર શ્રેણી દરમિયાન જોવા મળી હતી.

ઓસ્ટ્રિયન આલ્ફાઈન ઓપનમાં યુવરાજ સંધુનો સંઘર્ષમય પ્રારંભ

# સ્પેનમાં વીર અહલાવત અને સપ્તક તલવારની સકારાત્મક શરૂઆત



(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ભારતીય ગોલ્ફરો માટે શુક્રવારનો દિવસ મિશ્ર પરિણામો વાળો રહ્યો હતો. સ્પેનમાં આયોજિત 'ચેલેન્જ દ એસ્પાના' (Challenge de Espana) સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે, જ્યારે ઓસ્ટ્રિયામાં યુવરાજ સંધુએ મુશ્કેલ શરૂઆત કરી છે.

'હોટેલ પ્લાનર ટૂર'નો ભાગ એવી આ સ્પર્ધામાં વીર અહલાવતે શાનદાર રમત દર્શાવતા ૩-અંડર ૬૮ ના સ્કોર સાથે પ્રથમ રાઉન્ડના અંતે સંયુક્ત ૧૬માં સ્થાને પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. આ રાઉન્ડમાં વીરે સાત બર્ડીઝ નોંધાવી હતી, જોકે સામે ચાર બોગીનો સામનો પણ કરવો પડ્યો હતો. તેની સાથે સપ્તક તલવારે પણ પ્રભાવશાળી શરૂઆત કરતા ૨-અંડર ૬૯ ના સ્કોર સાથે સંયુક્ત ૨૪મું સ્થાન મેળવ્યું છે. સપ્તક માટે આ દિવસ ખૂબ જ યાદગાર રહ્યો કારણ કે તે આખા રાઉન્ડમાં એક પણ બોગી નોંધાવ્યા વગર રમ્યો હતો. આ સ્પર્ધામાં પોર્ટુગલના પેડ્રો ફિગ્યુરેડો અને અમેરિકાના રાયન વેન વેલ્ઝેન ૭-અંડર ૬૪ ના સ્કોર સાથે સંયુક્ત રીતે મોખરે છે. અન્ય એક ભારતીય અર્જુન પ્રસાદ માટે આ દિવસ ઘણો કઠિન રહ્યો હતો અને તે ૧૩૭માં સ્થાને રહ્યો છે. બીજી તરફ ઓસ્ટ્રિયામાં ચાલી રહેલી 'ઓસ્ટ્રિયન આલ્ફાઈન ઓપન' માં ભારતના એકમાત્ર પ્રતિનિધિ યુવરાજ સંધુની શરૂઆત ખૂબ જ મુશ્કેલ રહી હતી. તેણે ૧-ઓવર ૭૧ ના સ્કોર સાથે દિવસનો અંત સંયુક્ત ૧૦૦માં સ્થાને કર્યો હતો. શરૂઆતની પાંચ હોલમાંથી જ પાંચ શોટ્સ ગુમાવ્યા બાદ સંધુએ પાછળથી ત્રણ સળંગ બર્ડીઝ મારીને વાપસી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આખરે તે લય જાળવી શક્યો નહોતો. ચીનના ૧૮ વર્ષીય યુવા ખેલાડી યાનહાન ઝોઉ ૮-અંડર ૬૨ ના અદભૂત સ્કોર સાથે પ્રથમ દિવસે લીડરબોર્ડમાં ટોચ પર છે.

સંધુને જો આ સ્પર્ધામાં કટ (Cut) ક્લિયર કરવો હશે તો આવનારા રાઉન્ડમાં તેણે પોતાની રમતની ઝડપ વધારવી પડશે.

## અભિલાષા બરાકનું વૈશ્વિક સન્માન, બે શહીદ જવાનોને મરણોત્તર પદક

# યુએન સન્માનિત અભિલાષા બરાક સહિત બે શહીદો

(એજન્સી) સંયુક્ત રાષ્ટ્ર । તા. 30

ભારતીય સેનાની ક્ષમતા અને વીરતાનો ડંકો આજે સમગ્ર વિશ્વમાં વાગી રહ્યો છે. 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષક' દિવસના ઉપલક્ષમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આયોજિત એક ભવ્ય અને ભાવુક સમારોહમાં ભારતના ત્રણ જવાનોને વિશેષ સન્માનથી નવાજવામાં આવ્યા હતા. આ ઘટનાએ વિશ્વ મંચ પર ભારતની છબી વધુ ઉજ્જવળ બનાવી છે. સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રી એન્ટોનિયો ગુટેરસે પોતાના હસ્તે આ બહાદુર જવાનોને સન્માનિત કર્યા હતા.

### અભિલાષા બરાકની ઐતિહાસિક સિદ્ધિ

આ સમારોહનું મુખ્ય આકર્ષણ ભારતીય સેનાના મહિલા અધિકારી મેજર અભિલાષા બરાક રહ્યા હતા. હરિયાણાના પંચકૂલાના વતની અભિલાષા બરાકે ભારતીય સેનામાં પ્રથમ મહિલા કોમ્બેટ એવિએટર બનીને પહેલેથી જ ઈતિહાસ રચ્યો છે. હવે તેમને સંયુક્ત રાષ્ટ્રના આ પ્રતિષ્ઠિત સન્માનથી નવાજીને તેમની સેવા અને સમર્પણને વિશ્વસ્તરે સ્વીકૃતિ આપવામાં આવી છે. તેમની આ સિદ્ધિથી દેશભરમાં ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે અને હરિયાણાના મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હુદાએ પણ તેમને ઉષ્માભર્યા અભિનંદન પાઠવ્યા છે.

### શહીદોની અદમ્ય વીરતાને સલામ

આ સમારોહમાં માત્ર જીવંત અધિકારીઓનું જ નહીં, પરંતુ ફરજ દરમિયાન શહીદ થયેલા ભારતના બે બહાદુર શાંતિ રક્ષકોનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમને 'દાગ-હેમરશુલ્ડ' મેડલથી મરણોત્તર નવાજવામાં આવ્યા હતા.

લાંસ હવાલદાર હરભજન સિંઘ: તેઓ 'ડેમોક્રેટિક રીપબ્લિક ઓફ કોંગો'માં સંયુક્ત રાષ્ટ્રના સ્થિરીકરણ મિશન (મોજીસ્કો)માં તૈનાત હતા. પોતાની ફરજ બજાવતી વખતે તેમણે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું.



નાયબ સુબેદાર સુજિતકુમાર પ્રધાન: દક્ષિણ સુદાનમાં યુએનના મિશન 'યુરેનામિક' હેઠળ સેવા આપતી વખતે તેમણે કર્તવ્યનું પાલન કરતાં પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા.

### સંઘર્ષ અને સફળતાની ગાથા

મેજર અભિલાષા બરાકની પૃષ્ઠભૂમિ વિશે વાત કરીએ તો, તેમનો જન્મ નીલગીરીના વિલિંગીરીમાં થયો હતો. તેમના પિતા કર્નલ ઓમકારસિંહ બરાક પોતે સેનામાં હોવાથી તેમને નાનપણથી જ શિસ્ત અને દેશભક્તિના સંસ્કારો મળ્યા હતા. તેમના પિતાએ ગર્વ સાથે જણાવ્યું હતું કે તેમના સમગ્ર પરિવારની પૃષ્ઠભૂમિ સેના સાથે જોડાયેલી છે. અભિલાષાએ ૧૨મા ધોરણ સુધીનો અભ્યાસ હિમાચલ પ્રદેશમાં પૂર્ણ કર્યો અને ત્યારબાદ દિલ્હીમાંથી બી.ટેકની પદવી મેળવી હતી. સેનામાં જોડાવા અને ખાસ કરીને કોમ્બેટ એવિએટર બનવાના તેમના નિર્ણયે સાબિત કરી દીધું છે કે દ્રઢ નિશ્ચય હોય તો કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે.

### ભારતનું વધતું વૈશ્વિક યોગદાન

મીડિયા અહેવાલ અનુસાર, ભારતના આ સન્માનિત જવાનો માત્ર ભારતીય સેનાનું જ નહીં, પણ સમગ્ર રાષ્ટ્રનું નામ રોશન કર્યું છે. સંયુક્ત રાષ્ટ્રના શાંતિ મિશનમાં ભારતનું યોગદાન દાયકાઓથી અનિવાર્ય રહ્યું છે.

## એઆઈ ટેકનોલોજીથી દરિયામાં કરશે પેટ્રોલિંગ

# ઓસ્ટ્રેલિયાએ બનાવી વિશ્વની પ્રથમ માનવરહિત ડ્રોન બોટ





(એજન્સી) નવી દિલ્હી । તા. 30

વૈજ્ઞાનિક પ્રગતિના યુગમાં ઓસ્ટ્રેલિયાએ દરિયાઈ સુરક્ષા અને સંશોધન ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ઓસ્ટ્રેલિયાએ થ્રી-ડી પ્રિન્ટિંગ ટેકનિકનો ઉપયોગ કરીને વિશ્વનું સૌપ્રથમ એવી ડ્રોન બોટ તૈયાર કરી છે જેમાં કોઈ પણ માનવી કે રોબોટ સવાર થવાની જરૂર નથી. આ અનોખી બોટને 'અનસ્ક્રૂ સરફેસ વ્હીકલ' (યુએસવી) નામ આપવામાં આવ્યું છે. આ સફળતા માત્ર ટેકનોલોજીના ક્ષેત્રમાં જ નહીં, પરંતુ ભવિષ્યની સુરક્ષા વ્યૂહરચનામાં પણ મોટા બદલાવ લાવી શકે છે.

મીડિયા અહેવાલ મુજબ, આ ડ્રોન બોટનું નામ 'એસ્ટ્રા ૪૬૦' રાખવામાં આવ્યું છે. આ ૧૫ ફૂટ લાંબુ જહાજ સંપૂર્ણપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) થી સજ્જ છે. આ બોટની સૌથી મોટી ખાસિયત એ છે કે તે રિસાઈકલ કરવામાં આવેલા પ્લાસ્ટિકના કચરામાંથી તૈયાર કરવામાં આવી છે, જે પર્યાવરણની દ્રષ્ટિએ પણ ખૂબ જ મહત્વનું છે. આધુનિક 'લાર્જ ફોર્મેટ એડિટિવ મેન્યુફેક્ચરિંગ' (એલફામ) ટેકનિકની મદદથી તેના નીચલા હિસ્સાને માત્ર ૪૦ કલાકમાં તૈયાર કરી શકાય છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, એસ્ટ્રા ૪૬૦ જહાજમાં ઓટોમેટિક નેવિગેશન અને કંટ્રોલ સોફ્ટવેર લગાવવામાં આવ્યું છે, જેને 'ગામા' નામના પ્લેટફોર્મ પર વિકસાવવામાં આવ્યું છે. આ સોફ્ટવેરની ખાસિયત એ છે કે તે મશીનની જરૂરિયાત મુજબ પોતાની કાર્યપદ્ધતિમાં બદલાવ લાવી શકે છે. આ જહાજની મહત્તમ ગતિ ૪૦ નોટ્સ છે, અને તે દરિયામાં ૨૦થી ૩૦ નોટ્સની ઝડપે સતત પેટ્રોલિંગ કરી શકે છે. તે સમુદ્રના આકરા અને પ્રતિકૂળ પ્રવાહોનો સામનો કરવાની અદભૂત ક્ષમતા ધરાવે છે.

### દરિયાઈ સુરક્ષા માટે નવો યુગ

આ પ્રકારની ટેકનોલોજીના કારણે હવે સમુદ્રમાં પેટ્રોલિંગ અને સર્વેલન્સ માટે માનવ જીવનને જોખમમાં મૂકવાની જરૂર રહેશે નહીં. એઆઈથી સજ્જ આ બોટ સતત ડેટા મોકલતી રહેશે, જેથી દરિયાઈ સીમાઓ પર સુરક્ષા વધુ મજબૂત બનશે. નિષ્ણાતો માને છે કે, પ્લાસ્ટિક કચરાના ઉપયોગ અને થ્રી-ડી પ્રિન્ટિંગની આ પહેલ વિશ્વના અન્ય દેશો માટે પણ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

ઓસ્ટ્રેલિયાએ મુખ્યત્વે પોતાની સંરક્ષણ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ ડ્રોન બોટ બનાવી છે. આ જહાજમાં કોઈ માણસ સવાર નહીં હોય, તેમ છતાં તે સમુદ્રની દરેક હલચલ પર ઝીણવટભરી નજર રાખશે. તે ગુપ્ત જાણકારી એકત્ર કરવાથી લઈને જરૂર પડ્યે શસ્ત્રોના વહન માટે પણ સક્ષમ છે. મીડિયા અહેવાલ મુજબ, હાલમાં આવી દસ યુએસવી બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, અને ભવિષ્યમાં જરૂરિયાત મુજબ તેનું ઉત્પાદન ૧૦૦ સુધી વધારી શકાય છે.

ઓસ્ટ્રેલિયા દ્વારા કરવામાં આવેલી આ નવીનતમ શોધ સાબિત કરે છે કે જો આધુનિક ટેકનોલોજીનો સાચો ઉપયોગ કરવામાં આવે, તો સુરક્ષા અને પર્યાવરણ બંનેને એકસાથે સાચવી શકાય છે. હવે વિશ્વની નજર એસ્ટ્રા ૪૬૦ ના દરિયાઈ પ્રદર્શન પર ટકેલી છે. શું આ નવીનતમ ટેકનોલોજી આવનારા સમયમાં સમુદ્રી સીમાઓની સુરક્ષાનું ચિત્ર સંપૂર્ણપણે બદલી નાખશે? તે તો સમય જ કહેશે, પરંતુ ઓસ્ટ્રેલિયાએ અવશ્ય એક મોટી છલાંગ લગાવી છે.

## ન્યૂઝ બ્રીફ

### કેનેડામાં રીંછના હુમલામાં કેરલના યુવાનનું નિધન



સાસ્કાનચેવાન | ઉત્તર કેનેડાના સાસ્કાનચેવાન વિસ્તારમાં યુરેનિયમ શોધવાની કામગીરી દરમિયાન મૂળ કેરલના વતની એવા યુવાન હૃષિકેશ કોલોથ પર જંગલી રીંછે જીવલેણ હુમલો કરતા તેનું મોત નીપજ્યું છે. આ કરુણ ઘટનામાં એક આશાસ્પદ યુવાને જીવ ગુમાવ્યો છે જે રમતગમતની દુનિયામાં પોતાની અલગ ઓળખ ઊભી કરવા મથતો હતો. મીડિયા અહેવાલ અનુસાર, હૃષિકેશ કોલોથ એક યુરેનિયમ કંપનીમાં ટેક્નિશ્યન તરીકે ફરજ બજાવતો હતો. આ સાઈટ સાસ્કેનન શહેરથી લગભગ ૮૫૦ કિલોમીટર દૂર ઉત્તર-પૂર્વમાં નોર્ડ બે લેક નજીક આવેલી છે. જ્યારે હૃષિકેશ કામમાં વ્યસ્ત હતો, ત્યારે જંગલમાંથી ઓચિંતુ એક રીંછ ત્યાં ધસી આવ્યું હતું. આ હુમલામાં હૃષિકેશ ગંભીર રીતે ઘાયલ થયો હતો. જોકે, તેની સાથે કામ કરતા સાથીદારોએ ત્વરિત કાર્યવાહી કરીને રીંછને ગોળી મારીને ઠાર કર્યું હતું, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. ગંભીર ઈજાઓને કારણે હૃષિકેશનું ઘટનાસ્થળે જ નિધન થયું હતું. વહીવટી તંત્ર દ્વારા માર્યા ગયેલા રીંછને નેક્રોપ્સી માટે વેસ્ટર્ન કોલેજ ઓફ વેટરનરી મેડિસિનમાં મોકલી આપવામાં આવ્યું છે.

### કેદીઓ સાથે જાતીય હિંસા અને દુરવ્યવહારના 31 ગંભીર કેસોની પુષ્ટિ



જેરૂસલેમ | ઈઝરાયલ અને સંયુક્ત રાષ્ટ્ર (UN) વચ્ચેનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જારી કરવામાં આવેલા એક નવા અહેવાલમાં ઈઝરાયલી સુરક્ષા દળો પર ફિલિસ્તીની કેદીઓ વિરુદ્ધ જાતીય હિંસા અને સતામણી આચરવાના ગંભીર આરોપો લગાવાયા છે. આ અહેવાલ બાદ ઈઝરાયલે તીખી પ્રતિક્રિયા આપતા સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસની ઓફિસ સાથેના તમામ સહયોગી સંબંધો ખતમ કરવાની જાહેરાત કરી દીધી છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન ફિલિસ્તીની કેદીઓ વિરુદ્ધ જાતીય હિંસાના ૩૧ પ્રમાણિત કેસોની ઓળખ કરવામાં આવી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્દે તેમાન, એત્ઝિઓન, મેગિડો અને નફ્હા જેવી જેલોમાં કેદીઓ સાથે બળાત્કાર, બળાત્કારનો પ્રયાસ, પરાણે કપડાં ઉતરાવવા અને ખાનગી અંગો પર હિંસા જેવી અત્યંત અમાનવીય ઘટનાઓ બની છે. પીડિતોમાં સામાન્ય કેદીઓની સાથે પત્રકારો અને માનવાધિકાર કાર્યકરોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, તપાસકર્તાઓને ઈઝરાયલી સત્તાવાળાઓ તરફથી પૂરતો સહયોગ ન મળ્યાનો પણ રિપોર્ટમાં આક્ષેપ છે.

## મિસાઈલ સિસ્ટમથી સજ્જ સુરક્ષા કવચ

# ચીને રણમાં બિછાવ્યું ખતરનાક પરમાણુ ચક્રવ્યૂહ, ચીની સેનાની અમેરિકાને ઘેરવાની ચાલ

(એજન્સી) શિનજિયાંગ । તા. 30

ચીન દ્વારા તેના ઉત્તર-પશ્ચિમી રણ વિસ્તારમાં કરવામાં આવી રહેલી સૈન્ય ગતિવિધિઓએ વિશ્વભરના સંરક્ષણ વિશ્લેષકોની ચિંતામાં વધારો કર્યો છે. તાજેતરમાં સામે આવેલી સેટેલાઈટ તસવીરોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે બેઈજિંગ દ્વારા હામી ન્યૂક્લિયર સાઈલો ફિલ્ડ પાસે એક અભેદ્ય પરમાણુ ચક્રવ્યૂહ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ આધુનિક સૈન્ય માળખું માત્ર અમેરિકા માટે જ નહીં, પરંતુ સમગ્ર વૈશ્વિક સુરક્ષા સંતુલન માટે એક ગંભીર પડકાર તરીકે જોવામાં આવી રહ્યું છે.



### અત્યાધુનિક મિલિટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ

સેટેલાઈટ અહેવાલો અનુસાર, ચીને હામીમાં 80થી વધુ નવા કોંક્રિટ લોન્ચ પેડ્સ અને અત્યાધુનિક બંકરોનું વિશાળ નેટવર્ક ઊભું કર્યું છે. આ પેડ્સની રચના એવી રીતે કરવામાં આવી છે કે તેનો ઉપયોગ માત્ર લાંબા અંતરની મિસાઈલો માટે જ નહીં, પરંતુ મોબાઈલ મિસાઈલ લોન્ચર્સ અને એર-ડિફેન્સ બેટરીઓ માટે પણ થઈ શકે છે. આ વિસ્તાર હવે માત્ર સાઈલો ફિલ્ડ નથી રહ્યો, પરંતુ એક સંપૂર્ણ સૈન્ય ગઢ બની ગયો છે જ્યાં ઈલેક્ટ્રોનિક વોરફેર અને સેટેલાઈટ કોમ્યુનિકેશન સુવિધાઓ પણ તૈનાત કરવામાં આવી છે.

### જાણો સમગ્ર ઘટનાક્રમ અને સંરચના

આ સૈન્ય બેઝનું ત્રણ સ્તરીય માળખું સુરક્ષા નિષ્ણાતો માટે આશ્ચર્યનો વિષય બન્યું છે.

પ્રથમ લેયર: આ કેન્દ્રમાં મુખ્ય કમાન્ડ બિલ્ડિંગ છે જે સમગ્ર મિસાઈલ સિસ્ટમનું સંચાલન કરે છે.

બીજું લેયર: અહીં સૈનિકો અને મિલિટરી સ્ટાફ માટે આવાસની વ્યવસ્થા કરવામાં આવી છે, જે આખા વિસ્તારને સજ્જ રાખે છે.

ત્રીજું લેયર: સૌથી બહારનું આ સ્તર ભારે મિલિટરી વાહનો અને ટ્રક-માઉન્ટેડ મિસાઈલ લોન્ચર્સને છુપાવવા તેમજ યુદ્ધ સમયે ઝડપથી તૈનાત કરવા માટે ડિઝાઈન કરાયું છે.

આ ત્રણેય લેયરને રેલવે લાઈનો અને સુરક્ષિત હથિયાર ડેપો દ્વારા પરસ્પર જોડવામાં આવ્યા છે, જે તેને કોઈપણ હુમલા સામે ટકી રહેવાની ક્ષમતા આપે છે.

ડિફેન્સ એક્સપર્ટ્સનું માનવું છે કે ચીન હવે 'સેકન્ડ-સ્ટ્રાઈક' ક્ષમતા વધારવા પર ધ્યાન આપી રહ્યું છે. સામાન્ય રીતે વિશ્વના મોટા દેશો માત્ર અંડરગ્રાઉન્ડ સાઈલો પર નિર્ભર હોય છે, પરંતુ ચીન હવે મોબાઈલ લોન્ચર્સ અને મિસાઈલ ડિફેન્સના સુરક્ષા કવચ સાથે પોતાની મિસાઈલ સિસ્ટમ ને સુરક્ષિત કરી રહ્યું છે. વધુમાં, હૂઓયાન-1 સેટેલાઈટ્સ દ્વારા બનાવવામાં આવેલી અર્લી-વોર્નિંગ સિસ્ટમ દુશ્મનની મિસાઈલના પ્રક્ષેપણને માત્ર 90 સેકન્ડમાં ઓળખી લે છે, જે ચીનને વળતો પ્રહાર કરવા માટે પૂરતો પ્રતિસાદ સમય આપે છે.

ભલે ચીન જાહેર મંચ પર 'નો ફર્સ્ટ યુઝ' પોલિસીની વાતો કરતું હોય, પરંતુ પશ્ચિમી દેશો આને તાઈવાન વિવાદ સાથે જોડીને જોઈ રહ્યા છે. પેન્ટાગોનના અંદાજ મુજબ, ચીન જે ઝડપથી પોતાની પરમાણુ તાકાત વધારી રહ્યું છે, તે જોતા વર્ષ 2030 સુધીમાં તેમની પાસે 1,000થી વધુ પરમાણુ વોરહેડ હોઈ શકે છે. આ પરમાણુ ચક્રવ્યૂહનો ઉપયોગ ચીન દ્વારા ભવિષ્યમાં અમેરિકા અથવા તેના સહયોગી દેશો પર દબાણ લાવવા માટે એક શક્તિશાળી હથિયાર તરીકે કરવામાં આવી શકે છે. ચીનની આ ગોપનીય અને ત્વરિત સૈન્ય તૈયારી એ વાતની સાબિતી છે કે બેઈજિંગ હવે રણના સુમસામ વિસ્તારોમાં છુપાઈને વૈશ્વિક સત્તાના સમીકરણો બદલવા માટે કમર કસી રહ્યું છે.

# ભારતની કડક કાર્યવાહી: બાંગ્લાદેશને સોંપાઈ ૨,૬૮૦ શંકાસ્પદ ઘૂસણખોરોની યાદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

ભારતમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો વિરુદ્ધ કેન્દ્ર સરકારે હવે કાયદાકીય સકંજો વધુ મજબૂત કર્યો છે. વિદેશ મંત્રાલયે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા બાંગ્લાદેશ સરકારને ૨,૬૮૦ થી વધુ શંકાસ્પદ નાગરિકોની યાદી સોંપી છે. આ યાદી સોંપવાનો મુખ્ય ઉદ્દેશ્ય તેમની રાષ્ટ્રીયતાની પુષ્ટિ કરીને તેમને પરત મોકલવાની (ડિપોર્ટેશન) પ્રક્રિયાને વેગ આપવાનો છે.

મીડિયા અહેવાલ મુજબ, વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ તમામ કેસો દ્વિપક્ષીય કરારના આધારે તપાસવામાં આવી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી જે કેસો વેરિફિકેશન પ્રક્રિયામાં અટવાયેલા હતા, તેને હવે પ્રાથમિકતા આપવામાં આવી છે. બાંગ્લાદેશી સત્તાવાળાઓ દ્વારા જેવી રાષ્ટ્રીયતાની પુષ્ટિ થશે, તેવા જ આ તમામ લોકોને નિયમાનુસાર ડિપોર્ટ કરવામાં આવશે. રાજ્યમાં ભાજપના નેતૃત્વવાળી સરકારના આગમન બાદ ગેરકાયદેસર પ્રવાસીઓ સામે 'ઓળખો, હટાવો અને ડિપોર્ટ કરો' ની કડક નીતિ અમલમાં મુકાઈ છે. વહીવટીતંત્ર દ્વારા તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ્સને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેઓ પકડાયેલા ગેરકાયદેસર વિદેશી નાગરિકો અને સજા પૂરી કરી ચૂકેલા વિદેશી કેદીઓ માટે 'હોલ્ડિંગ સેન્ટર' તાત્કાલિક અસરથી તૈયાર કરે. આ નિર્ણયના પગલે ગેરકાયદેસર વસવાટ કરનારાઓમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. કાયદાકીય કાર્યવાહી, જેલવાસ અને ભારે દંડના ડરથી બાંગ્લાદેશી નાગરિકો મોટી સંખ્યામાં પોતાની મેળે પરત ફરી રહ્યા છે. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાની હાકિમપુર ચેકપોસ્ટ પર દસ્તાવેજોના અભાવે મુશ્કેલીમાં મુકાયેલા અનેક લોકો સ્વદેશ જવા માટે કતારમાં જોવા મળ્યા હતા.

# વર્જિનિયામાં હાઈવે પર ભયાનક અકસ્માત: બેકાબૂ બસે 6 વાહનોને અડફેટે લીધા, 5 લોકોના કરુણ મોત

### ડ્રાઈવરની અટકાયત કરી તપાસના આદેશ અપાયા, ૩૪ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરાયા

(એજન્સી) સ્ટેફોર્ડ । તા. 30

અમેરિકાના વર્જિનિયા રાજ્યમાં આવેલ ઈન્ટરસ્ટેટ-૯૫ (I-95) હાઈવે પર એક અત્યંત ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં એક બેકાબૂ બસે ટ્રાફિકમાં ફસાયેલા વાહનોને જોરદાર ટક્કર મારતા ૫ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ૩૪ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક પોલીસ અને તંત્ર દ્વારા આ અંગેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે.



મીડિયા અહેવાલ મુજબ, આ અકસ્માત શુક્રવારે સવારે સ્ટેફોર્ડ કાઉન્ટીના સાઉથબાઉન્ડ I-95 હાઈવે પર સર્જાયો હતો. હાઈવે પર સમારકામનું કામ ચાલતું હોવાથી આગળ ટ્રાફિક ધીમો હતો. દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક બસનો ડ્રાઈવર આગળનો ટ્રાફિક જોઈને સમયસર બ્રેક લગાવી શક્યો નહોતો. આ ભૂલને કારણે બસ એક પછી એક એમ કુલ છ જેટલા વાહનોને પાછળથી અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે વાહનોનો કુરચો બોલી ગયો હતો. અકસ્માતનો ભોગ બનનારા તમામ પાંચ મૃતકો અન્ય વાહનોમાં સવાર નિર્દોષ લોકો હતા.

ઘટનાની જાણ થતા જ પોલીસ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્તોને નજીકની 'મેરી વોશિંગ્ટન હેલ્થકેર' હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના અહેવાલ મુજબ, ૧૯ લોકોને દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ત્રણની હાલત અત્યંત નાજુક હોવાથી તેમને ટ્રોમા સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. અકસ્માતને પગલે હાઈવેના સાઉથબાઉન્ડ રૂટ પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો, જોકે બપોર સુધીમાં તેને ફરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

બસના ડ્રાઈવરને પોલીસે અટકાયતમાં લીધો છે. તેની સામે ગુનાહિત બેદરકારીનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ગંભીર અકસ્માતની તપાસ કરવા માટે નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) ની એક વિશેષ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી રહી છે. આટલી મોટી દુર્ઘટના પાછળ બ્રેક ફેઈલ થઈ હતી કે ડ્રાઈવરની અન્ય કોઈ બેદરકારી હતી, તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે.


**એઆઈ** | ટેક કંપનીઓમાં એઆઈ ખર્ચનો હાહાકાર, ટોકનમેક્સિંગના કારણે બજેટ થયું ફૂલ

# એઆઈનો બેફામ ઉપયોગ કંપનીને પડ્યો મોંઘો

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 30

વર્તમાન સમયમાં જ્યારે સમગ્ર વિશ્વમાં કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે એઆઈનો ક્રેઝ જોવા મળી રહ્યો છે, ત્યારે તેના આડેધડ ઉપયોગ સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. તાજેતરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક કંપનીએ માત્ર એક જ મહિનામાં એન્થ્રોપિકના ચેટબોટ 'ક્લોડ'ના ઉપયોગ પેટે અંદાજે રૂ. 4,700 કરોડનું જંગી બિલ ચૂકવવું પડ્યું છે. આ ઘટનાએ ટેક જગતમાં ખળભળાટ મચાવી દીધો છે.

કંપનીએ તેના કર્મચારીઓને એઆઈ ટૂલ્સનો અનલિમિટેડ એક્સેસ આપ્યો હતો, પરંતુ આ સુવિધાના ઉપયોગ પર કોઈ પ્રકારનું નિયંત્રણ, બજેટ કંટ્રોલ કે રિયલ-ટાઈમ મોનિટરિંગ સિસ્ટમ ગોઠવવામાં આવી ન હતી. પરિણામે, કર્મચારીઓ દ્વારા એઆઈ કોડિંગ ટૂલ્સ, ઓટોમેટેડ એઆઈ એજન્ટ્સ અને જટિલ વર્કફ્લોનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવ્યો, જે કંપની માટે મોટો આર્થિક ફટકો સાબિત થયો છે.



આ ઘટનાને પગલે ટેક ઈન્ડસ્ટ્રીમાં 'ટોકનમેક્સિંગ' શબ્દ ફરી ચર્ચામાં આવ્યો છે. નિષ્ણાતોના મતે, જ્યારે કંપનીઓ ઉત્પાદકતા વધારવા માટે આંધળી દોટ મૂકે છે અને વધુમાં વધુ એઆઈ ટોકન તેમજ પ્રોસેસિંગ પાવરનો ઉપયોગ કરે છે, ત્યારે તેનો ખર્ચ ધારણા કરતા અનેકગણો વધી જાય છે. ઘણી કંપનીઓ હજુ પણ એઆઈને સામાન્ય સોફ્ટવેર ગણીને તેનો ઉપયોગ કરે છે, પરંતુ ક્લોડ જેવા જનરેટિવ એઆઈ મોડેલ્સનો ખર્ચ 'યુઝેજ-બેઝ્ડ' (ઉપયોગના આધારે) હોય છે, જે અચાનક બિલ વધારી શકે છે.

માત્ર એક જ કંપની નહીં, પરંતુ અન્ય દિગ્ગજ કંપનીઓ પણ આ સમસ્યાનો સામનો કરી રહી છે. તાજેતરમાં સામે આવેલા અહેવાલો મુજબ, રાઈડ-હેલિંગ દિગ્ગજ ઉબરે વર્ષ 2026 માટે નક્કી કરેલું એઆઈ બજેટ માત્ર ચાર મહિનાના ટૂંકા ગાળામાં જ પૂરું કરી દીધું હતું. આ બાબત દર્શાવે છે કે એઆઈ કોડિંગ અને ઓટોમેટેડ વર્કફ્લો માટે કેટલી પ્રચંડ કમ્પ્યુટિંગ શક્તિની જરૂર પડે છે.

નિષ્કર્ષમાં, એઆઈ ચોક્કસપણે કાર્યક્ષમતામાં વધારો કરે છે, પરંતુ જો તેને યોગ્ય નિયંત્રણો સાથે ઉપયોગમાં લેવામાં ન આવે, તો તે કંપનીની નાણાકીય સ્થિતિને અસ્થિર કરી શકે છે. વધતી જતી આર્થિક સ્પર્ધા વચ્ચે, હવે કંપનીઓ માટે ઉત્પાદકતા અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું એ સૌથી મોટો પડકાર બની ગયો છે.

# હોર્મુઝ અંગે ટ્રમ્પના દાવાને ઈરાને ગણાવ્યું જુઠ્ઠાણું

(એજન્સી) તેહરાન । તા. 30

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવમાં એક નવો વળાંક આવ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ અંગે કરાયેલા દાવાને ઈરાની સૈન્ય સાથે જોડાયેલા મીડિયાએ સખત શબ્દોમાં ફગાવી દીધો છે. આ ઘટનાક્રમને કારણે બંને દેશો વચ્ચે ચાલી રહેલા શાંતિના પ્રયાસો ફરી એકવાર અનિશ્ચિતતામાં મુકાઈ ગયા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે ઈરાન કોઈપણ શરત વગર હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે સંમત થયું છે. તેમણે જણાવ્યું હતું કે, ઈરાન દરિયામાં રહેલી માઈન્સ હટાવી લેશે અને અમેરિકી નૌસેના દ્વારા કરાયેલી નાકાબંધી હટાવવામાં આવી રહી છે. જોકે, ઈરાની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) સાથે જોડાયેલી ન્યૂઝ એજન્સીએ આ નિવેદનને માત્ર એક 'કાલ્પનિક જીત' દર્શાવવાનો પ્રયાસ ગણાવ્યો છે. ઈરાનનું સ્પષ્ટ માનવું છે કે ટ્રમ્પનો દાવો તથ્યહીન છે અને સમજૂતીના ડ્રાફ્ટમાં આવી કોઈ જોગવાઈ નથી.

બંને દેશો વચ્ચે 'કમિટેડ ફોર કમિટેડ' નામનો એક સમજૂતી પ્રસ્તાવ વિચારાધીન છે, પરંતુ તે હજુ અંતિમ મંજૂરીના તબક્કામાં છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે હોર્મુઝ માર્ગ માત્ર તેમની શરતો પર જ ખુલશે, જેમાં જહાજોની દેખરેખ અને સુરક્ષાના કડક પગલાંનો સમાવેશ થાય છે. સૌથી મોટો અવરોધ એ છે કે અમેરિકા દ્વારા ફ્રીઝ કરાયેલી ઈરાનની અંદાજે ૧૨ અબજ ડૉલરની સંપત્તિ મુક્ત કરવાનો મુદ્દો હજુ પણ વણઉકેલ્યો છે. તેહરાનનું કહેવું છે કે જ્યાં સુધી આ રકમ મુક્ત કરવામાં નહીં આવે ત્યાં સુધી વાતચીતના આગામી તબક્કામાં આગળ વધવું અશક્ય છે.

### ગોમતી નદીના કિનારે આઈએનએસ ગોમતીને સ્થાન મળ્યું

# સુરક્ષિત વાતાવરણમાં જ વિકાસ શક્ય, લખનૌમાં યોગીએ આપી શીખ

(એજન્સી) લખનૌ | તા 30

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે લખનૌમાં 'નૌસેના શૌર્ય વાટિકા'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈપણ રાજ્ય કે દેશનો વિકાસ માત્ર સુરક્ષિત વાતાવરણમાં જ શક્ય છે. ૨૦૧૭ પહેલાની સ્થિતિને યાદ કરતા તેમણે કહ્યું હતું કે તે સમયે રાજ્યમાં દરરોજ કર્ફ્યુ લાગતો હતો અને માફિયાઓ તથા ગુનેગારોએ સામાન્ય નાગરિકોનું જીવન મુશ્કેલ બનાવી દીધું હતું. આજે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરતા વિકાસનાકામો ઝડપથી આગળ વધી રહ્યા છે.કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું કે, "જ્યારે આપણે સુરક્ષાના મોરચે મજબૂત હોઈએ ત્યારે જ દુનિયા આપણી સાથે મિત્રતા કરે છે.



જો તમે નબળા હશો, તો કોઈ તમારી સામે નમશે નહીં." તેમણે 'અહિંસા પરમો ધર્મઃ ધર્મ હિંસા તથૈવ ચ'ના મંત્રને યાદ અપાવતા કહ્યું કે, જો કોઈ દેશ કે સમાજ માટે ખતરો બનતું હોય, તો તેની સામે અહિંસા કામ કરી શકતી નથી; ત્યાં ધર્મના રક્ષણ માટે હિંસા જરૂરી છે. આ જ સિદ્ધાંતો આપણા દેશની સેના દુશ્મનો સામે અપનાવે છે.આ પ્રસંગે મુખ્યમંત્રીએ આઈએનએસ ગોમતી (INS Gomati) વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ભારતીય નૌસેનાની વર્ષો સુધી સેવા કરનાર અને દરિયાઈ સરહદોનું રક્ષણ કરનાર આ યુદ્ધજહાજ ૨૦૨૨માં નિવૃત્ત થયું હતું. હવે તેને ગોમતી નદીના કિનારે સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સ્મારક રાજ્યના યુવાનોને નૌસેના વિશે જાણવા અને દેશભક્તિની પ્રેરણા મેળવવા માટે એક ઉત્તમ તક પૂરી પાડશે. તેમણે ઉમેર્યું કે સેનાના જવાનો પ્રત્યે સન્માનની ભાવના રાખવી એ દરેક નાગરિકની ફરજ છે.

વડાપ્રધાનના 'વિકસિત ભારત'ના સંકલ્પને દોહરાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, દરેક નાગરિકે રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપવું જોઈએ, જેમાં સેના પ્રત્યે આદરની ભાવના સૌથી મહત્વની છે. 'નૌસેના શૌર્ય વાટિકા' એ લખનૌમાં એક પ્રીમિયર ઓપન-એર નૌસેના સંગ્રહાલય અને સ્મારક ઉદ્યાન છે, જે ભારતીય નૌસેનાના બલિદાન અને બહાદુરીને સમર્પિત છે.ઉત્તર પ્રદેશમાં સુરક્ષાની બદલાયેલી સ્થિતિએ વિકાસ માટેના નવા દ્વાર ખોલ્યા છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે સરકાર વિકાસના કામો માટે કટિબદ્ધ છે, પરંતુ તે માટે કાયદો અને વ્યવસ્થાની મજબૂતી પાયાની જરૂરિયાત છે. લખનૌમાં નૌસેના શૌર્ય વાટિકાની સ્થાપના એ માત્ર એક પ્રવાસન સ્થળ નથી, પરંતુ તે દેશના યુવાનોને રાષ્ટ્રની સુરક્ષા અને ગૌરવ સમજવાની એક કાયમી પ્રેરણા છે. આ પ્રકારના સ્મારકો સૈનિકોના સાહસની વાર્તાઓ આવનારી પેઢી સુધી પહોંચાડવાનું કામ કરશે. કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીએ દેશભક્તિના નારા સાથે સેનાના શૌર્યને વધાવ્યું હતું.

## યતીન્દ્ર સિદ્ધારમૈયાની રાહુલ સાથે મુલાકાત મુદ્દે રાજકારણ

બેંગલુરુ: કર્ણાટકમાં નવી સરકારના ગઠન અને મંત્રીમંડળના વિસ્તરણને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના પુત્ર યતીન્દ્ર સિદ્ધારમૈયા દ્વારા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી સાથેની મુલાકાતને લઈને ચાલી રહેલી અટકળો પર પ્રિયંક ખડગેએ પ્રતિક્રિયા આપી છે. પ્રિયંક ખડગેએ આ મુલાકાતને સંપૂર્ણપણે સામાન્ય ગણાવીને જણાવ્યું હતું કે પક્ષના કાર્યકરો અને નેતાઓનું કેન્દ્રીય નેતૃત્વને મળવું એ એક સામાન્ય પ્રક્રિયા છે, જેમાં કોઈ નવાઈ નથી. કર્ણાટકમાં મંત્રીમંડળના પુનર્ગઠનની ચર્ચાઓ વચ્ચે પ્રિયંક ખડગેએ સ્પષ્ટ કર્યું છે કે તેમને મંત્રીપદ માટે કોઈ વ્યક્તિગત માંગણી નથી. તેમણે જણાવ્યું હતું કે, "જો ડૉ. યતીન્દ્ર રાહુલ ગાંધીને મળે છે, તો તેમાં ખોટું શું છે? અમે પક્ષના હાઈકમાન્ડના કોઈપણ નિર્ણયનું સન્માન કરીશું." બીજી તરફ, કોંગ્રેસના અન્ય નેતા બિલ્કીસ બાનોએ પણ આ મુદ્દે કહ્યું કે મંત્રીમંડળમાં કોને સ્થાન આપવું તે સંપૂર્ણપણે હાઈકમાન્ડનો નિર્ણય છે.

# News Brief

## સીયુઈટી પરીક્ષામાં ટેકનિકલ ખામી, કેજરીવાલે પીએમ મોદી પર સાધ્યું નિશાન

નવી દિલ્હી: કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET-UG) 2026 માં આવેલી ટેકનિકલ ખામીઓને પગલે રાજકીય ગરમાવો વધી ગયો છે. શુક્રવારે દેશભરના અનેક પરીક્ષા કેન્દ્રો પર સર્વરની સમસ્યાને કારણે પરીક્ષામાં વિલંબ થયો હતો, જેનાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે, "દેશને એક શિક્ષિત વડાપ્રધાનની જરૂર છે."પૂર્વ દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ વારાણસીના લોહતા સ્થિત શિતલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના દ્રશ્યો શેર કર્યા હતા, જ્યાં સર્વરની સમસ્યાને કારણે વિદ્યાર્થીઓ નિર્ધારિત સમય કરતાં ઘણો મોડો પરીક્ષા શરૂ કરી શક્યા હતા. આ પોસ્ટનો જવાબ આપતા કેજરીવાલે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. આતિશીએ આરોપ લગાવ્યો હતો કે વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું હતું કે સર્વર કામ કરી રહ્યું નથી, જેના કારણે સવારના સત્રની પરીક્ષા સમયસર શરૂ થઈ શકી ન હતી. વિવાદ વકરતા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ સત્તાવાર નિવેદન જાહેર કરીને સ્વીકાર્યું હતું કે ૩૦ મેના રોજ કેટલીક જગ્યાએ ટેકનિકલ ખામી સર્જાઈ હતી. એજન્સીના જણાવ્યા અનુસાર, આ સમસ્યા સર્વિસ પ્રોવાઈડર ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) ના એન્ડ પર હતી. NTA એ સ્પષ્ટ કર્યું હતું કે જે વિદ્યાર્થીઓને મોડું થયું હતું તેમને પરીક્ષા પૂર્ણ કરવા માટે પૂરો સમય આપવામાં આવ્યો હતો અને કોઈ પણ વિદ્યાર્થીનું નુકસાન ન થાય તેની કાળજી રાખવામાં આવી હતી.

## ૨૦૨૭ની ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણી: ભાજપ માટે 'ધામી મોડેલ' સૌથી કારગર, નીતિન નવીનનો વિશ્વાસ

દહેરાદૂન: ઉત્તરાખંડમાં ૨૦૨૭માં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ કમર કસી લીધી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને શનિવારે સ્પષ્ટ કર્યું હતું કે આગામી ચૂંટણીમાં ભાજપ આસામ કે પશ્ચિમ બંગાળ જેવી કોઈ બાહ્ય વ્યૂહરચના નહીં, પરંતુ મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના નેતૃત્વમાં તૈયાર થયેલા 'ધામી મોડેલ' પર જ આગળ વધશે. દેવભૂમિની પરંપરાઓ અને મૂલ્યોને અનુરૂપ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલું કામ જ ત્રીજી વખત ભાજપના વિજયનો આધાર બનશે.દહેરાદૂનમાં મીડિયા સાથેની વાતચીતમાં નીતિન નવીને જ્યારે પૂછવામાં આવ્યું કે ભાજપ કયા મોડેલનો ઉપયોગ કરશે, ત્યારે તેમણે મક્કમતાથી કહ્યું કે ઉત્તરાખંડને કોઈ બહારના મોડેલની જરૂર નથી. અહીંનું પોતાનું મોડેલ રાજ્યના વિકાસ માટે સક્ષમ છે. ૩૦ મેના રોજ તેમના ત્રણ દિવસીય પ્રવાસના સમાપન સમયે તેમણે ટપકેશ્વર મહાદેવ મંદિરે જલાભિષેક કરીને આશીર્વાદ પણ લીધા હતા. નીતિન નવીને ગઢી કેન્ટમાં બૂથ કમિટીની બેઠકને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે આ કાર્યક્રમ સમાજમાં શાંતિથી કામ કરતા લોકોના પ્રયાસોને રાષ્ટ્રીય મંચ પર લાવે છે. જે લોકો કોઈ પણ જાતના પ્રસિદ્ધિ મેળવ્યા વગર સમાજ સેવા કરી રહ્યા છે, તેમને મોદીજીની આ પહેલ દ્વારા યોગ્ય ઓળખ મળે છે, જે દેશભરના નાગરિકો માટે પ્રેરણારૂપ છે.આગામી ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે નીતિન નવીન અને સીએમ ધામીની ઉપસ્થિતિમાં તમામ લોકસભા અને રાજ્યસભાના સાંસદો સાથે મહત્વની બેઠક યોજાઈ હતી.

## મુખ્યમંત્રી બન્યા બાદ વિજયની પ્રથમ ત્રિચી મુલાકાત, ૧ જૂને જનતાનો માનશે

ચેન્નાઈ: તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે પદ સંભાળ્યા બાદ વિજય પોતાની પ્રથમ સત્તાવાર મુલાકાતે ૧ જૂન, સોમવારે તિરુચિરાપલ્લી (ત્રિચી) જઈ રહ્યા છે. આ મુલાકાત ખૂબ જ મહત્વની છે કારણ કે વિજયે વિધાનસભા ચૂંટણી દરમિયાન ત્રિચી ઈસ્ટ બેઠક પરથી વિજય મેળવ્યો હતો, પરંતુ બાદમાં તેમણે પેરામ્બુર બેઠક જાળવી રાખીને ત્રિચીની બેઠક પરથી રાજીનામું આપ્યું હતું. આ સ્થિતિમાં, મતદારોનો આભાર માનવા માટે તેઓ ત્રિચી પહોંચી રહ્યા છે.મુખ્યમંત્રી વિજય સોમવારે સાંજે ૪ વાગ્યે ખાસ ફ્લાઈટ દ્વારા ચેન્નાઈથી ત્રિચી પહોંચશે. તેમની મુલાકાતનો મુખ્ય હેતુ શહેરના ચથિરામ બસ સ્ટેન્ડની સામે આવેલી સેન્ટ જોસેફ કોલેજમાં યોજાનારી એક 'થેંક્સગિવિંગ' (આભાર દર્શન) સભામાં ભાગ લેવાનો છે. આ કાર્યક્રમનું આયોજન તમિલગા વેટ્રી કઝગમ (TVK) ના ડેલ્ટા પ્રાદેશિક નિરીક્ષક અને અન્ય પક્ષના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. મુલાકાતને લઈને ત્રિચી શહેર પોલીસ દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે અને સંભવિત ભીડને ધ્યાનમાં રાખીને ટ્રાફિક ડાયવર્ઝનના પ્લાન પર પણ ચર્ચા કરવામાં આવી છે.મુખ્યમંત્રી તરીકેના પ્રથમ મહિનામાં વિજય સરકારે વહીવટી તંત્રમાં મોટા ફેરફાર કર્યા છે. અનેક જિલ્લા કલેક્ટરો અને વિભાગીય સચિવો સહિત વરિષ્ઠ આઈએએસ (IAS) અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે. આ ઉપરાંત, ૨૭ મેના રોજ વિજયે દિલ્હીની મુલાકાત લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ સૌજન્ય મુલાકાત કરી હતી. તે દરમિયાન તેમણે તમિલનાડુમાં 'સેન્ટર ફોર એરબોર્ન સિસ્ટમ્સ' (CABS) અને 'એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ' (AMCA) ડિઝાઈન સેન્ટર સ્થાપવાની માંગણી કરી હતી.૧૦ મેના રોજ ૧૩મા મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર વિજયે તમિલનાડુના દાયકાઓ જૂના દ્રવિડ રાજકારણના પ્રભુત્વને તોડીને એક નવો અધ્યાય શરૂ કર્યો છે.

### ગણતરી કામગીરીમાં અવરોધ અને હુમલાની પણ ઘટનાઓ

## પુણેમાં વસ્તી ગણતરીની કામગીરીમાં બેદરકારી, ત્રણ શિક્ષકો સામે નોંધાયો કેસ

પુણે: મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં વસ્તી ગણતરી ૨૦૨૭ ની મહત્વપૂર્ણ કામગીરીને લઈને ગંભીર બેદરકારી સામે આવી છે. દૌંડ તાલુકામાં સરકારી આદેશોનું ઉલ્લંઘન કરી વસ્તી ગણતરીની ડ્યુટી ન કરનાર ત્રણ શિક્ષકો સામે યવત પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટનાએ વહીવટી તંત્રમાં ભારે ચકચાર જગાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પરગાવના સર્કલ ઓફિસર શ્રીકૃષ્ણ બાબાસાહેબ શિરસાટે આ ફરિયાદ નોંધાવી છે. આરોપીઓમાં રામદાસ સાહેબરાવ બરાવકર, સુવર્ણા કનિફનાથ ખાલદકર અને સીમા સુભાષ સાબળેનો સમાવેશ થાય છે. આ ત્રણેય શિક્ષકોને વસ્તી ગણતરી ૨૦૨૭ માટે સત્તાવાર રીતે 'એન્યુમરેટર' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, તેમને વારંવાર સૂચના આપવા છતાં અને વ્હોટ્સએપ દ્વારા જાણ કરવા છતાં, તેઓએ ડ્યુટી પર હાજર રહેવાનો ઈનકાર કર્યો હતો. આ ગંભીર બેદરકારી બદલ તેમની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩(એ) અને સેન્સસ એક્ટ, ૧૯૪૮ ની કલમ ૧૧(૧) તથા ૧૧(૨) હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. વસ્તી ગણતરીની કામગીરીમાં અવરોધની આ ઘટના વચ્ચે, બીજી એક ચોંકાવનારી ઘટનામાં પુણેમાં એક મહિલા કર્મચારી અને સર્વે ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો. સ્વારગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી મીનાતાઈ ઠાકરે કોલોનીમાં વસ્તી ગણતરી માટે ગયેલી આ મહિલા પર કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. ૧૭ વર્ષથી મહાનગરપાલિકામાં સેવા આપતી આ કર્મચારી જ્યારે માહિતી એકઠી કરવા એક ઘરની મુલાકાતે ગઈ હતી, ત્યારે પરિવાર દ્વારા તેમની સાથે ગેરવર્તણૂક કરવામાં આવી હતી.

મહિલા કર્મચારીએ કરેલી ફરિયાદ મુજબ, તેને અને તેની ટીમને અભદ્ર ભાષાનો ઉપયોગ કરી ધમકાવવામાં આવી હતી. પોલીસે આ મામલે પાંચ જાણીતા અને અન્ય અજાણ્યા લોકો સામે સરકારી કામમાં અવરોધ ઉભો કરવા, જાહેર સેવકો પર હુમલો કરવા અને મહિલા કર્મચારીની મર્યાદા ભંગ કરવાના આરોપસર એફઆઈઆર નોંધી છે.વસ્તી ગણતરી એ દેશના આયોજન માટે અત્યંત મહત્વનો રાષ્ટ્રીય કાર્યક્રમ છે, જેમાં સહકાર આપવો એ દરેક નાગરિક અને સરકારી કર્મચારીની ફરજ છે. પુણેમાં બનેલી આ બંને ઘટનાઓ દર્શાવે છે કે વહીવટી તંત્રને કેટલીકવાર કર્મચારીઓની આળસ તો કેટલીકવાર લોકોના વિરોધનો સામનો કરવો પડે છે. પોલીસ દ્વારા બંને કિસ્સાઓમાં તપાસ શરૂ કરી દેવામાં આવી છે. શિક્ષકો સામેની કાર્યવાહી એ સંકેત આપે છે કે સરકારી ફરજ પ્રત્યેની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. તે

## ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ સીમાચિહ્ન હાંસલ કર્યું: તુફાનગંજથી રુદ્રપુર શહેર સુધી પ્રથમ વખત મકાઈનું લોડિંગ



માલીગાંવ : ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ માલ પરિવહનના ક્ષેત્રમાં વધુ એક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. પ્રથમ વખત, પશ્ચિમ બંગાળના અલીપુરદુઆર વિભાગ હેઠળના તુફાનગંજ સ્ટેશનથી ઉત્તરાખંડના રુદ્રપુર શહેર સ્ટેશન સુધી મકાઈનું સફળ લોડિંગ શરૂ થયું છે.

27 મે, 2026 ના રોજ, રુદ્રપુર શહેર સ્ટેશન સુધી પરિવહન માટે તુફાનગંજ સ્ટેશન પર કુલ 1,310.4 ટન મકાઈ લોડ કરવામાં આવી હતી. આ કન્સાઈન્મેન્ટથી 30,20,944 ની માલની આવક થઈ હતી.મે 2026 દરમિયાન, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ અલીપુરદુઆર વિભાગ હેઠળના સ્ટેશનો પરથી મકાઈ લોડિંગમાં નોંધપાત્ર ટ્રાફિક નોંધાવ્યો હતો, જેનાથી માલ પરિવહનમાં વધારો થયો હતો અને આવકમાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો. 15 મે, 2026 ના રોજ, ઉત્તર રેલવે હેઠળ ભટિંડા જનારા તુફાનગંજ સ્ટેશન પર મકાઈનો રેક લોડ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ, 21 મે, 2026 ના રોજ, તુફાનગંજથી ખેમકરણ માટે મકાઈનો બીજો રેક રવાના કરવામાં આવ્યો. વધુમાં, 26 મે, 2026 ના રોજ, ફલકાટા સ્ટેશનથી ખડગપુર માટે મકાઈનો એક રેક રવાના કરવામાં આવ્યો. આ ત્રણેય રેકના પરિવહનથી સામૂહિક રીતે આશરે 90.19 લાખની કુલ માલસામાનની આવક થઈ.આ નવી માલસામાન સેવાનું સફળ સંચાલન કૃષિ પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવા અને આંતર-રાજ્ય વેપાર જોડાણ વધારવામાં રેલ્વેના વધતા મહત્વ પર ભાર મૂકે છે. તે કૃષિ પેદાશોના પરિવહન માટે રેલ્વેને વિશ્વસનીય, આર્થિક અને પર્યાવરણને અનુકૂળ માધ્યમ તરીકે પ્રોત્સાહન આપવાના ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના સતત પ્રયાસોને પણ દર્શાવે છે. ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે તેના માલસામાન કામગીરીને વિસ્તૃત કરવા અને ખેડૂતો, વેપારીઓ અને વ્યવસાયિક સમુદાય માટે કાર્યક્ષમ લોજિસ્ટિક્સ ઉકેલો પ્રદાન કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આવી પહેલ રેલવે દ્વારા માલસામાનના પરિવહનને વધુ વેગ આપવાની અપેક્ષા છે, જ્યારે પ્રાદેશિક આર્થિક વિકાસ અને મજબૂત માલસામાન પરિવહનમાં પણ ફાળો આપશે.

### સીએમઆરએલ કેસમાં ઈડીના દરોડા સામે રોષ

## પીનારાઈ વિજયન સામે ઈડીની કાર્યવાહી, એની રાજાએ કેન્દ્ર સરકાર પર કર્યા આકરા પ્રહાર

વિજયવાડા: ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (CPI) ના રાષ્ટ્રીય સચિવ એની રાજાએ શનિવારે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કરતા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) નો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. કેરળના પૂર્વ મુખ્યમંત્રી પીનારાઈ વિજયનના નિવાસસ્થાને ઈડીની કાર્યવાહીને લઈને તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર જાણીજોઈને વિપક્ષી નેતાઓને નિશાન બનાવી રહી છે.તાજેતરમાં કોચીન મિનરલ્સ એન્ડ રુટાઈલ લિમિટેડ (CMRL) નામના વિવાદાસ્પદ આર્થિક વ્યવહારોના કેસમાં ઈડીએ કેરળમાં ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં પૂર્વ મુખ્યમંત્રી અને વિરોધ પક્ષના નેતા પીનારાઈ વિજયનના નિવાસસ્થાનનો પણ સમાવેશ થાય છે. આ કાર્યવાહી કેરળ હાઈકોર્ટે ઈડીની તપાસને રદ કરવાનો ઈનકાર કર્યાના એક દિવસ બાદ કરવામાં આવી હતી. આ દરોડાને લઈને ડાબેરી પક્ષોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.એની રાજાએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, "ભાજપની કેન્દ્ર સરકાર કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરીને પોતાના રાજકીય હિતો સાધવા અને વિપક્ષી નેતાઓને દબાવવા માંગે છે." તેમણે વધુમાં જણાવ્યું કે આ કેસ પહેલેથી જ અદાલતમાં છે, તો પછી ઈડીને આ મામલે પ્રવેશવાની જરૂર કેમ પડી? સીપીઆઈ (એમ) એ પણ સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે આ કાર્યવાહી રાજકીય બદલાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે. સીપીઆઈ (એમ) એ સોશિયલ મીડિયા પર પોતાની તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું કે જે નેતાઓ ભાજપ અને સંઘ પરિવારની રાજનીતિ સામે ઝુકતા નથી, તેમને ઈડી, સીબીઆઈ અને આવકવેરા વિભાગ જેવી એજન્સીઓના ડરથી નિશાન બનાવવામાં આવે છે.

## કર્ણાટકમાં નવા મુખ્યમંત્રી તરીકે ડી.કે. શિવકુમારના નામ પર મહોર, સતીશ જારકીહોલીનું નિવેદન

બેંગલુરુ: કર્ણાટકમાં સરકાર ગઠનની પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં છે. સિદ્ધારમૈયાના રાજીનામા બાદ રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે ડી.કે. શિવકુમારના નામ પર લગભગ સહમતી સધાઈ ગઈ હોય તેવું સ્પષ્ટ જણાય છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સતીશ જારકીહોલીએ શનિવારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "ડી.કે. શિવકુમાર જ કર્ણાટકના આગામી મુખ્યમંત્રી બનશે, તેમાં કોઈ શંકા નથી."બેંગલુરુની શંગરી લા હોટલમાં કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલ, કર્ણાટક પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા અને અન્ય વરિષ્ઠ નેતાઓ એકઠા થયા છે. આજે સાંજે વિધાનસભામાં કોંગ્રેસ સંસદીય પક્ષ (CPP) ની બેઠક યોજાવાની છે, જે અગાઉ પક્ષના નેતાઓ વચ્ચે પ્રાથમિક બેઠકોનો દોર ચાલી રહ્યો છે. સતીશ જારકીહોલીએ જણાવ્યું હતું કે, "હાઈકમાન્ડે નિર્ણય લઈ લીધો છે કે ડી.કે. શિવકુમાર જ આગામી સીએમ હશે. સિદ્ધારમૈયાએ પોતે પણ આ બાબતની પુષ્ટિ કરી છે."સતીશ જારકીહોલીએ સિદ્ધારમૈયાના ભાવિ અંગે પણ મહત્વની વાતો કહી હતી. તેમણે જણાવ્યું હતું કે પક્ષ દ્વારા સિદ્ધારમૈયાને રાજ્યસભાની સીટની ઓફર કરવામાં આવી હતી, પરંતુ તેમણે તે ઠુકરાવી દીધી છે. તેઓ રાજ્યના રાજકારણમાં જ સક્રિય રહેવા માંગે છે અને તેમનું લક્ષ્ય ૨૦૨૮માં ફરી એકવાર કોંગ્રેસને સત્તામાં લાવવાનું છે. સિદ્ધારમૈયાના પુત્ર યતીન્દ્ર સિદ્ધારમૈયાને મંત્રીમંડળમાં સ્થાન મળશે કે કેમ, તે પ્રશ્ન પર જારકીહોલીએ કહ્યું કે આ નિર્ણય સંપૂર્ણપણે પક્ષના નેતૃત્વ એટલે કે હાઈકમાન્ડ પર નિર્ભર છે. ડી.કે. શિવકુમારે રાજ્યપાલ થાવરચંદ ગેહલોત સાથે મુલાકાત કરીને તેમને વિધાનસભામાં યોજાનારી કોંગ્રેસ સંસદીય પક્ષની બેઠક વિશે માહિતગાર કર્યા છે. સિદ્ધારમૈયાએ બુધવારે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ રાજ્યના રાજકારણમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી હતી. હવે નવા મુખ્યમંત્રીની સત્તાવાર જાહેરાત અને મંત્રીમંડળના વિસ્તરણના સમાચાર પર સમગ્ર રાજ્યની નજર છે.કર્ણાટકની આ નવી સરકાર સામે જૂની સરકારના વિકાસના કાર્યોને આગળ વધારવાનો મોટો પડકાર છે. સતીશ જારકીહોલીએ આશા વ્યક્ત કરી હતી કે ડી.કે. શિવકુમાર સિદ્ધારમૈયાના કાર્યકાળમાં થયેલા સારા કામોને ગતિ આપશે.

### દરરોજ ૧૨૦૦ ટન કચરામાંથી બનશે ૨૮ ટન બાયોગેસ

## નાગપુરમાં કચરામાંથી ઉર્જાનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ, સીએમ ફડણવીસે કરી સમીક્ષા

મુંબઈ: મહારાષ્ટ્રના નાગપુરમાં કચરાના નિકાલ માટે એક ક્રાંતિકારી પહેલ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે ભંડેવાડી ખાતે બની રહેલા દેશના પ્રથમ 'ઈન્ટિગ્રેટેડ મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ પ્રોસેસિંગ ફેસિલિટી' પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી અને તેની પ્રગતિની સમીક્ષા કરી હતી. આ પ્રોજેક્ટ દ્વારા નાગપુરને કચરામુક્ત શહેર બનાવવાની સાથે સાથે ગ્રીન એનર્જીનું પણ ઉત્પાદન કરવામાં આવશે.આ પ્રોજેક્ટ લગભગ ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કેવા સુસ બડે ગ્રુપ દ્વારા ખાનગી રોકાણ હેઠળ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ ફેસિલિટી દરરોજ આશરે ૧,૨૦૦ મેટ્રિક ટન મ્યુનિસિપલ કચરા પર પ્રક્રિયા કરશે અને તેમાંથી લગભગ ૨૮ ટન બાયોગેસનું ઉત્પાદન કરશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ત્રણ તબક્કામાં અમલમાં મુકાઈ રહ્યો છે અને ઓગસ્ટ મહિના સુધીમાં તે સંપૂર્ણપણે કાર્યરત થઈ જવાની અપેક્ષા છે. આ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતા બાયોગેસનો ઉપયોગ શહેરની લગભગ ૧૯૮ બસોને સીએનજી (CNG) ના સ્વરૂપમાં ગ્રીન એનર્જી પૂરી પાડવા માટે કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડેલ પર આધારિત હોવાથી નાગપુર મહાનગરપાલિકા પર કોઈ નાણાકીય બોજ પડશે નહીં. ઊલટું, પાલિકાને ગેસના વેચાણમાંથી વાર્ષિક ૧૫ લાખ રૂપિયાની રોયલ્ટી પણ મળશે. આ સાથે જ ભીના કચરામાંથી ખાતર અને સૂકા કચરામાંથી ઈંધણના પેલેટ્સ પણ બનાવવામાં આવશે. નાગપુર મહાનગરપાલિકાએ આ ફેસિલિટી માટે ૩૦ એકર જમીન ફાળવી છે. આ પ્રોજેક્ટ લેન્ડફિલ સાઈટ્સ પરની નિર્ભરતા ઘટાડવા માટે ગેમ-ચેન્જર સાબિત થશે. કચરાને વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રોસેસ કરવાથી શહેરના કચરાના નિકાલનો બોજ ઘટશે અને તે પર્યાવરણીય રીતે ટકાઉ રહેશે. મુખ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પ્રોજેક્ટ ટકાઉ કચરા વ્યવસ્થાપન અને પર્યાવરણ સંરક્ષણમાં દેશ માટે એક રાષ્ટ્રીય બેન્ચમાર્ક બનશે. નાગપુર શહેર જે રીતે ૧,૩૦૦ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવાની સમસ્યા સાથે ઝઝૂમી રહ્યું હતું, તેના માટે આ 'વેસ્ટ-ટુ-રિસોર્સ' ઈકોસિસ્ટમ એક કાયમી ઉકેલ છે. આ પ્રોજેક્ટ માત્ર શહેરને સ્વચ્છ જ નહીં રાખે, પરંતુ ગ્રીન એનર્જીના ઉત્પાદન દ્વારા ઉર્જા ક્ષેત્રે પણ સ્વાવલંબી બનાવશે. ઓગસ્ટ મહિનામાં જ્યારે આ પ્રોજેક્ટ સંપૂર્ણ કાર્યરત થશે, ત્યારે તે દેશના અન્ય મહાનગરો માટે પણ એક મોડેલ તરીકે ઉભરી આવશે.

### આતંકીઓ પાસેથી વિસ્ફોટકો અને શસ્ત્રોનો મોટો જથ્થો કબજે

## દિલ્હીમાં આતંકી કાવતરું નિષ્ફળ, દાઉદ-આઈએસઆઈ નેટવર્ક સાથે જોડાયેલા ૯ ઝડપાયા

નવી દિલ્હી: રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એક મોટું આતંકી કાવતરું નિષ્ફળ બનાવવામાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને મોટી સફળતા મળી છે. દાઉદ ઈબ્રાહિમ નેટવર્ક અને પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ (ISI) સાથે જોડાયેલા એક મોટા આતંકી મોડ્યુલનો પર્દાફાશ કરીને પોલીસે ૯ શખ્સોની ધરપકડ કરી છે. આ લોકો રાજધાનીમાં મહત્વપૂર્ણ સ્થાપનાઓ, સુરક્ષાકર્મીઓ અને ધાર્મિક સ્થળોને નિશાન બનાવવાનું કાવતરું ઘડી રહ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા લોકોમાં નેપાળી મૂળના કેટલાક વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે. આ આતંકી મોડ્યુલ લાંબા સમયથી આઈએસઆઈના ઈશારે કાર્યરત હતું અને દિલ્હીમાં હુમલા કરવાની યોજના બનાવી રહ્યું હતું. ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી પોલીસે મોટા પ્રમાણમાં હથિયારો, હેન્ડ ગ્રેનેડ અને અત્યાધુનિક વિસ્ફોટક પદાર્થો કબજે કર્યા છે, જેનાથી એક મોટી હોનારત ટળી ગઈ છે. દિલ્હી પોલીસ હવે આ મોડ્યુલના ફંડિંગ, ભરતીની રીત અને સ્થાનિક મદદગારો અંગે ઊંડાણપૂર્વકની તપાસ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં આ ધરપકડ કરાયેલા આરોપીઓના પાકિસ્તાની હેન્ડલર્સ અને મુંબઈ અંડરવર્લ્ડ નેટવર્ક સાથેના સંબંધો હોવાનું સામે આવ્યું છે. નોંધપાત્ર છે કે, એક મહિના પહેલા જ ભારતીય એજન્સીઓએ દાઉદ ઈબ્રાહિમના મુખ્ય સાથીદાર મોહમ્મદ સલીમ ડોલાની તુર્કીથી ધરપકડ કરીને તેને ભારત લાવવામાં સફળતા મેળવી હતી. ડોલાની ધરપકડ બાદ ડી-કંપનીના ડ્રગ્સ અને હવાલા નેટવર્ક વિશે મહત્વની માહિતી મળી રહી છે.આતંકીઓનું મુખ્ય લક્ષ્ય દિલ્હીના ઉચ્ચ સુરક્ષા ધરાવતા વિસ્તારો, મહત્વપૂર્ણ સરકારી સ્થાપનાઓ, સુરક્ષા દળોના જવાનો અને પ્રતિષ્ઠિત ધાર્મિક સ્થળો હતા. આ મોડ્યુલને તોડીને દિલ્હી પોલીસે રાજધાનીની સુરક્ષા વ્યવસ્થા પર તોળાતા ખતરાને દૂર કર્યો છે. તપાસમાં હવે એ પણ જોવામાં આવશે કે આ આતંકીઓ અન્ય કયા સ્થળોએ હુમલો કરવાનું આયોજન કરી રહ્યા હતા અને તેમને સ્થાનિક સ્તરે કોણે લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે દાઉદનું નેટવર્ક અને આઈએસઆઈ હવે ભારતમાં અસ્થિરતા ફેલાવવા માટે સ્થાનિક સ્તરે સ્લીપર સેલનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. મોહમ્મદ સલીમ ડોલાની કસ્ટડીમાંથી મળતી વિગતો અને આ નવા આતંકી મોડ્યુલના ખુલાસાથી આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા આતંકવાદી અને ડ્રગ્સના ગઠબંધનનો પર્દાફાશ થયો છે. દિલ્હી પોલીસની આ કાર્યવાહી એ વાતનું પ્રતીક છે કે દેશની સુરક્ષા એજન્સીઓ આવા નાપાક ઈરાદાઓને રોકવા માટે સતર્ક છે. આગામી દિવસોમાં પોલીસની તપાસ જેમ આગળ વધશે તેમ આ આતંકી કાવતરા સાથે જોડાયેલા વધુ ચહેરાઓ સામે આવી શકે છે.

સિટી એક્સપ્રેસ
SUNDAY 31 MAY-2026
AHMEDABAD

## સિવિલમાં ઈબોલા શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ

અમદાવાદ | અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી ઈબોલા વાયરસની દહેશત અને ચિંતા વચ્ચે આજે અત્યંત રાહતના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા ઈબોલા વાયરસના બીજા શંકાસ્પદ દર્દીનો મેડિકલ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. આ રિપોર્ટ નેગેટિવ જાહેર થતાં જ અસારવા સિવિલ હોસ્પિટલના તબીબો, વહીવટી તંત્ર તેમજ સ્થાનિક નગરજનોએ મોટો હાશકારો અનુભવ્યો છે. ઘટનાની મળતી માહિતી માહિતી, આ દર્દીમાં ઈબોલા વાયરસને મળતા આવતા પ્રાથમિક લક્ષણો જોવા મળ્યા હતા.

## AMC ફૂડ વિભાગે મે મહિનામાં 1464 એકમોની કરી તપાસ

અમદાવાદ |AMCના હેલ્થ-ફૂડ વિભાગ દ્વારા શહેરીજનોના આરોગ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મે મહિના દરમિયાન એક મોટું ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત ટીમ દ્વારા ફૂડ સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓ સામે કડક કાયદાકીય પગલાં ભરવામાં આવ્યા છે. તંત્રની આ આકરી કાર્યવાહીથી અખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી સઘન તપાસ દરમિયાન મે મહિનામાં કુલ 1464 જેટલા ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા એકમોનું આકસ્મિક ચેકિંગ કરવામાં આવ્યું હતું.



# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની નારાયણા હોસ્પિટલમાં રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરનો પ્રારંભ કરાવ્યો

### કેન્સર જેવા ગંભીર રોગના દર્દીઓને ઝડપી અને વધુ સચોટ સારવાર માટે અતિઆધુનિક 'હેલ્સિયન' (Halcyon) ટેકનોલોજીથી સજ્જ રેડિયેશન ઓન્કોલોજી સેન્ટર કાર્યરત થયું

(એજન્સી) અમદાવાદ | તા. 30

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નારાયણા હોસ્પિટલ, અમદાવાદના નવા રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો.કેન્સરની સારવારને વધુ સુલભ અને અસરકારક બનાવવાની દિશામાં નારાયણ હોસ્પિટલે એક મહત્વપૂર્ણ કદમ ભર્યુ છે. મુખ્યમંત્રીશ્રીએ આ સેન્ટરની મુલાકાત લઈ ને હોસ્પિટલ દ્વારા અપાતી સેવાઓની માહિતી મેળવી હતી. આ કેન્દ્ર 'હેલ્સિયન (Halcyon) રેડિયેશન થેરાપી સિસ્ટમ'થી સજ્જ છે અને આ સારવાર પદ્ધતિ ખાસ કરીને અદભુત ઝડપ અને ચોકસાઈ માટે જાણીતી છે. કેન્સરના ટ્યુમરની આસપાસના તંદુરસ્ત કોષો (ટિશ્યુઝ) પર થતી આડઅસરને



**અમદાવાદની નારાયણા હોસ્પિટલમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અત્યાધુનિક 'હેલ્સિયન' ટેકનોલોજીથી સજ્જ રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સુવિધાથી કેન્સરના દર્દીઓને એક જ સ્થળે સંપૂર્ણ સારવાર મળશે**

નહિવત કરીને હાઈ-પ્રિસિઝન, ઈમેજ-ગાઈડેડ સારવાર આ ટેક્નોલોજી દ્વારા પૂરી પાડવામાં આવશે. આ નવા રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરના પ્રારંભ સાથે અમદાવાદની નારાયણા હોસ્પિટલમાં હવે મેડિકલ ઓન્કોલોજી, સર્જિકલ ઓન્કોલોજી અને રેડિયેશન ઓન્કોલોજી એમ ત્રણેય વિભાગો ઉપલબ્ધ થયા છે અને 'ઈન્ટિગ્રેટેડ કેન્સર કેર' સારવાર શક્ય બની છે.એટલું જ નહિ, અમદાવાદ અને આસપાસના જિલ્લાના લોકોને હવે કેન્સરની સંપૂર્ણ સારવાર સરળતાએ એક જ સ્થળે થી મળી રહેશે. આ વેળાએ નારાયણા હેલ્થના સ્થાપક અને ચેરમેન ડૉ. દેવી શેટ્ટી , ફેસિલિટી ડાયરેક્ટર શ્રી હેમંત ભટનાગર, કન્સલ્ટન્ટ રેડિયેશન ઓન્કોલોજિસ્ટ ડૉ. તસ્નીમ નલવાલા તેમજ ગણમાન્ય તબીબો, આમંત્રિતો અને હોસ્પિટલના સેવાકર્મીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## લગ્નના વાયદા આપી વારંવાર દુષ્કર્મ આચનાર આરોપીની ધરપકડ

(એજન્સી) અમદાવાદ | તા. 30

અમદાવાદના મકરબા વિસ્તારમાં રહેતી 21 વર્ષીય યુવતીને લગ્નની ખોટી લાલચ આપી તેની સાથે વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભોગ બનનાર યુવતીએ આ અંગે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને આરોપી વિજય જયરામભાઈ બાવળવાની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી વિજય બાવળવા ભોગ બનનાર યુવતીના મોટા ભાઈનો મિત્ર હતો. આથી તેનું યુવતીના ઘરે અવારનવાર આવવા-જવાનું થતું હતું. આ દરમિયાન બંને વચ્ચે પરિચય વધ્યો અને સામાન્ય મુલાકાતો ધીમે-ધીમે પ્રેમ સંબંધમાં પરિણમી હતી. બંને ફોન પર તેમજ રૂબરૂમાં નિયમિત સંપર્કમાં રહેતા હતા અને એકાદ વર્ષના સમયગાળામાં આરોપીએ યુવતીને લગ્નનો પ્રસ્તાવ મૂકીને તેની સાથે લગ્ન કરવાની પાકી ખાતરી આપી હતી. લગ્નના વાયદાઓ આપ્યા બાદ આરોપી વિજયે છ-સાત મહિના પહેલાં યુવતી પર શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કરવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં યુવતીએ મનાઈ કરી હતી, પરંતુ વિજયે વહેલી તકે લગ્ન કરી લેવાનું કહીને તેને વિશ્વાસમાં લીધી હતી.

## IPL ફાઈનલ માટે BRTS 52 વિશેષ બસ દોડાવશે, મોડી રાત સુધી ક્રિકેટ રસિકોને મળશે સુવિધા

(એજન્સી) અમદાવાદ | તા. 30

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રવિવારે (31 મે, 2026) ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે IPL-2026ની ફાઈનલ મેચ રમાશે. IPL-2026ના મેચના રોમાંચ વચ્ચે ક્રિકેટ પ્રેમીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. આવતીકાલે રવિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાનારી મેચને ધ્યાનમાં રાખીને અમદાવાદ જનમાર્ગ લિમિટેડ (BRTS) દ્વારા ક્રિકેટ રસિકોને સ્ટેડિયમ આવવા-જવા માટે વધારાની બસની વ્યવસ્થા કરવામાં આવી છે.મેચ રવિવારે સાંજે 7:30 કલાકે શરૂ થવાની હોવાથી મુસાફરોની સગવડ માટે BRTS બસની સુવિધા સવારે 6 વાગ્યાથી લંબાવીને મોડી રાત્રે 1 કલાક સુધી ચાલુ રાખવામાં આવશે. જેમાં રૂટીન 36 બસોની સાથે વધુ 16 એક્સ્ટ્રા બસો મળીને કુલ 52 બસો દોડાવાશે. બપોરે 3:30 કલાકથી મેચ પૂર્ણ થાય ત્યાં સુધી 11 રેગ્યુલર બસોને ડાયવર્ટ કરીને સીધી વિસત જંકશન (નરેન્દ્ર મોદી સ્ટેડિયમ) સુધી દોડાવવામાં આવશે.



### કયા રૂટ પર કેટલી વધારાની બસો?

તંત્ર દ્વારા વિવિધ વિસ્તારોને જોડતા ખાસ રૂટ નક્કી કરવામાં આવ્યા છે.

- ઈસ્કોનથી વિસત જંકશન: 04 બસો.
- એરપોર્ટથી વિસત જંકશન: 03 બસો.
- વિસતથી નારોલ (કાલુપુર, ગીતામંદિર થઈને): 02 બસો.
- એલ.ડી. એન્જી./નેહરુનગરથી વિસત જંકશન: 02 બસો.
- વિસત જંકશન (રાત્રે 10:30 પછી): 05 સ્પેશિયલ બસો.

# અરવલ્લી-મહીસાગરમાં વરસાદ, 11 જિલ્લામાં આગાહી:રાજકોટનું તાપમાન એકઝાટકે 3.7° ગગડ્યું; 6 દિવસ વાતાવરણ તોફાની રહેશે, UP-બિહારમાં વરસાદથી 48નાં મોત

ગુજરાત | ગુજરાતમાં અસહ્ય ઉકળાટ અને કાળઝાળ ગરમી વચ્ચે હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હવામાન વિભાગની આગાહી પગલે આજે (30 મે) વહેલી સવારથી જ અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં કાળાડિબાંગ વાદળો સાથે ધોધમાર વરસાદ ખાબક્યો છે. મેઘરાજાના આ ધમાકેદાર આગમનની સાથે જ વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી ગઈ છે.

વરસાદી વાતાવરણને પગલે રાજ્યભરના તાપમાનમાં પારો ગગડ્યો છે, જેમાં ખાસ કરીને રાજકોટના મહત્તમ તાપમાનમાં એકઝાટકે 3.7 ડિગ્રીનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. 43.1 ડિગ્રી સાથે અમદાવાદ રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. હવામાન વિભાગે આગામી 6 દિવસ સુધી રાજ્યમાં ભારે પવન અને ગાજવીજ સાથે તોફાની વાતાવરણ રહેવાની ચેતવણી આપી હોવાથી, ખેડૂતોને પોતાના ઊભા પાક અને ઘાસચારાને સુરક્ષિત સ્થળે ખસેડી લેવા ખાસ અપીલ કરવામાં આવી છે.

ઉત્તર પ્રદેશમાં છેલ્લા 24 કલાકમાં વાવાઝોડાને કારણે 31 લોકોના મોત થયા છે. જ્યારે બિહારમાં છેલ્લા 24 કલાકમાં વાવાઝોડા-વરસાદ અને વીજળી પડવાથી 17 લોકોના મોત થયા છે.\ છેલ્લા 24 કલાકમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. સૌથી વધુ ઘટાડો રાજકોટ શહેરમાં જોવા મળ્યો છે, જ્યાં તાપમાન 43.6 સેલ્સિયસથી

### છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં 1થી 4 ડિગ્રીનો ઘટાડો

છેલ્લા 24 કલાકમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. સૌથી વધુ ઘટાડો રાજકોટ શહેરમાં જોવા મળ્યો છે, જ્યાં તાપમાન 43.6 સેલ્સિયસથી સીધું 3.7 ઘટીને 39.9C થઈ ગયું છે. ત્યારબાદ સુરેન્દ્રનગરમાં તાપમાન 44.7Cથી 3.2C ઘટીને 41.5C અને ડીસામાં 42.2થી 4.1નો મોટો ઘટાડો થઈને 38.1 સેલ્સિયસ નોંધાયું છે. અમરેલીમાં 2.4નો ઘટાડો (41.9થી 39.5), કંડલા એરપોર્ટ પર 2.4નો ઘટાડો (40થી 37.6) અને કંડલામાં 1.3નો ઘટાડો (37.8થી 36.5) થયો છે.



સીધું 3.7 ઘટીને 39.9C થઈ ગયું છે. ત્યારબાદ સુરેન્દ્રનગરમાં તાપમાન 44.7Cથી 3.2C ઘટીને 41.5C અને ડીસામાં 42.2થી 4.1નો મોટો ઘટાડો થઈને 38.1 સેલ્સિયસ નોંધાયું છે. અમરેલીમાં 2.4નો ઘટાડો (41.9થી 39.5), કંડલા એરપોર્ટ પર 2.4નો ઘટાડો (40થી 37.6) અને કંડલામાં 1.3નો ઘટાડો (37.8થી 36.5) થયો છે.

બીજી તરફ, રાજ્યના પાટનગર ગાંધીનગરમાં 0.8 (43.5થી 42.7) અને અમદાવાદમાં 1.3 (44.4થી 43.1)નો ઘટાડો નોંધાતા લોકોને અસહ્ય ગરમીથી થોડી રાહત મળી છે. આ ઉપરાંતના જિલ્લાઓમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. જ્યારે આખા રાજ્યમાં માત્ર દમણ અને પોરબંદર જ એવા બે વિસ્તારો છે, જ્યાં તાપમાન ઘટવાને બદલે સહેજ વધ્યું છે. ટૂંકમાં, દરિયાકાંઠાના વિસ્તારો સિવાયના અન્ય તમામ આંતરિક શહેરો અને ખાસ કરીને સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં છેલ્લા 24 કલાકમાં પારો નોંધપાત્ર ગગડ્યો છે. આગામી 7 દિવસ દરમિયાન સમગ્ર રાજ્યમાં મહત્તમ તાપમાનમાં હજુ 3થી 5Cનો ક્રમિક ઘટાડો થવાની શક્યતા છે.

અરવલ્લી જિલ્લામાં વહેલી સવારથી જ હવામાનમાં અચાનક પલટો આવ્યો છે અને લાંબા સમયની અસહ્ય ગરમી તેમજ બફારા બાદ મેઘરાજાની એન્ટ્રી થતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે. હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી આગાહી અનુસાર, આજે 30 મેના રોજ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના મુખ્ય મથક મોડાસા, માલપુર અને ભિલોડા તાલુકા સહિત પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી પંથકમાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ ખાબક્યો છે.

ગ્રામ્ય વિસ્તારોની સ્થિતિ પર નજર કરીએ તો માલપુર નગર ઉપરાંત ભિલોડાના વાશેરાકંપા અને સુનોખ તેમજ મોડાસાના ઈસરોલ (ઈસરી), જીતપુર અને જીવણપુર પંથકમાં પણ સારો એવો વરસાદ નોંધાયો છે.

# ખાખીનું માનવીય રૂપ

## નડિયાદ જેલની પોલીસે મહિલા કેદીને નવજાત શિશુ સાથે વતન પહોંચાડી




ગુજરાત પોલીસ વડા ડો. કે.એલ.એન રાવનાં માર્ગદર્શનમાં નડિયાદ જિલ્લા જેલ પોલીસે વિશેષ વાહનની વ્યવસ્થા કરી અને આ સ્થળારીત (માઇગ્રન્ટ) મહિલા આરોપીને તેના વતન મધ્યપ્રદેશનાં અલીરાજપુર જિલ્લામાં પહોંચાડી અને પરિવાર સાથે મિલન કરાવ્યું

અમદાવાદ | વહીવટીતંત્ર જ્યારે માનવીય સંવેદનાને ઉજાગર કરે છે ત્યારે ભલભલાની આંખો ભીંજાઇ જાય છે. આવી જ ઘટના નડીયાદ જિલ્લા જેલમાં બની છે. જેલમાં રહેલી એક શ્રમિક પરિવારની મહિલા આરોપીએ બાળકને જન્મ આપ્યો ત્યારે તેને તેણીના પરિવારમાંથી કોઈ લેવા આવ્યું નહીં. આ સમયે ગુજરાત પોલીસ તેની વાલી બની અને ખાખીમાં ધબકતા હૃદયનો પરિચય કરાવ્યો ને એક પરિવારની ભૂમિકા ભજવીને ગુજરાત પોલીસ છેક મધ્યપ્રદેશ મૂકવા ગઈ. થોડા દિવસો પહેલા આણંદ જિલ્લાનાં ખંભાત ખાતે પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સુયલ ઓફેન્સિસ (POCSO) એક્ટ, 2012, હેઠળ એક ગુન્હો નોંધાયો હતો. આ ગુન્હામાં એક સહ-આરોપી સગર્ભા મહિલા નડિયાદ જિલ્લામાં જેલમાં બે વર્ષનાં એક બાળક સાથે આવી હતી. આ મહિલાનાં દિયરે સગીર વયની છોકરીને ભગાડી જતા આ મહિલાનાં પતિ અને દિયર સામે ગુન્હો નોંધાયો હતો. આ મહિલા તેમાં સહ-આરોપી હતી.મુળ મધ્યપ્રદેશનાં અલીરાજપુર જિલ્લાનો વતની આ પરિવાર સ્થળાંતર કરી મજુરી માટે આણંદ જિલ્લામાં આવ્યો હતો. નડિયાદ જિલ્લા જેલમાં જ્યારે આ મહિલા આવી ત્યારે તે સગર્ભા હતી. 21 મેનાં રોજ આ મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા સૌ પ્રથમ તેને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવી અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેણે પુત્રને જન્મ આપ્યો. સારવાર પુરી થયા પછી આ મહિલા કેદીને તેના નવજાત શિશુ સાથે પાછી નડિયાદ જિલ્લા જેલમાં લઇ આવવામાં આવી. આ મહિલા કેદી (કાચા કામના કેદી) હવે બે વર્ષનાં બાળક અને ચાર દિવસનાં નવજાત શિશુ સાથે જેલમાં રહેતી હતી."આ મહિલાને સ્થાનિક અદાલતમાંથી જામીન તો મળી ગયા હતા પણ તેને મુક્ત કરાવવા માટે તેના સગા-સંબધીઓમાંથી કોઇ આવ્યું નહીં. પતિ અને દિયર જેલમાં હતા. પરિવાર અત્યંત ગરીબ હતો. સ્થળાતંરિત અને ગરીબ મહિલાને વ્હારે કોણ આવે?

## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત



(એજન્સી) અમદાવાદ | તા. 30

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ-પટના સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન નું વિવરણ નીચે મુજબ છે: ટ્રેન નં. 09447 અમદાવાદ - પટના સ્પેશિયલ, જે અગાઉ 27 મે, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને 03 જૂન, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે.ટ્રેન નં. 09448 પટના - અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ 29 મે, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને 05 જૂન, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે.ટ્રેન સંખ્યા 09447ના વિસ્તૃત ફેરાઓ માટે બુકિંગ 31-05-2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા IRCTC Rail Connect એપ/વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના તથા સમય અંગે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry.indianrail.gov પર મુલાકાત લઈ શકે છે.

## જોધપુર મંડળના સમદડી-લૂણી રેલવે સેક્શનમાં RUB બાંધકામ માટે બ્લૉકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

(એજન્સી) અમદાવાદ | તા. 30

ઉત્તર પશ્ચિમ રેલવેના જોધપુર મંડળમાં સમદડી-લૂણી રેલવે સેક્શનમાં દૂદિયા-દુંદાડા સ્ટેશનો વચ્ચે RUB બાંધકામ માટે બ્લૉક લેવામાં આવી રહ્યો છે. આ બ્લૉકને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે.

આંશિક રદ ટ્રેન : 31 મે અને 07 જૂન 2026 ના રોજ ટ્રેન નંબર 14893 ભગત કી કોઠી-પાલનપુર એક્સપ્રેસ ભગત કી કોઠી-સમદડી વચ્ચે આંશિકરૂપે રદ રહેશે તથા આ ટ્રેન ફક્ત સમદડીથી પાલનપુર વચ્ચે સંચાલિત કરવામાં આવશે.

માર્ગ પરિવર્તિત ટ્રેનો : 31 મે અને 07 જૂન 2026 ના રોજ ટ્રેન નંબર 20486 સાબરમતી-જેસલમેર એક્સપ્રેસ પોતાના નિર્ધારીત માર્ગ મહેસાણા-ભીલડી-લૂણીને બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા-મારવાડ જંકશન-લૂણીના રસ્તે ચાલશે.આ દરમિયાન આ ટ્રેન ઊંઝા, સિદ્ધપુર, પાલનપુર, આબૂ રોડ, પિંડવાડા, સુમેરપુર જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ જંકશન અને પાલી મારવાડ સ્ટેશનો પર રોકાશે. 31 મે અને 07 જૂન 2026 ના રોજ 20485 જેસલમેર-સાબરમતી એક્સપ્રેસ પોતાના નિર્ધારીત માર્ગ લૂણી-ભીલડી-મહેસાણાને બદલે પરિવર્તિત માર્ગ લૂણી-મારવાડ જંકશન-મહેસાણાના રસ્તે ચાલશે. આ દરમિયાન આ ટ્રેન પાલી મારવાડ, મારવાડ જંકશન, રાની, ફાલના, સુમેરપુર જવાઈ બાંધ, પિંડવાડા, આબૂ રોડ, પાલનપુર, સિદ્ધપુર અને ઊંઝા સ્ટેશનો પર રોકાશે. યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા આરંભ કરે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry. indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## વાપી નજીકના કોચરવા ગામેથી 416 ગ્રામ ગાંજાના જથ્થા સાથે 3 આરોપી પકડાયા

વલસાડ | વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે નાનાપોંઢા તાલુકાના કોચરવા ગામે ખુલ્લી જગ્યામાં છાપો મારી ત્રણ શખ્સોને પકડી પાડી 416 ગ્રામ ગાંજાનો જથ્થો જપ્ત પકડી પાડ્યો હતો. પોલીસે ગાજો, ત્રણ મોબાઈલ, રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નાનાપોંઢાના કોચરવા ગામે વડીયાવાડમાં અશોકભાઇની ચાલીની પાછળ ખુલ્લી જગ્યામાં છાપો માર્યો હતો. જે દરમિયાન ત્રણ શખ્સને પકડી પુછપરછ કરી હતી. તપાસ દરમિયાન સફેદ કલરનો પાવડર ભરેલી પ્લાસ્ટિકની કોથળી મળી આવી હતી. પરિક્ષણ કરતા ગાંજો હોવાનું ફલિત થતા 416 ગ્રામ ગાજો, ત્રણ મોબાઈલ, રૂ.5290 સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે ત્રણ આરોપી કલીમ ઉર્ફ હકલા અલીમુદ્દીન સૈયદ, (ઉ.વ.32, રહે. ગાયત્રીનગર, ગાલામસાલા, છીરી, વાપી), વિશાલ જીપુ ગંજુ (ઉ.વ.25, રહે. ધીરૂભાઈની ચાલ, વડીયાવાડ, કોચરવા, નાનાપોંઢા) અને આકાશ મુન્ના ગુપ્તા (ઉ.વ.24, રહે. શાંતિનગર, નવીનગરી, ગાલામસાલા, છીરી, વાપી)ની ધરપકડ કરી હતી. નાનાપોંઢા પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# 1.19 કરોડની દારૂની પેટીઓના થપ્પા ને થપ્પા : ઉદયપુરથી બરોડા જતો હતો



(એજન્સી) અમદાવાદ | તા. 30

અમદાવાદના નિકોલ રિંગ રોડ પર દાસ્તાન સર્કલ પાસેથી મોડી રાતે PCBની ટીમે દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું છે. કન્ટેનર ઉદયપુરથી આવ્યું હતું જે બરોડા ડિલિવરી માટે જઈ રહ્યું હતું. પરંતુ પોલીસે દાસ્તાન સર્કલ પાસે જ ઝડપી પાડ્યું હતું.પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી 1.19 કરોડના દારૂ સહિત 1.34 કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.

PCBના પીઆઇ જે.પી જાડેજાની ટીમને બાતમી મળી હતી કે, દાસ્તાન સર્કલ પાસેથી દારૂ ભરેલું કન્ટેનર નીકળવાનું છે. જેથી PCBની ટીમ વોચમાં હતી ત્યારે દાસ્તાન સર્કલ પાસે એક કન્ટેનર આવ્યું હતું. જેને ટ્રાફિક જામ કરીને રોકવામાં આવ્યું હતું. ત્યારબાદ ડ્રાઈવરને પૂછતા ટ્રકમાં રિસાયક્લિંગ પ્લાસ્ટિક વેપર્સ હોવાનું જણાવ્યું હતું જેની બિલ્ટી પણ ડ્રાઈવરે આપી હતી.

PCBની ટીમે ટ્રકનું સીલ તોડીને તપાસ કરી ત્યારે કાળા કલરની તાડ પતરી ઢાંકેલી હતી જે ખોલીને જોતા ખાખી પૂંઠાના ઘણા બોક્ષ મળી આવ્યા હતાં.જે બોક્ષમાં તપાસ કરતાં બોક્સમાંથી દારૂની બોટલો મળી આવી હતી.

ટ્રકમાંથી 22668 દારૂની બોટલો મળી આવી હતી, જેની કિંમત 1.19 કરોડ છે જે કબજે કરવામાં આવી છે. PCBએ ડ્રાઈવર હનુમાનરામ ચૌધરીની ધરપકડ કરી હતી. દારૂ સહિત કુલ 1.34 કરોડનો મુદ્દામાલ કબજે કરી નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, હનુમાનરામ ડ્રાઈવરને ઉદયપુરમાં રહેતા રવિ નામના વ્યક્તિએ દારૂનો જથ્થો ભરી આપ્યો હતો. આ દારૂની ડિલિવરી કરવા ડ્રાઈવરને 50 હજાર રૂપિયા આપવામાં આવ્યા હતાં. આ દારૂનો જથ્થો બરોડામાં ડિલિવરી આપવાનો હતો. બરોડા પહોંચ્યા બાદ અજાણ્યો વ્યક્તિ ટ્રક લઈને ખાલી કરીને પરત આપો જવાનો હતો. નિકોલ પોલીસે ડ્રાઈવર સહિત ચાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...